
૨૯/૪૦૨

# કલ્યાણ



| | | | | |
|---|---|---|---|---|
| વર્ષ : ૧૮ | બીજો જેઠ | : સંપાદક : | જુન | વીર સં. |
| અંક : ૪ | ૨૦૧૭ | સોમચંદ ડી. શાહ | ૧૯૬૧ | ૨૪૮૭ |

# વિષય દર્શન


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ઉઘડતે પાને : | સં. | ૨૨૧ |
| ચુડેલનો વાંસો | વૈદ્ય મો. ચુ. ધામી | ૨૨૩ |
| અનુભવની એરણ પરથી : | સં. | ૨૨૫ |
| શંકા સમધાન : | પૂ. આ. દેવશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ | ૨૨૯ |
| તત્વજ્ઞાન અને વિજ્ઞાન : | શ્રી ખુબચંદ કેશવલાલ | ૨૩૩ |
| જ્ઞાન ગોચરી : | શ્રી ગવેષક | ૨૪૧ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૨૪૯ |
| મહામંગલ શ્રી નવકાર : | શ્રી મૃદુલ | ૨૫૭ |
| કરોડરજ્જુ અને જ્ઞાનતંતુ : | વૈદ્યરાજ શ્રી કાંતિલાલ દેવચંદ | ૨૬૫ |
| સમાચાર સાર : | સંકલિત | ૨૬૯ |


★

## ઉપયોગી સૂચન

'કલ્યાણ'ની ફાઈલો હવે જુજ છે. ૧લા ત્રણ વર્ષની ફાઈલો મળતી નથી વર્ષ ૪ થી ૧૭ સુધીની મળે છે. દરેક ફાઈલના રૂા. ૫-૫૦ ખર્ચ અલગ.

★

કલ્યાણ માસીકમાં ગીતો, સ્તવનો, પદ્યો કે કાવ્યો લેવાનો નિયમ નથી. લેખો પણ કાગળની એક બાજુએ લખીને મોકલાવો.

★

'સમાચાર સાર' વિભાગમાં દરેક ધાર્મિક સમાચારો ટૂંકમાં લેવાય છે તો સમાચારો બને તેટલા મુદ્દાસર અને ટૂંકા લખવા

❀

પત્રવ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

❀

લવાજમ પુરૂં થયે આપને ખબર આપવામાં આવે છે તો ઢીલ કર્યા સિવાય લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવું. વી. પી. થી નાહક દશ આનાનો વધુ ખર્ચ આવે છે.

❀

નવા દશ ગ્રાહક બનાવી આપનારને 'કલ્યાણ' એક વર્ષ ફ્રી મોકલાવાશે.

❀

ટાઈટલ પેજ ઉપર છાપવા માટે તીર્થના ફોટાઓ કે બ્લોકો સારા હોય તે જ મોકલવા વિનંતિ છે.

❀

આફ્રિકામાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયાની ખબર અપાય છે. ક્રોસ સિવાયના પોષ્ટલ ઓર્ડર કે મનીઓર્ડરથી લવાજમ મોકલી આપવા વિનંતિ છે.

❀

અંક ન મળ્યાની ફરીયાદ ૨૮મી પછી કરવી. દરેક અંક અંગ્રેજી મહિનાની ૨૦ તારીખે પ્રગટ થાય છે.

## ઉ....ઘ....ડ....તે  પા....ને

સમાજ, દેશ તથા દુનિયાનાં વર્તમાન વાતાવરણ તરફ દૃષ્ટિક્ષેપ કરતાં આજે સ્પષ્ટ રીતે એ જણાઈ આવે છે કે, અપ્રામાણિકતા લગભગ ચેપી રોગની પુરઝડપે ફેલાતી રહી છે. પરદેશ કરતાં, દુનિયાના બીજા દેશો કરતાં સ્વતંત્ર ભારતમાં આજે હવા કોઇ જુદી રીતે વહી રહી છે. પાંચના કામમાં બે ખાવાના ન બને તો જાણે વ્યક્તિત્વ લાજે : આ રીતે આજે દરેક કામો લગભગ થઇ રહ્યાં છે. પ્રામાણિકપણે કામ કરવું તે આજે ભારતમાં મૂર્ખાઇ ગણાય છે. આ પરિસ્થિતિ સામાન્ય સ્થિતિના પ્રજાજનો હોય તો કદાચ ક્ષંતવ્ય લેખાય, પણ આ પરિસ્થિતિ એટલી હદે વણસી રહી છે કે બાર મહિને લાખોની પેદાશ જેને થતી હોય તેવા અધિકારીથી માંડી શ્રીમંત પ્રજાજન સુધી દરેક આજે પ્રામાણિકપણે વર્તવા તૈયાર નથી.

ભારત સ્વતંત્ર થયા પૂર્વે ભારતમાં એવા પ્રદેશો હતા, જ્યાં લાખો પ્રજાજનોને માથે એક પાઇનો પણ ટેકસ ન હતો. છતાં દૂધ, ઘી, દહીં, છાશ વગેરે જીવનોપયોગી પૌષ્ટિક ખોરાક ચોખ્ખો સાત્ત્વિક તથા તદ્દન સસ્તો મળતો હતો, અનાજ અને મરી, મસાલા, ઇત્યાદિ વસ્તુઓ આજે માન્યામાં આવે નહિ તેવા ભાવે મળતા હતા. જ્યારે ભારત સ્વતંત્ર થયા પછી કરવેરાઓના કાંઇ પાર નથી, છતાં મોંઘવારીએ દિન-પ્રતિદિન માઝા મૂકી છે. પરદેશથી ક્રોડો રૂ.ની લોનો લેવાય છે, ટેકસો દ્વારા ભારતમાંથી ક્રોડો રૂ. ઉઘરાવાય છે, છતાં આજે ભારતમાં છેલ્લા ૧૫ વર્ષોનો ઇતિહાસ પોકારી પોકારીને કહે છે કે, પ્રજાના એકપણ વર્ગને જીવનની ન્હાનામાં ન્હાની જરૂરીયાતમાં કયાંએ સ્વસ્થતા નથી.

કારણ એક જ; સો મણ તેલે અંધારૂં; લાંચરૂશ્વત, નૈતિક અપ્રામાણિકતા, સ્વાર્થાંધ મેલી મનોદશાઃ અને જે હાથમાં આવ્યું તે મોંમા મૂકવા જેવી પામરવૃત્તિ આ અને આના જેવા દૂષિતતત્ત્વો આજે સ્વતંત્ર ભારતના વહિવટી ક્ષેત્રમાં વિષચક્રની જેમ આંટા મારી રહ્યાં છે. સડકો, બંધો, વિકાસ ઘટકો ને કલ્યાણ કેંદ્રો, વિદ્યુત્યોજના ને ઉત્કર્ષ યોજના, સહકારી મંડળીઓ ને વેચાણ-ખરીદ કેંદ્રો આવા આવા આજના ભારત સરકારના ખાતાઓમાં કેટ-કેટલું ખવાઇ ને ચવાઇ રહ્યું છે. તેનો કોણ હિસાબ માગે છે?

એક લાખના કામમાં ૩૫ હજારનું ભાગ્યે જ કામ થતું હશે? તે કામને પાસ કરાવવામાં ફલ-નૈવેદ્ય ધરવા પડે તેમાં હજારો જાય; ને હજારો ચવાઇ જાય ને બીજે વર્ષે તે કામની મરામત ફરી પાછી શરૂ થતી હોય. આ રીતે જાહેર બાંધકામ ખાતા, બંધો,

જાહેર યોજના, સડકો, પુલો, ઇત્યાદિમાં પ્રજાના પૈસાઓનો લાખોનો દુર્વ્યય થતો હશે ?

**એ**વા કેટલાયે પ્રસંગો બને છે કે, કેળવણીખાતાએ અમુક ગામમાં બંધના કામ-કાજને અંગે રહેઠાણ કરીને રહેલા હજારો મજૂરોના બાળકોને ભણવા-ભણાવવા માટે શાળાઓ ખોલી, ૫૦૦ ના પગારે શિક્ષકો રોકયા, બંધનું કામ પતી ગયું. મજૂરો પોત-પોતાના દેશમાં ચાલ્યા ગયા, ભણનાર કોઇ નહિ છતાં આજે વર્ષોના વર્ષો વીતી ગયા, એકપણ છોકરો ભણનાર ન હોય તોયે મહિને ૫૦૦નો ખર્ચ શિક્ષકોને કેળવણીખાતા તરફથી મળતો જ રહે છે. આ રીતે કસ્ટમખાતું, જંગલખાતું, આવા અનેક ખાતાઓમાં આજે સ્વતંત્ર ભારતમાં લાખો નહિ પણ ક્રોડો રૂા. નો દુર્વ્યય બેદરકારી તથા અપ્રામાણિકતા તેમજ લાગવગ, પોતાનાઓને પોષવાની નિર્માલ્ય મનોદશાના કારણે થઇ રહ્યો આને અંગે કહેનાર કોણ? જો કોઇ સાચી વાત કહે તો 'દેશદ્રોહી' 'પ્રત્યાઘાતી' તરફ 'પ્રજાના દુશ્મન' તરીકે ઇલકાબ પામે, આ કારણે સમજુ મૌન છે. સ્વાર્થી સમ્મત છે. ને મૂર્ખાઓનો કોઇ અવાજ નથી.

**ખ**રેખર ભારત જેવા સ્વાર્થત્યાગ તથા સેવાભાવની પ્રતિષ્ઠા પામેલા દેશમાં આ બધું ચાલી રહ્યું છે તે દુઃખદ છે. પ્રજાકલ્યાણને નામે પક્ષને પોષી પૈસા તથા પ્રતિષ્ઠા મેળવવા ફાંફા મારનારાઓનો આજે ભારતમાં કાંઇ તોટો નથી, આ પરિસ્થિતિ કયાં સુધી રહેશે તે કહેવું કલ્પના બહાર છે. પણ જ્યાંસુધી ઐહિક સ્વાર્થોની બોલ-બાલા પ્રજામનસમાં ફેલાતી રહેશે, આજ દુનિયાની જરૂરીયાતોને જ કેવલ મહત્ત્વ આપવાનાં જ ચક્રો જે દેશોમાં ગતિમાન બનશે ને સ્વાર્થત્યાગ, નીતિમત્તા, સૌજન્ય, ખાનદાની, ખેલદિલી તથા ઉદારતા, પાપભય, પરોપકાર, જીવદયા, ઇત્યાદિ આધ્યાત્મિક મૂલ્યોને મહત્ત્વ નહિ અપાય, ત્યાંસુધી અભિમાન્યુના ચક્રાવાની જેમ આ બધા અ-પ્રામાણિકતા, અનીતિ, સ્વાર્થખોર મનોદશા, ઇત્યાદિ અનિષ્ટો ભારત દેશમાંથી દૂર થવા આજે તો અશકય લાગે છે.

'કલ્યાણ'નો આજ એક ઉદ્દેશ છે કે, સમાજ, દેશ તથા દુનિયા આધ્યાત્મિક સંસ્કૃતિનાં મૂલ્યને પિછાણતી થાય, આધિભૌતિક સ્વાર્થોને ગૌણ કરે, ને પરોપકારપરાયણ, સ્વાર્થત્યાગી, નીતિમાન તેમજ પ્રામાણિક બને! 'કલ્યાણ' ના આ ઉદ્દેશને સફલ બનાવવા સર્વ કોઇ પ્રયત્ન કરતા રહો એ અભિલાષા અસ્થાને નથી.

તા. ૫-૬-૬૧

★

વર્ષ : ૧૮ ○ અંક : ૪

# કલ્યાણ

જેઠ ○ ૨૦૧૭

## ચુડેલનો વાંસો

વૈદરાજ શ્રી મોહનલાલ ધામી

ચુડેલનાં બે સ્વરૂપ છે આગળનું સ્વરૂપ સુંદરી નારી સમું હોય છે. પણ એની પીઠનો ભાગ માનવીની દૃષ્ટિને બંધ કરાવી દે તેવો ભયંકર અને વિકરાળ હોય છે.

ચુડેલ કેવી હોય તેની આ એક કલ્પના છે. ચુડેલ નામનું કોઈ પ્રાણી આ વિશ્વમાં હશે કે કેમ એ એક શંકાસ્પદ સવાલ છે. પરંતુ લોક કહેવતમાં "ચુડેલના વાંસા જેવું છે." એમ અવારનવાર બોલાતું હોય છે. ચુડેલના વાંસાનો તાત્વિક અર્થ એટલો જ સમજવો જોઇએ કે બહારના દેખાવથી તે આકર્ષક છે પરંતુ એનો બીજો ભાગ ઘણો જ ભયંકર જીવતી આગ જેવો વિનાશક હોય છે.

લોકો ઘણીવાર બહારની વસ્તુથી આકર્ષાય છે અને જ્યારે પરિણામમાં નિરાશા અથવા આગનો અનુભવ થાય છે ત્યારે માનવી સાવ ડઘાઈ જાય છે...એની માનવતા રૂંધાઇ જાય, એનું બળ હણાઈ જાય છે અને એની પ્રતિભા ઝંખવાઈ જાય છે.

સ્વરાજયુગની કુચને ચૌદ વરસ થઈ ગયાં છે. ચૌદ વરસથી જનતાએ એક જ પક્ષને પોતાના ભાગ્યનો દોર સોંપ્યો છે અને આજ ચૌદ–ચૌદ વર્ષના દીર્ઘ કાળ પછી પણ એના એ પ્રશ્નો ઉભા છે...બલ્કે રોજબરોજ પ્રશ્નો વધતા જ જાય છે.

જેના હાથમાં જનતાએ પોતાના ભાગ્યનિર્માણનો અધિકાર સોંપ્યો છે તે કોંગ્રેસી સરકારે જનકલ્યાણ અર્થે અને જનતામાંથી ગરિબીને દેશવટો દેવાના શુભ હેતુને નજર સામે રાખીને બે પંચવર્ષીય યોજનાઓ પુરી કરી છે...ત્રીજી યોજનાનો પ્રારંભ થઈ રહ્યો છે...ગીતો ગવાઇ રહ્યાં છે...રૂપેરી ચાદર પર સોનેરી અક્ષરનાં સાથીયા અંકિત થઈ રહ્યા છે...અને ત્રીજી યોજના માટે ગુણગાન ગાતા આગેવાનોને સાંભળીએ છીએ ત્યારે એમ લાગે છે કે કાંતો સ્વર્ગ નીચે ઉતરશે અથવા ભારત સ્વર્ગમાં પહોંચી જશે.

બે પંચવર્ષીય યોજનાઓ પાછળ આશરે દશ હજાર કરોડ રૂપિયા ખર્ચાઇ ગયા છે અને ત્રીજી પંચવર્ષીય યોજના પાછળ આશરે સાત હજાર કરોડ રૂપિયા ખર્ચવાનો અંદાજ નક્કી કરવામાં આવ્યો છે

આ બધા ખર્ચને પહોંચી વળવા માટે દેશ દેણદાર બને છે એ વાત બાજુ પર રાખીએ તો પણ જનતા પર અસહ્ય કરબોજ ઉત્તરોત્તર વધતો જાય છે.

અને દસહજાર કરોડનું પરિણામ જોઇએ તો—

બેકારી એવી ને એવી રહી છે. ભણેલા બેકારો વધતા જાય છે તેમ યંત્રવાદનાં આંધળા પાપથી અભણ બેકારો પણ વધતા જાય છે!

દરેક ચીજોમાં ભાવવધારો એ હવે સ્વપ્ન મટીને સત્ય બની ગયેલ છે. જીવન

જરૂરિયાતની કોઈપણ ચીજ એવી નથી કે જેના ભાવ વધ્યા ન હોય અથવા વધવાનાં માર્ગે જતા ન હોય.'

સમાજ કલ્યાણ કેન્દ્રો, ગૃહઉદ્યોગો, ગ્રામ સુધારણા, વિકેન્દ્રીકરણનાં ગીતો, સામુહિક વિકાસ યોજનાઓ વગેરે અનેક પ્રકારનાં રૂડાં રૂપાળાં અને આકર્ષક સ્વરૂપે લોકો સામે નાચી રહ્યાં છે...પણ એની પીઠ કેવી છે એ તો કોઇ વિચાર કરતું નથી,

ખેતીમાં પગભર થવાની વાતો હવામાં મળી ચૂકી છે!

લોકોને આરોગ્ય, શાંતિ અને વિશ્વાસનું પાથેય મળશે એવી આશાઓ જન્મીને જ જાણે દટાઇ ગઇ છે!

નાના નાના ઉદ્યોગો ઉગીને મરવા માટે છેલ્લા શ્વાસ લઇ રહ્યા છે.

મધ્યમ વર્ગના પરિવારોની યાતનાઓ એટલી હદે પહોંચી ચૂકી છે જેનું વર્ણન શબ્દથી પર બની ગયું છે!

અને આમ છતાં કોંગ્રેસી રજવાડું ગળાં ફાડી ફાડી ગીતો લલકારી રહ્યું છે!

એક એક પ્રધાન પાછળ વાર્ષિક હજારો રૂપિયાનો ખર્ચ જનતા ભોગવી રહી હોવા છતાં જનતાના એક પણ પ્રશ્નને ન્યાય આપવા જેટલી કે નમતું આપવા જેટલી શાસિતતાનો ખુલ્લો અભાવ દેખાય છે!

વિરોધ કરનારો પર પ્રત્યાઘાતીનો આક્ષેપ મૂકાતો હોય છે. અથવા લાઠીઓ અને ગોળીઓ વડે જનતાના અવાજને દબાવી દેવામાં આવતો હોય છે!

જનતાનું નૈતિક સ્તર આ રીતે આશાભંગ થવાના કારણે લગભગ ખાડે જઇ પડયું છે. –ચોરી, ખુન, લૂંટ, બળાત્કાર, તોફાન વગેરે દુષણો જાણે આ યોજનાનાં ફળ હોય એમ દેખાઇ રહ્યું છે!

લાંચરૂશ્વત અને નફાખોરીને પહોંચી વળવાની તાકાત કોંગ્રેસમાં રજમાત્ર નથી રહી એ હવે સિદ્ધ થઇ ચૂકયું છે.

અને આ બધું ઓછું છે એમ માનીને જનતા પર વિવિધ પ્રકારના કાયદા વડે અનેક બંધનો લદાઈ રહ્યાં છે...નિયમોની સોનેરી જંજીરો વડે જનતા પંગુ બની રહી છે અને વકિલોનું સ્વર્ગ રચાઈ રહ્યું છે!

આ બધું શા માટે!

યોજનાઓ વાંઝણી અને ચૂડેલના વાંસા જેવી પુરવાર થઈ હોય તો શા માટે પાછા ન ફરવું જોઈએ? શા માટે જનતાનો અગ્ર વિચાર કરીને પ્રતિષ્ઠાના દંભને એક તરફ મૂકી પછેડી તેવડી સોડય તાણતા ન શીખવું જોઇએ?

પરતું આવી ક્રાંતિ કોંગ્રેસના હાથે થઈ શકે એમ નથી. કારણ કે સત્તાના શરાબથી તે એટલી મદભર બની ગઇ છે કે વાસ્તવિક પરિસ્થિતિ પ્રત્યે દષ્ટિ કરવાની એને કોઇ પડી નથી!

ચુંટણી આવે છે... અને હવે સત્તાની ચાદર લપેટીને સૂતેલા સત્તાધારીઓ જનતાને ગુલાબી વચનોથી ભ્રમમાં નાખવા આગળ આવશે!

પરંતુ આવું કયાં સુધી નભી શકશે? જે દિવસે ચુડેલનો વાંસો જનતાની નજરે પડશે તે દિવસે કોંગ્રેસ જેવી સંસ્થાને પશ્ચાત્તાપનાં આંસુ બિછાવવાનું સ્થાન પણ મળશે કે કેમ એ એક સંશયછે!

# અનુભવની એરણુ પરથી....

દુનિયામાં બનતા બનાવો જે સંભવિત તથા જાણેલા, સાંભળેલા તથા અનુભવીઓના મોઢેથી જાણવામાં આવેલા હોય, તે 'કલ્યાણ'ના વિશાલ વાચકોની જાણ માટે અમે અહિં રજૂ કરીએ છીએ. પૂર્વજન્મના સિદ્ધાંતને તો હવે સર્વ કોઇ વિચારકો સ્વીકારતા થયા છે, તે પૂર્વ-જન્મની હકીકતને સાબીત કરનારા અવનવા પ્રસંગો અખબારી આલમમાં પ્રસિદ્ધ થયા હોય તે 'કલ્યાણ'ના વાચકોને પૂર્વજન્મ, પુણ્ય, પાપ આદિ સિદ્ધાંતોની વધુ શ્રદ્ધા બેસે તે દૃષ્ટિએ અહિં રજૂ થાય છે. તદુપરાંત: પશુયોનિઓમાં જન્મ લેનાર બળદ જેવું પ્રાણી પણ પોતાના માલિકની વફાદારીને પ્રાણુના ભોગે કઇ રીતે જાળવે છે, તે પણ અહિં રજૂ થયેલ પ્રસંગ ઉપરથી સમજી શકાય છે. આથી તિર્યંચો કે પશુઓ નકામા છે, એમ કહેનાર વર્ગ સમજે કે આજે તો માનવો નકામા બની રહ્યા છે, જ્યારે પશુઓ તો પોતાના સ્વાર્થના ભોગે પણ બીજાને સાચવે છે.

આ વિભાગને ઉપયોગી સાહિત્ય પૂ. મુનિરાજ શ્રી જયપદ્મવિજયજી મહારાજ અમારા પર અવારનવાર મોકલતા રહે છે, તે કારણે આ વિભાગની પ્રસિદ્ધિમાં તેમનો ફાળો સવિશેષ છે.

⊙

## ચાર વર્ષની બાળા પૂર્વ જન્મ, તથા ભાવિની વાત કરે છે

(૧)

**ચંદાસી:** અહીંથી ચૌદ માઇલ દૂર આવેલા બિલારી ગામના રહીશ શ્રી .શોભનાથની ચાર વર્ષની પુત્રી પોતાના પૂર્વજન્મનો હેવાલ કહી બતાવે છે. તે કહે છે કે, આગલા જન્મમાં નૈનિતાલના એક ધનવાન કુટુંબની લાડકી પુત્રી હતી. તેનુ નામ રમા હતું. તે માતા-પિતા સાથે બદ્રી કેદારની યાત્રાએ ગઇ હતી. ત્યારે પાછા ફરતી વખતે એક પત્થર પરથી તેનો પગ લપસી જતાં તે નીચે પાણીમાં જઇ પડી હતી. અને એક કલાક તડફડિયાં માર્યા પછી તે મરી હતી. મરણુ વખતે તેને અપાર કષ્ટ થયું હતું. તે પછી નવ મહિના સુધી અંધારા કુવામાં રહ્યા પછી મારો આ ઘરમાં જન્મ થયો છે. આગલા જન્મમાં મૃત્યુ વખતે હું આઠ વર્ષની હતી. આ જન્મમાં મારું ભવિષ્ય મને ખબર છે, મારા સૌથી નાના કાકાના લગ્ન પછી કોઇ અકસ્માતમાં મારૂં મોત થશે.

આ વિચિત્ર છોકરીને લઈ તેના પિતા શોભનાથ નૈનિતાલ ગયા હતા. ત્યાં આ ચાર વર્ષની બાળાએ પોતાના પૂર્વ જન્મના માતા-પિતા, ભાઈ-બહેન બધાને ઓળખી કાઢયાં હતાં. આ જન્મની તારા અને પૂર્વ જન્મની રમા પોતાના પૂર્વ જન્મના માતા, પિતા, ભાઈ બહેનોને જોઇ ખૂબ આનંદી બની હતી. તેના પૂર્વ જન્મના માતા પિતાના કહેવા પ્રમાણે રમા જેવી હતી તેવી જ આ તારા છે. તેની ટેવો પણ તેવીજ છે. તારાના પૂર્વ જન્મના પિતાએ તેને પોતાના ઘેર બે ચાર દિવસ રહેવાનો આગ્રહ કરતાં તારાએ કહ્યું હતું કે હું પિતા શોભનાથ સાથે મારા આ જન્મના ઘેર જઇશ. મારી પાંચ વર્ષની ઉંમર બાકી છે તે હું આ જન્મની માતા સાથે રહીને ગુજારવા માગું છું મારા સૌથી નાના કાકાના લગ્ન પછી મારૂં મૃત્યુ નિશ્ચિત છે. અને મારા આ કાકાના લગ્ન પાંચ વર્ષ પછી ચોક્કસ થશે. તે પછી બે ચાર દિવસમાં કોઈ અકસ્માતના કારણે મારૂં મોત થશે. તારાના પૂર્વ જન્મનો અહેવાલ સાચો ઠર્યો છે. એટલે

ભવિષ્યવાણી સાંભળી બધા લોકો દંગ થઈ જાય છે તારા બીચારી ગામના લોકો માટે તમાશો બની છે, તેને જોવા માટે લોકો દૂર દૂરથી આવે છે. ઘણા નિષ્ણાત લોકો ફેરવી ફેરવીને તારા સાથે વાત કરે છે અને સંતોષજનક ઉત્તર મળતા આશ્ચર્યચકિત થઇ જાય છે.

( ૨ )

## હાલની 'હીરા' એ પૂર્વ જન્મની 'લીલાવંતી'

નાની ચંદુરની ઠક્કર શીવરામશંકરની ૮ વર્ષની હીરા નામની બાળા તેના પૂર્વ જન્મની હકીકત કહે છે. આ બાળા હારીજમાં આવી છે. તેવી હકીકત જાણવા મળતા લોકોના ટોળે ટોળા આ બાળાને જોવા ઉમટયા હતા.

આ બાળાની અમારી મુલાકાતમાં અમે કેટલાક સવાલો પુછતાં જણાવ્યું કે પૂર્વ જન્મમાં દિયોદર ગામના ઠક્કર સીવરામ મગનને ત્યાં તેનો જન્મ થયો હતો. તે જન્મમાં તેનું નામ લીલાવતી હતું. અહીં તે પૂર્વજન્મની બહેન કલાવંતીને મળવા આવી છે. તે તેની બહેન બનેવીને ઓળખી બતાવી તેની બહેન સાથેની બચપણની ઘણી વાતો કહે છે. આ બાળા તેના પૂર્વજન્મના સગાવહાલા બહેનપણીઓ વિગેરેના નામો કહે છે. હવે આ બાળા તેના પૂર્વજન્મના માતાપિતાને મળવા દિયોદર જનાર છે. ( ગુ. સ )

( ૩ )

## ત્રણ વર્ષ ની 'કલ્પના'ની પુનર્જન્મની કથા

મુરાદાબાદના સ્વામી ગોપાલતીર્થના આશ્રમ માં ભણતી ૭ વર્ષની 'કલ્પના' નામની એક બાળાની પુનર્જન્મની કથા આશ્ચર્યજનક ઘટના છે.

આ બાળાનો જન્મ ૧૯૫૩ ના જાન્યુઆરીમાં થયો હતો. જયારે આ બાળા ફકત ત્રણજ વર્ષની હતી. ત્યારે તેમના ગુરુ વેદ મંત્રોનો પાઠ કરતા હતા. તેમની તેમાં તેણે ભૂલો સુધારી હતી. પછી થોડાક મહિના બાદ બીજા બે પંડિતોની પણ તેણે ભૂલો સુધારી હતી.

આ બાલિકાએ થોડા વખત પહેલાં રાજસ્થાનના રાજ્યપાલ રૂબરૂ પોતાનું વેદજ્ઞાન બતાવ્યું હતું, આ બાળાને ચારે વેદ મોઢે છે. એ તો સર્વ કોઈ જાણે છે કે વેદમંત્રોના ઉચ્ચારો કેટલા કઠણ છે. તો પણ આ નાની બાળાના ઉચ્ચારમાં સહેજ પણ ભૂલ થતી નથી.

જયપુરના પંડિતોએ આ બાળાની પરીક્ષા લેવા માટે કંઈ એવા મંત્રોનો ઉલ્લેખ કર્યો કે જે સામાન્ય રીતે પ્રચલિત નથી. આ બાળાએ તો મંત્રોને સંભળાવી દીધા. એટલુંજ નહિ પણ એ મંત્રો પુરેપૂરા કયા કયા વેદોમાં છે તે સાથે સાથે જણાવી દીધું.

સ્વામી ગોપાળતીર્થ અને આશ્રમવાસીઓનું કહેવું છે કે અમે આ બાળાને વેદ શીખવાડયાજ નથી. અરે ! ત્રણવર્ષની બાળાને વેદ કેવી રીતે શીખવી શકાય ? ( શ્રી રંગ. )

( ૪ )

## બળદે માલિકની સંપત્તિ બચાવી !

**આગ્રા:–** ફીરાગઢ તહેસીલમાં ઈતમાદપુરા નામનું ગામ છે. અહીં રામસ્નેહી નામના ધનવાન સજ્જન પોતાના કુટુંબ સાથે રહે છે. તેમને ગાય અને બળદ પાળવાનો ખૂબ શોખ છે અને તેઓ પશુઓની સેવા પણ કોઈ બાળકની કરે તેવી રીતે કરે છે. તેમના ઘરમાં ચાર દિવસ પહેલા ચાર ચોર ઘુસ્યા અને રામસ્નેહીનો છોકરો જાગી જતાં આ ચોરોએ ઘરના લોકોને સખ્ત માર મારીને મોઢામાં ડુચા મારી ખાટલા સાથે બાંધ્યા પછી આખા ઘરમાં ઘૂમી આરામથી તમામ રકમ અને દાગીના, જેની કિંમત લગભગ ૪૦ હજારની થાય છે તે લઇને ચાલ્યા. ચોરોને ઘરમાંથી નીકળતા જોઈ રામસ્નેહીના બુધ્ધિમાન બળદે તેમનો પીછો કરી શીંગડાંથી ચોરો પર હુમલો કર્યો; પરિણામે એક માણસ પડી ગયો

અને બીજા ત્રણુ દાગીના અને રકમ લઇ ભાગ્યા બળદે તેમનો પીછો ચાલુ રાખ્યો. ચોરો બળદને મોટા મોટા પત્થર અને જે કઈ હાથમાં આવતું તેનાથી મારતા હતા પણ બળદ મકકમ હતો તે એકદમ ખૂને ચડી ચોરો પર હુમલો કરતો. આમ બળદ અને ચોરો વચ્ચે દોડતી મારા મારીમાં ચોરો એક માઈલ દૂર નીકળી ગયા હવે ચોરોને નિરાંત હતી. પણ બળદની એક આંખ ચોરોના મારથી ફુટી ગઈ હતી અને આખું શરીર લોહીલુહાણુ હતું છતાં ચોરોનો પીછો કરી રહ્યો હતો. આ બાજુ બળદના મારથી ચોરો પણુ ઘાયલ થયા હતા. છેલ્લે ચોરો બળદથી બચવા જીવ લઈને નાસવા લાગ્યા, પણુ હઠીલો બળદ પણુ તેજ ઝડપથી ચોરોની પૂંઠ પકડતો રહ્યો. ત્રણુ માણુસો આગળ પાછળ અને તેમની વચ્ચે એક લોહીલુહાણુ બળદ રાતે પહેરો ભરતાં બે સીપાહીઓને નજરે પડતા ચોરો વધારે ઝડપથી નાસવા લાગ્યા. હવે બળદે જેના હાથમાં તેના માલિકની જીવનની આખી પુંજી હતી તે ચોરના કપડાં મોઢાથી પકડયાં. એટલામાં બીજા બે ચોરો નાસી ગયા પણુ દાગીના લઈ જનાર ચોર નાસી ન. શકયો અને તેટલામાં પોલીસ સીપાહીઓ ત્યાં આવી પહોચ્યા. ચોરના હાથમાંનો સામાન જોતાં તેઓ દંગ થઈ ગયા. તે ચોરને પકડી તેઓ ગામ તરફ આવ્યા તો અહીં પણુ ગામના લોકો ભેગા થયા હતાં જ્યારે રામસ્નેહીના કુટુંબીઓ લુંટાઇ જવાથી પોકે પોક રડી રહ્યા હતા થોડીવાર પછી ઘાયલ બળદ પણુ પોલીસની પાછળ આવી પહોંચ્યો. પોતાના બળદના હાલ જોઈ રામસ્નેહી બેચેન થઈ દોડયો અને બળદને ગળે વળગી રડવા લાગ્યો, પોલીસ અને ચોરે બળદે તેમનો કેવી રીતે પીછો કર્યો તે હકીકત કહી સંભળાવતાં બળદની વફાદારીની વાત સાંભળી ત્યાં ઉભેલા તમામ લોકોની આંખમાં આનંદના આંસુઓ આવી ગયાં.

તમામ સંપતિ સહીસલામત મળી જતાં રામસનેહીના હર્ષનો પાર નથો. તેઓ પોતાના પ્રિય બળદનો ઈલાજ મોટા વૈદ્ય-ડોકટરોને બોલાવીને કરાવી રહ્યા છે. છતાં આ બળદની એક આંખ તો તદ્દન ફુટી ગઈ છે અને એક પગ પણુ ભાંગી ગયો છે. પોતાના માલિકના ધનની રક્ષા કરનાર બળદને જોવા માટે લોકો આવે છે. આખા ગામમાં બળદની વફાદારીની પ્રશંસા થઇ રહી છે. શ્રી રામસનેહી કહે છે કે બળદ મારા પૂર્વજન્મનો કોઈ સગો હોવો જોઈએ.. નહિતો આવી બુદ્ધિ પશુમાં કયાંથી હોય ?


## અનંત સિદ્ધોની સિદ્ધ ભૂમિ

અનેરો આનંદ મળે છે ખેડુતને ઘનઘોર વર્ષાના દર્શનથી
" " " માતાને તેના પુત્રના "
" " " ભક્તને ભગવાનના "
" " " થાકેલા પથિકને શીળી છાયડાના "
" " " તપસ્વીને સિદ્ધોની સિદ્ધ ભૂમિના દર્શનથી

તેમ અનેરો આનંદ મળે છે આદર્શ ધર્મભાવના ભાવતા દર્શનાભિલાષીઓને શ્રી શત્રુંજય ગિરિરાજના પ્રતિકસમા શ્રી શત્રુંજયપટના દર્શનથી.

આવા ઉત્તમ, શ્રેષ્ઠ અને દર્શનીય કોઈપણુ તીર્થના તીર્થપટો સંપૂર્ણ ખાત્રીવાળા, ઓઈલ કલર્સના, સૉફટ કેનવાસ ઉપર સાચા સોનાના વરખવાળા બનાવવા માટે આજે જ લખો.

**શ્રી હરિભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

ઠે. તલાવમાં
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

# શંકા અને સમાધાન

**સમાધાનકાર: પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ**

[ પ્રશ્નકારઃ- **ઝવેરચંદ પી. શાહ નાઈરોબી. આફ્રિકા** ]

શ૦ સમ્યક્દર્શન કયે ગુણસ્થાનકે હોય છે?

સ૦ કેવલ સમ્યક્દષ્ટિ આત્મા ચોથે ગુણસ્થાનકે હોય છે.

શ૦ ચારે ગતિમાંથી કઇ કઈ ગતિના જીવો સમ્યક્દષ્ટિ હોય છે?

સ૦ ચારે ગતિમાં સમ્યક્દષ્ટિ જીવો હોય છે.

શ૦ અવિરતિ સમ્યક્દષ્ટિ કયે ગુણસ્થાનકે હોય છે? અને મરીને કઇ ગતિમાં જાય છે?

સ૦ અવિરતિ સમ્યક્દષ્ટિ ચોથે ગુણસ્થાનકે હોય છે અને તેજ ગુણસ્થાનકે આયુષ્યનો બંધ કરે તો કાલ કરીને તિર્યંચ અને મનુષ્ય દેવગતિમાં જાય અને નારકી અને દેવતા મનુષ્યગતિમાં જાય છે.

શ૦ વિરતિ સમ્યક્દષ્ટિ કયે ગુણસ્થાનકે હોય છે? અને મરીને કઇ ગતિમાં જાય છે?

સ૦ વિરતિ સમ્યક્દષ્ટિ છઠ્ઠાથી લઇને બધા ગુણસ્થાનકે હોય છે અને છઠ્ઠા ગુણસ્થાનકે આયુષ્યનો બંધ કરે તો તે નિયમા વૈમાનિક થાય છે જો નિરતિચાર ચારિત્રની પાલના હોય તો.

શ૦ દ્રવ્ય લિંગી અને ભાવ લિંગી મુનિયોમાં દ્રવ્ય લિંગી મુનિ કયે ગુણસ્થાનકે હોય છે? શું ક્રિયા કરે છે અને મરીને કઈ ગતિમાં જાય છે?

સ૦ દ્રવ્યલિંગી મુનિ સમકિતના અભાવે પહેલે ગુણસ્થાનકે હોય છે અને લોકપૂજન તેમજ દેવતાઇ ઋદ્ધિ સિદ્ધિની આકાંક્ષાએ સવલી ક્રિયા કરે અને કોઇ ક્રિયા ન પણ કરે. જો સંયમની ક્રિયાઓ સમ્યક્પ્રકારે કરેતો ગ્રૈવેયક સુધી પણ પહોંચી જાય જેમકે અભવ્ય જીવ.

શં૦ ભાવલિંગી મુનિ કયે ગુણસ્થાનકે હોય છે? શું ક્રિયા કરે છે? અને મરીને કઈ ગતિમાં જાય છે?

સ૦ તે છઠ્ઠા ગુણસ્થાનકથી લઈ ઉપરના બધા ગુણસ્થાનકને સ્પર્શે છે. જો તે ભાવલિંગી મુનિ ઉંચી ઉંચી ભાવનાએ વધતો જતો હોય તો તે આત્મા ચરણસિત્તરિ અને કરણસિત્તરિની સુંદર પાલના કરે છે. ક્ષાયિક ભાવનું યથાખ્યાતચારિત્રનું પાલન કરી મોક્ષે જાય છે અને ક્ષયોપશમ અને ઉપશમ ભાવનું હોય તો તે દેવલોકમાં જાય છે.

શં૦ દ્રવ્યલિંગી અને ભાવલિંગીમાં શું તફાવત છે?

સ૦ દ્રવ્યલિંગી શૂન્ય હૃદયે ક્રિયા કરનાર હોય છે જ્યારે ભાવલિંગી હૃદયપૂર્વકથી ક્રિયાકાંડમાં સક્ત હોય છે.

શં૦ સમ્યક્દર્શન વિના મુનિ થાય તો મોક્ષમાં જાયકે નહિ?

સ૦ સમ્યક્દર્શન વિના મોક્ષમાં જાય નહિ.

શં૦ મોક્ષ એટલે શું?

સ૦ અષ્ટ કર્મથી રહિત થઈ આત્માની સર્વસંપત્તિઓને પ્રાપ્ત કરવી તેનું નામ મોક્ષ છે.

[ પ્રશ્નકારઃ- **નાનાલાલ લહેરચંદ શાહ ધધાણા. પાલનપુર** ]

શં૦ પ્રભુજીની પૂજા કરવા ગયા હોઈએ અને પખાલ આદિની વાર હોય તો પહેલા ચૈત્યવંદન કરી લઈ પછી પ્રભુપૂજા કરીએ તો હરકત ખરી?

સ૦ પ્રભુપૂજા એ દ્રવ્યપૂજા છે અને દ્રવ્ય પૂજા બાદ ભાવપૂજા રૂપ ચૈત્યવંદન કરવાનું હોય છે.

શં૦ શ્રીફલનું પાણી ઉકાળેલું પાણી પીતો હોય તેને ખપે? તેમજ તપશ્ચર્યા (એકાસણા-બેઆસાણા) માં ખપે?

સ૦ શ્રીફલમાં પાણી નીકલ્યા બાદ બેઘડી એટલે ૪૮ મિનિટ થયા બાદ ઉકાળેલું પાણી પીનારને તેમજ એકાસણું અને બેઆસણું કરવા બેઠો હોય ત્યારે ખપી શકે છે.

શં૦ પ્રભુજીના પખાલનું પાણી વાસી હોય તે કામ લાગે ખરૂં ?

સ૦ પ્રભુજીના પખાળ આદિમાં રોજ નવું પાણી વાપરવું જોઇએ વાસી પાણી વાપરી શકાય નહિ.

(પ્રશ્નકારઃ- કેશવલાલ જીતમલ શાહ જુનાડીસા.)

શં૦ ત્રણ થોય આદિની છે કે ચાર થોય આદિની છે?

સ૦ હાલમાં પ્રચલિત ત્રણ થોયનો મત વિજયરાજેન્દ્રસૂરિજીથી વીસમાં સદીમાં શરૂઆત થઇ છે. તે સદીની પહેલાની ચાર થોયો સેંકડો પ્રમાણમાં જુના હસ્તલેખિત ભંડારોમાંથી ઉપલબ્ધ થાય છે. અને સગ્રહ સ્તુતિ તરંગિણી ભા. ૧-૨ માં થઈ ગયો છે અને ત્રીજા ભાગનું કાર્ય ચાલે છે જેનું પ્રકાશન શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાલા છાણી તરફથી થયું છે.

(પ્રશ્નકારઃ- મ્હેતા ભીખાલાલ વેણીચંદ. સિદ્ધપુર.)

શં૦ પૌષધવિધિ વગેરેમાં લખે છે કે પૌષધ પ્રભુપૂજા કર્યા વગર વહેલાં લેવો જોઇએ. હાલ પ્રભુપૂજા કર્યા બાદ પૌષધ લેવાય છે તે અપવાદ છે. જ્યારે પૂજાની ઢાળમાં એમ આવે છે કે "પ્રભુ પ્રતિમા પૂજીને પૌષધ કરીયે રે" આ વાંચવાથી ગુંચવણ થઇ છે તો ખરી વિધિ શું છે?

સ૦ પૌષધવિધિ આદિમાં જે છપાયું છે તે સાચું છે જ્યારે પૂજાના ઢાળની પંકિત તમો લખો છો તે પૌષધ પ્રતિમાની આરાધના કરનાર વ્યકિત આશ્રિત છે. કારણકે પ્રતિમાની આરાધના ઘણા મહિના સુધી પ્રભુપૂજા કરવાની હોતી નથી તેથી પ્રભુપૂજા કર્યા બાદ પૌષધ લેવો આમ સમજવું

શં૦ જિનમંદિરમાં સ્ટીલનેશના કમાડ, સિંહાસણ, પાટલા, દીવીઓ આદિ વાપરી શકાય કે નહિ?

સ૦ સ્ટીલનેશ એ લોખંડને સંસ્કાર કરેલ વસ્તુ છે એટલે જિનમંદિરમાં તે ઉપયોગ કરવો ઠીક નથી.

શ૦ લીલાં પાંદડાં, દાતણ વગેરે લીલાં ટુકડા આજના કપાયેલા સચિત્ત ગણાવે છે તો બીજા દિવસે અચિત્ત થાય કે નહિ?

સ૦ ઉપરોકત ચીજો બીજા દિવસે અચિત્ત થતા નથી. કદાચ કોઇ પાંદડાં આદિ અચિત્ત થતા હોય તો તે કેવલીગમ્ય વિષય. સામાન્ય જ્ઞાનવાલાઓ તેને અચિત્ત માની શકે નહિ. અગ્નિ આદિના સંસ્કાર સિવાય જયાં સુધી પૂર્ણ સૂકાયા હોય નહિ ત્યાંથી અચિત્તનો વ્યવહાર કરી શકાય નહિ.


રિદ્ધિ સિદ્ધિ માટે...

શ્રી ઘંટાકર્ણ મહાવીર

કિંમત રૂ. ૧/- દ્વિરંગી ચિત્ર ૧૧"×૧૪" પોસ્ટેજ ૭૫ ન. પૈ.

નિયમિત પ્રાતઃકાળે ... આપી એનો ચમત્કાર જાતેજ અનુભવો

જેમાં વિશાયંત્ર-નવગ્રહ-માણીભદ્રજી-બટુક ભૈરવ સોળ વિદ્યા દેવીઓ-પદ્માંગુલી દેવી વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

પ્રાપ્તિ માટે

શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર

બુક સેલર્સ અને પબ્લીશર્સ

પીકા સ્ટ્રીટ-ગોડીજી ચાલ-મુંબઇ ૨.

# તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન (જૈન દર્શનનો કર્મવાદ)

અધ્યાપક : શ્રી ખુબચંદ કેશવલાલ શિરોહી (રાજસ્થાન)

'કલ્યાણ'માં વર્ષોથી ચાલુ રહેતી અને જૈનદર્શનના મૌલિક પદાર્થોની તેમજ મુખ્યત્વે કર્મ, પુદ્ગલદ્રવ્યો વિષેની સરલ તથા ઉપયોગી સમજ આપતી આ લેખમાળાએ વિચારક વાચકોમાં અનેરૂં આકર્ષણ જન્માવેલ છે, 'કલ્યાણ' માટે ખાસ આ લેખમાલા શરૂ કરનાર લેખક આ લેખાંકમાં તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન વચ્ચેનો તફાવત તથા વિજ્ઞાન કરતાં તત્ત્વજ્ઞાનમાં રહેલી વિશેષતા ઇત્યાદિ ઉપયોગી છતાં મૌલિક જાણવા જેવી હકીકતો રજૂ કરે છે, તો સર્વને જરૂર રસપ્રદ તથા માહિતિપ્રચુર બનશે એ નિઃશંક છે.

⊙

પુદ્ગલદ્રવ્યની કેટલીક વાતો જૈનદર્શનમાં એવી છે કે આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિથી પણ યથાર્થ છે. યદ્યપિ વૈજ્ઞાનિક પદ્ધતિથી જૈનાચાર્યો કોઇપણ પ્રકારના આવિષ્કારાત્મક પ્રયોગ ન કરી શકે, પરંતુ જૈનદર્શનની પુદ્ગલ અંગેની દૃષ્ટિ એટલી સૂક્ષ્મ તથા અર્થગ્રાહી છે કે તેની અનેક વાતો આજે પણ વિજ્ઞાનિક કસોટી પર કસી શકાય છે. વૈજ્ઞાનની સત્ય કયાંસુધી ઠીક છે એ એક અલગ પ્રશ્ન છે, પરંતુ શબ્દ, અણુ, અંધકારાદિ સંબંધી અનેક એવી માન્યતાઓ છે કે જે આજની વૈજ્ઞાનિક દૃષ્ટિથી વિરૂદ્ધ નથી.

પદાર્થનું સ્વરૂપ સમજવા માટે પ્રથમ મૂળ પદાર્થ ઓળખવા જોઇએ, અને ત્યારબાદ તેના પર્યાયોને સમજવાથી જ પદાર્થસ્વરૂપ યથાસ્થિત સમજી શકાય છે. પુદ્ગલનું સ્વરૂપ પણ આ રીતે જ સમજી શકાય. અને તે રીતે સમજનારજ વિશ્વવ્યવસ્થા સમજી શકે. સહભાવિ તે ગુણ, અને ક્રમભાવિ તે પર્યાય છે. તે ગુણ તથા પર્યાય જેમાં હોય તે દ્રવ્ય કહેવાય છે. જેમ કે ઘડો, કોઠી, કુંડું વગેરે. માટીરૂપ પુદ્ગલ દ્રવ્યનાં ફરતાં રૂપાન્તરો યા પર્યાય કહેવાય છે. અને તેમાં રહેલ રતાશ, ચિકાશ વગેરે માટીરૂપ પુદ્ગલદ્રવ્યના ગુણો છે. પુદ્ગલદ્રવ્યની અવસ્થાઓ યા રૂપાન્તરો ગમેતેટલાં થયા કરે, પરંતુ વર્ણાદિ ગુણો તો એક યા અન્ય અંશે તે રૂપાન્તરોમાં-અવસ્થાઓમાં સદા અવસ્થિત રહે જ છે. પુદ્ગલ પરમાણુ અને સ્કન્ધોમાં ફરતા ફરતા વર્ણ, ગંધ રસ અને સ્પર્શ એ ચારેય પુદ્ગલના મૂળ સ્વભાવો ગુણરૂપ છે.

પુદ્ગલદ્રવ્યના ગુણ અને પર્યાયોનાં અનંત સ્વરૂપો હોય છે. ગુણ અને પર્યાયના વિવિધ સ્વરૂપનો અનુરૂપ તે પુદ્ગલ દ્રવ્યમાં વિવિધ પ્રકારની શકિતઓ પ્રગટ થાય છે. વર્તમાન વિજ્ઞાનના આવિષ્કારો તે પુદ્ગલદ્રવ્યના ગુણ અને પર્યાયના અમુક સ્વરૂપોનાજ આવિષ્કારો છે. પુદ્ગલદ્રવ્યના અનંત સ્વરૂપો પૈકી વર્તમાન વિજ્ઞાને આવિષ્કારિત સ્વરૂપો તે પુદ્ગલદ્રવ્યના અનંત સ્વરૂપ સમુદ્રમાંથી એક બિન્દુ તુલ્ય છે. જુદા જુદા કાળે માનવ સમાજ પોતપોતાની બુદ્ધિના ક્ષયોપશમાનુસાર જુદા જુદા પ્રકારે પુદ્ગલ સ્વરૂપના જુદાજુદા આવિષ્કારો કરી ભૌતિક સામગ્રીની અનુકૂળતા કરતો જ રહ્યો છે. અમુક કાળે અમુક આવિષ્કારો દુનિયા ભૂલી જાય છે, અને નવા આવિષ્કારોનો પ્રાદુર્ભાવ થાય છે. તે સમયના માનવસમાજને ભૂતકાળના કેટલાક

આવિષ્કારોનો ખ્યાલ નહિં હોવાથી વર્તમાન આવિષ્કારોનેજ મહત્તા આપી ગર્વિત બની જાય છે.

યંત્રવિજ્ઞાન, શબ્દવિજ્ઞાન, ભૂમિતિવિજ્ઞાન, ભૂસ્તરવિજ્ઞાન, ભૂતલવિજ્ઞાન, ભૂગર્ભવિજ્ઞાન, ખગોળવિજ્ઞાન, શિલ્પવિજ્ઞાન, બાંધકામવિજ્ઞાન, ચિત્રવિજ્ઞાન, આરોગ્યવિજ્ઞાન, પ્રમાણવિજ્ઞાન, માનસિકવિજ્ઞાન, વગેરે નાનાં મોટાં અનેક વિજ્ઞાનોના આવિષ્કારો તે પૌદ્‌ગલિક પરિણામોના જ આવિષ્કારો કહેવાય. આ આવિષ્કારો બે રીતે સમજી શકાય. (૧) તત્ત્વજ્ઞાનની રીતે અને (૨) વિજ્ઞાનની રીતે. તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનમાં મોટો તફાવત છે. તત્ત્વજ્ઞાન વ્યાપક છે, આ લાખો વિજ્ઞાનો તેના પેટમાં સમાય છે.

શોધાયું હોય તેના કરતાં પણ અનંતગણું અણશોધ્યું વિજ્ઞાનમાં સદાને માટે રહી જાય છે. કોઈપણ એક સાયન્સ યા તો કોઈપણ એક વિષયના પદ્ધતિસરના શાસ્ત્રને વિજ્ઞાન કહેવાય છે એવા ભિન્નભિન્ન સાયન્સવેત્તાઓને પૂછીએ તો તેઓ કહે છે કે અમને અમારા વિષયમાં બહુજ ઓછું જ્ઞાન છે. મનોવિજ્ઞાનના ધુરન્ધર વિદ્વાનને પૂછો તો તેઓ કહેશે કે, 'આજ સુધી અમે અને અમારા પૂર્વજોએ હજારો વરસ પ્રયત્ન કરી માનવમનના વિષયમાં બહુ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, પરંતુ જેટલું અમને આ વિષયમાં માલુમ પડયું છે, તેની અપેક્ષાએ કેઇગણું અધિક અમને માલુમ નથી.' મોટા મોટા ચિકિત્સકો જુના અનુભવનો લાભ ઉઠાવીને તથા પોતાનું સમસ્ત આયુષ્ય તેજ વિષયની અનુભવ પ્રાપ્તિમાં વ્યતીત કરીને પણ એવા પરિણામ પર પહોંચે છે અને કહે છે અમને શરીરનું બહુજ ઓછું જ્ઞાન છે. કોઈને કોઇ રોગ એવો આવી જાય કે તેમના સર્વજ્ઞાનને અજ્ઞાનમાં પરિવર્તન કરી દે છે, અને તે સમજે છે કે જે કાંઈ આજસુધી જાણ્યું હતું તે ઠીક નહીં હતું. શરીરનાં હજારો અંગ એવાં છે કે જેનો 'શરીર વેત્તાઓ' ને પત્તો પણ હોતો નથી. એવી રીતે અન્ય પ્રકારના વિજ્ઞાનશાસ્ત્રના પણ એજ હાલ છે. તો પછી કેવી રીતે કહી શકાય કે, વૈજ્ઞાનિકનું જ્ઞાન બહુજ છે. જેઓ પોતાનું સમસ્ત આયુષ્ય જ્ઞાનવૃદ્ધિને માટે જ અર્પણ કરી ચૂકયા છે એવા જ મનુષ્યોનાં ઉદાહરણ આપણે અહીં વિચાર્યાં છે.

વિજ્ઞાનની આ સ્થિતિ છે, જ્યારે તત્ત્વજ્ઞાનનો વિષય આખા વિશ્વ ઉપર ફરી વળે છે. તે વિશ્વનેજ સંપૂર્ણ તત્ત્વ સમજીને તેનું જ્ઞાન કરાવે છે. વળી વિજ્ઞાન તે દૃશ્ય જગતના વિભિન્ન અંગોનું પૃથક્ પૃથક્ અધ્યયન કરે છે, જ્યારે જે જ્ઞાનનો માનવ મસ્તિષ્કની સાથ સંબંધ છે તેવા જ્ઞાનની કોઈપણ ધારા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રથી બહાર હોઈ શકતી નથી. વિજ્ઞાનનો વિષય ઇન્દ્રિયોની સહાયતાથી મનુષ્ય જેટલો અનુભવ પ્રાપ્ત કરી શકે તેટલા પૂરતો જ છે. એટલે વિજ્ઞાન પ્રત્યક્ષ અનુભવવાદી છે અર્થાત્ દૃશ્ય જગત સુધી જ સીમિત છે. તત્ત્વજ્ઞાનનો ષવિય તો ઇંદ્રિયપ્રત્યક્ષ પૂરતો જ સીમિત નહીં રહેતાં ઇંદ્રિયાતીત વિષયોને પણ અવલોકીને અંતિમતત્ત્વના ખોજની કોશિશ કરે છે, અને અન્તિમ તત્ત્વના આધારપરજ જ્ઞાનધારાને સ્પષ્ટ કરે છે. વિશ્વના અદૃશ્ય અને ગૂઢ સિદ્ધાન્તો વિજ્ઞાનની દૃષ્ટિમાં આવી શકતા જ નથી. તેથી તેવા સિદ્ધાન્તના અભાવે વિજ્ઞાનનું જ્ઞાન પારમાર્થિક દૃષ્ટિથી પૂર્ણ કહી શકાતું જ નથી જેથી વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ હંમેશાં અપૂર્ણ અને એકાંગી હોય છે અને તત્ત્વજ્ઞાન પૂર્ણ અને સર્વાંગી હોય છે. વિજ્ઞાનનો આધાર કેવળ વ્યાપ્તિ છે. જ્યારે તત્ત્વજ્ઞાન તો વ્યાપ્તિ અને નિગમન એ બન્નેનો આધાર માનીને ચાલે છે. એટલે તત્ત્વજ્ઞાન વ્યાપ્તિ પદ્ધતિને તો સ્વીકારે જ છે, પણ સાથે જ નિગમન પદ્ધત્તિનો પણ ઉપયોગ કરે છે.

વિશેષ ઘટનાઓને જોઇને તેના આધારે એક સામાન્ય નિયમનું નિર્માણ કરવું એટલે કે અનેક ઘટનાઓના સંયોજનથી એક નિયમ બનાવવો તેને વ્યાપ્તિ કહેવાય છે. અને સામાન્ય નિયમના આધારે વિશેષ ઘટનાની કસોટીને

"નિગમન" કહેવાય છે. તે એક બનેલા નિયમનો વિશ્લેષણ પૂર્વક વિવિધ ઘટનાઓની સાથે મેળ સ્થાપિત કરે છે. સ્પષ્ટીકરણ યા જ્ઞાનના સંયુક્તીકરણ અર્થાત્ વિશેષસત્યોનું સામાન્ય સત્યના સિદ્ધાન્તોમાં પરિવર્ત્તન કરવારૂપ ઉદ્દેશ તો તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન બંન્નેમાં છે. અને એ ઉદ્દેશનેજ અનુલક્ષીને બન્નેનો પ્રયત્ન હોય છે. પરંતુ વિજ્ઞાન તેના અંતિમ કિનારા સુધી પહોંચી શકતું નથી. અને તત્ત્વજ્ઞાન તો અંતિમ કિનારા સુધી પહોંચી જાય છે. તત્ત્વજ્ઞાનની ખોજનો અંત તે સ્વયં સત્યનો અંત છે. એટલે જ્યાં સુધી સત્ય છે, ત્યાં સુધી તત્ત્વજ્ઞાન છે અને જ્યાં સુધી તત્ત્વજ્ઞાન છે ત્યાં સુધી સત્ય છે. તત્ત્વજ્ઞાન ત્રણેય કાળને માટે સદા અબાધ્ય જ છે. તેમાં શંકાને સ્થાન છે જ નહિ. જુદાજુદા કાળક્રમે જુદા જુદા મગજના માણસો જુદી જુદી શોધો અને પોતાના વિજ્ઞાનને ઉભાં કરે છે, પરંતુ વખત જતાં એ અદૃશ્ય થાય છે. અને તત્ત્વજ્ઞાન તો જગતમાં ચાલુ રહે છે. તત્ત્વજ્ઞાનમાં જડ અને ચેતન બન્નેના ગુણ અને પર્યાયનું સર્વાંગી શોધન છે. જ્યારે વિજ્ઞાનમાં પ્રાયઃ જડનાજ ગુણ તથા પર્યાયનું અને તે પણ અપૂર્ણ અને અનિશ્ચિત શોધન છે. ચેતનના લક્ષ્ય વિનાના કેવળ જડપુદ્ગલનાજ આવિષ્કારો અને તેનો ઉપયોગ, શુભ છેડાવાળા નથી. એવા વિજ્ઞાનની ઉત્પત્તિ પરોપકાર બુદ્ધિમાંથી જન્મેલી હોતી નથી. પરંતુ પ્રજાકીય સ્વાર્થમાંથી જ જન્મેલી હોય છે. માનવસેવાની વાગ્જાળના બળે તેવા આવિષ્કારો પ્રજાઓને આકર્ષે છે, પરંતુ તેમાં પરેલો સ્વાર્થ ખુલ્લો પડી જતાં આપોઆપ તે પ્રત્યેનો લોકવિશ્વાસ ઉડી જાય છે. અમુક ટાઈમ સુધી ચીજોરૂપે તે વિજ્ઞાન માનવ ઉપયોગમાં આવે, પરંતુ તેનો આખર નતીજો તો પ્રજાની પાયમાલી માટે જ નીવડે છે. હીરોશીમા પર પડેલ એટમ બોમ્બ એ તેનો પ્રત્યક્ષ પૂરાવો છે. એટલે દરેક આધ્યાત્મિક અને ભૌતિક આવિષ્કારોની પૂર્ણ સત્યતા કેવળ વિજ્ઞાનની જ નહિ પરંતુ તત્ત્વજ્ઞાનથી જ સમજાય છે.

આ રીતે પદાર્થનું પ્રાપ્ત જ્ઞાન એ વૈજ્ઞાનિક દૃષ્ટિ કરતાં તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી જ સ્વ અને પરને લાભદાયક છે. તત્ત્વજ્ઞાન અંગે વિચારીએ તો અનેક પ્રકારનું તત્ત્વજ્ઞાન સમય સમય પર જગતમાં જોવામાં દૃષ્ટિગોચર થાય છે. તે તત્ત્વજ્ઞાનના આવિષ્કારકોમાં ન્યૂનાધિક પ્રમાણમાં લોકસેવા, નિઃસ્વાર્થવૃત્તિ, ત્યાગ, તપ આદિ પણ જોવામાં આવે છે. તો વિવિધ દર્શનકારોએ વિવિધ પ્રરૂપેલ તત્વ જ્ઞાનો પૈકી કયા તત્ત્વજ્ઞાનને સંપૂર્ણ સત્યરૂપે સ્વીકારવું એ પ્રશ્ન ઉપસ્થિત થાય એ સ્વાભાવિક છે. એટલે એ માટે હવે વિચારીએ. જીવનના મૂળતત્ત્વોનું અધ્યયન કરવું, તેને સમજવાનો પ્રયત્ન કરવો અને વિવેકની કસોટીપર કસાએલ તત્વાનુસાર આચરણ કરવું એજ "દર્શન" નો જીવનની સાથે વાસ્તવિક સંબંધ છે.

માનવજીવનની આસપાસની પરિસ્થિતિઓ અને તેના પરંપરાગત સંસ્કારના આધાર પરજ પ્રત્યેક દાર્શનિકની વિચારધારા બને છે. અને તે કારણોની અનુકૂળતા–પ્રતિકૂળતાના અનુસારે આગળ વધે છે. સ્વભાવવૈચિત્ર્ય અને પરિસ્થિતિવિશેષના કારણેજ વિભિન્ન દાર્શનિક વિચારધારાઓમાં ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણ હોય છે.

વસ્તુચિંતનમાં જેવા જેવા ઢંગની સામગ્રી ઉપલબ્ધ થાય છે, તેવા ઢંગથી ચિંતનની શરૂઆત થાય છે.

મનુષ્યને પ્રાકૃતિક કૃતિઓ અને શક્તિઓની પાછળ કાર્યકરવાવાળી કોઈ શકિત પ્રત્યક્ષરૂપમાં દૃષ્ટિગોચર નહિં થવાથી ઉત્પન્ન થતા આશ્ચર્યને લીધે આગળ વધતી વિચારધારાને યુક્તિયુક્ત કલ્પનાઓ દ્વારા સંતુષ્ટ કરવાનો મનુષ્યનો પ્રયત્ન પણ "દર્શન"ના રૂપમાં પરિવર્તિત થઇ જાય છે. પ્લેટો અને બીજા ગ્રીક દાર્શનિકોએ

કરેલ દાર્શનિક નિર્માણ એ "આશ્ચર્ય"ના આધારે જ છે. પોતે સ્વયંના અસ્તિત્વપર અથવા બાહ્ય જગત અંગે ઉત્પન્ન થતા સંદેહથી મનુષ્યની વિચારશકિતદ્વારા આલંબિત માર્ગ પણ દર્શનનું રૂપ ધારણ કરે છે. પશ્ચિમમાં અર્વાચીન દર્શનોનો પ્રારંભ સંદેહથી જ થાય છે. તે ધાર્મિક ઉપદેશોને પણ સંદેહની દૃષ્ટિથી દેખે છે.

કોઈક દર્શન એવાં પણ છે કે આશ્ચર્ય અને સંદેહ પ્રત્યે બિલ્કુલ વિચારધારા નહિં કરતાં પોતાનું દૃષ્ટિકોણ ભૌતિકતાપ્રધાન બનાવી જીવનના વ્યવહારપક્ષની સિદ્ધિના માટે જ સિદ્ધાન્તો રજુ કરે છે. જે "વ્યાવહારિકતાવાદ" ના નામથી પ્રસિદ્ધ છે. ભારતીય પરંપરામાં આ દૃષ્ટિકોણવાળું દર્શન તે "ચાર્વાકદર્શન" કહેવાય છે. આ વિચારધારાવાળું દર્શન આધુનિક વિજ્ઞાનની જ અધિક સમીપ ગણાય. આ રીતે આશ્ચર્ય, જિજ્ઞાસા અને સંશયાદિના કારણોથી ઉત્પન્ન થયેલાં દર્શનો તે મુખ્યરૂપે તો પાશ્ચાત્ય પરંપરાનું જ પ્રતિનિધિત્વ કરે છે. ભારતીય પરંપરામાં તો દર્શનશાસ્ત્રનું મુખ્ય પ્રયોજન દુઃખથી મુકત થવાનું છે. ભારતીય દર્શનોમાં પ્રાયઃઆધ્યાત્મિક પ્રેરણા છે.

અહિં એ સમજવું જરૂરી છે કે, માનવ-જીવનની સાર્થકતા યા મહત્તા કેવળ વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર ઇત્યાદિ જીવન વ્યવહાર પૂરતી જ કેવળ નથી, પરંતુ જેનું મૂલ્યાંકન કરવાનું સામાન્ય શકિતથી બહાર છે, જેનું મૂલ્ય વ્યાવહારિક અંશથી પણ કેઈગણું અધિક છે, જે વ્યાવહારિક અંશને પણ કયારેક કયારેક માર્ગદર્શન કરનારૂં છે એવા આધ્યાત્મિક યા આન્તરિક જીવનશુદ્ધિથી જ મનુષ્યની મહત્તા છે. વર્ત્તમાનકાલીન અસંતોષની સાથે સાથે ભવિષ્યકાલીન ઉજ્વલતાનું દર્શન તે આધ્યાત્મિક દૃષ્ટિ છે. ભારતીય દર્શનોનું નિર્માણ આવા પ્રકારની પ્રેરણાથીજ થયેલું હોય છે. શાશ્વતશાંતિને પ્રાપ્ત કરવાની પ્રેરણા કરતું દર્શન તેજ આધ્યાત્મિક દર્શન છે. આધ્યત્મિક દર્શન તે જે સામાન્ય ચક્ષુથી દેખી ન શકાય તેવી ચીજ જોવાને ઇચ્છે છે, જેને સાધારણ ઇન્દ્રિયો પામી ન શકે એવી વસ્તુનો તે અનુભવ કરવા ચાહે છે. ભૌતિક વિચારધારાવાળી વ્યકિત આવી આધ્યાત્મિકતાથી બહુજ દૂર ભાગવાનો પ્રયત્ન કરે છે. તો પણ આધ્યાત્મિક દર્શનનું સ્તર બહુજ ઉંચું છે. જગતના મૂળતત્ત્વોનું વાસ્તવિક જ્ઞાન આવા આધ્યાત્મિક દર્શનો દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે.

ભારતીય સર્વ આધ્યાત્મિક દર્શનોનો મુખ્ય ઉદ્દેશ દુઃખનો નાશ અને શાશ્વત સુખની પ્રાપ્તિનો હોવા છતાં પણ દુઃખપ્રાપ્તિનું મૌલિક તત્ત્વ અને તેનું યથાસ્થિત સ્વરૂપ તો ફકત જૈન દર્શનદ્વારાજ જાણી-સમજી શકાય છે. કામ-ક્રોધ-લોભ-મત્સરાદિદુર્ભાવોની દુઃખનાં કારણ તરીકે ઓળખાણ સર્વ આધ્યાત્મિક દર્શનોમાં હોવા છતાં આત્મામાં તે દુર્ભાવો ઉત્પન્ન થવામાં કયું મૌલિક તત્ત્વ કામ કરી રહ્યું છે, તે તત્ત્વદ્વારા આત્મામાં દુર્ભાવો પેદા કરનાર તે તત્ત્વનો સંબંધ આત્માની સાથે કેવી રીતે થાય છે અને કેવી રીતે છૂટકારો થાય છે, તે તત્ત્વ બ્રહ્માંડમાં કઈ જગ્યાએ કેવા સ્વરૂપે રહેલું છે, તે તત્ત્વના સંબંધથી આત્મા કેવીકેવી દશામાં મૂકાય છે, શરીરાદિને ધારણ કરવામાં અને શરીરાદિ ભિન્ન ભિન્ન પ્રકારે રચના થવામાં પણ તે તત્ત્વનો ઉપયોગ કેવી રીતે થાય છે? તેનો સાચો ખ્યાલ જૈનેતર દર્શનકારો પામી શકયા નથી. તેમણે દુઃખપ્રાપ્તિનાં જે કારણો બતાવ્યાં છે તે મૌલિક તત્ત્વ નથી પરંતુ અમુક તત્ત્વની મિશ્રિત અવસ્થા છે. જીવોને દુઃખ પ્રાપ્ત કરાવનાર મૌલિક તત્ત્વની યથાસ્થિત સમજ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ધ્યેય દુઃખ નષ્ટ કરવાનું હોવા છતાં પણ દુઃખ નષ્ટ થઈ શકતું નથી. મૌલિક તત્ત્વની વાસ્તવિક ઓળખાણ

વિનાના આચાર અને વિચારો ઉચ્ચ લક્ષ્યવાળા હોવા છતાં દુઃખનો આત્યન્તિક વિયોગ કરાવી શકતા નથી. શરાબમાં ચકચૂર મનુષ્યની પાગલતામાં નશો એ પેટ તથા શરાબની મિશ્રિતતાથી ઉત્પન્ન થયેલી મનુષ્યની અવસ્થા છે. તે ટાઇમે વર્ત્તતું પાગલપણું નશાનેજ આધારે છે. તેમ છતાં મનુષ્યને પાગલ અવસ્થાનું મૌલિક તત્ત્વ તે નશો નહીં પણ શરાબજ છે. શરાબ પીવાથી જ એટલે ઉદરમાં તેનો પ્રક્ષેપ થવાથી જ નશારૂપે તે પરિણમી મનુષ્યને પાગલ બનાવે છે. કેવળ અમુક દુકાન કે પીઠા ઉપર રાખી મુકેલ શરાબ, મનુષ્યને પાગલ બનાવી શકતો નથી. નશાનું મૂળતત્ત્વ શરાબને જે ન જાણે, શરાબપાન ન છોડે, ત્યાં સુધી તે અવારનવાર પાગલ અવસ્થાનો ભોક્તા બનતો જ રહે છે. એ રીતે કામક્રોધાદિ દુર્ભાવો આ મૌલિક તત્ત્વરૂપે નથી પરંતુ આત્માની સાથે સંમિશ્રિત થયેલ અને આત્મા સ્વયંના પ્રયત્નથી જ પરિણામ પામેલ એક મૌલિક તત્ત્વના યોગે જ પ્રાપ્ત થતી આત્માની વિભાવદશા છે. જે કોઈ દૃશ્ય પદાર્થો જગતમાં ખડા થાય છે, વૈજ્ઞાનિકોએ જે કંઈ ભૌતિક આવિષ્કારો આવિષ્કૃત કર્યાં છે, જીવનવ્યવહારમાં જે કોઈ અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રીઓ ઉપલબ્ધ છે તે સર્વેના એક મૌલિક તત્ત્વની સમજ સંપૂર્ણ સ્વરૂપે જૈન દર્શન સિવાય પ્રાપ્ત થઈ શકતી જ નથી. તે મૌલિક તત્ત્વને જેણે જાણ્યું, સમજ્યું, તેમાંથી થતાં વિવિધ પરિણામો (અવસ્થાઓ) વિચાર્યાં, તેજ આત્માઓ જગતના સ્વરૂપને સમજી શકયા છે અને સમજશે. તે તત્ત્વના સ્વરૂપની સમજ વિના કેવળ આત્મતત્ત્વનીજ સામાન્ય સમજણ માત્રથી કોઈપણ જીવો શાશ્વત સુખને પામી શકયા નથી. જ્ઞાનના ઓછા ક્ષયોપશમથી કદાચ તે તત્ત્વ સમજવામાં ઓછું આવે, પરંતુ તે તત્ત્વના જાણકાર જ્ઞાનીઓના વચનાનુસાર તે તત્ત્વના સંબંધથી આત્માને મુક્ત કરવા અંગે થતા આચાર-વિચાર અને વિવેકને સમજનાર, આચરનાર આત્માઓ પણ ચિરઃસ્થાયી શાંતિને પ્રાપ્ત કરી શકયા છે. તે મૂળતત્ત્વ "પુદ્ગલ" દ્રવ્ય જ છે. જગતમાં વિવિધસ્વરૂપે દૃષ્ટિગોચર થતા પદાર્થોનું મૌલિકતત્ત્વ પરમાણુ છે. પરંતુ પદાર્થો અમુક સમૂહ પ્રમાણ પરમાણુની એકત્ર બનેલી પુદ્ગલવર્ગણામાંથી જ જીવ પ્રયત્ન વડે પરિણામ પામેલા હોઇ તે મૌલિક પુદ્ગલવર્ગણાઓનું સ્વરૂપ પ્રથમ આપણે વિચાર્યું છે. આ રીતે દૃશ્ય જગતના મૌલિકતત્ત્વની સમજ જૈનદર્શનદ્વારાજ પ્રાપ્ત થતી હોઇ જૈન તત્ત્વજ્ઞાન જ સંપૂર્ણ સત્યતત્ત્વજ્ઞાન છે. આ અંગે આગળ વધુ વિચારશું.

(ક્રમશઃ)


## હાથે તે સાથે

**શ્રી જિનાલયના જિર્ણોદ્ધારમાં આપની લક્ષ્મીનો સદુપયોગ કરી મહાન પુણ્ય ઉપાર્જન કરો !**

શ્રી ઉંઢાઇ (તારંગા) નું જિનાલય પ્રાચીન છે. ખાસ જીર્ણોદ્ધાર તાત્કાલિક માંગે છે, આ સોનેરી તક છે. શ્રી સંઘો, ટ્રસ્ટી સાહેબો તથા ભાઇ-બહેનોને નમ્ર વિનંતિ કરવામાં આવે છે કે સારી એવી રકમ જીર્ણોધ્ધારના શુભ કાર્યમાં આપી આપનું શુભ નામ લખાવશો.

શ્રી જિનાલયનાં ઉપકરણો રસીદ આપીને સ્વીકારવામાં આવે છે. **શ્રી માણિભદ્રવીર** ચમત્કારિ પ્રતિમાજી બિરાજમાન છે. પૂ. આચાર્યદેવ આદિ મુનિવરોને વિનંતિ જે આ શુભ કામ માટે જરૂર ઉપદેશ આપી અમને આભારી કરશો. કોઇ દાતા સારી એવી રકમ આપશે તો તકતી લગાડવા શ્રી સંઘ વિચાર કરશે.

શ્રી ઉંઢાઇ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ વતી

**ડાહ્યાભાઇ વી. શાહ**

મુંબઈ વહિવટ કર્તા.

મદદ મોકલવાનું સ્થળ : **ડાહ્યાભાઇ વી. શાહ**

પતંગ બ્રાન્ડ સોપ ફેકટરી, ૩૮૦ / શંકરશેઠનો બંગલો
ગીરગામ રોડ મુંબઇ—૨

# જ્ઞાન ગોચરી

શ્રી ગવેષક

અનેક સામયિકો, પુસ્તકો તથા ઉપયોગી સાહિત્ય નોંધોમાંથી 'કલ્યાણ'ના ઉદ્દેશને અનુરૂપ સાહિત્ય ચૂંટીને અહિં રજુ થઈ રહ્યું છે. જે 'કલ્યાણ'ના વાચકોને અવશ્ય આકર્ષિત કરશે ને જાણવા-સમજવા જેવું જીવનોપયોગી વાંચન પ્રાપ્ત થશે તે આશાએ આ વિભાગનું સંપાદન થઇ રહ્યું છે. આવું 'કલ્યાણ'ના ઉદ્દેશને અનુરૂપ પ્રેરક, જીવનોપયોગી તથા માર્ગદર્શન આપનારું જે કાંઇ સાહિત્ય પ્રાપ્ત થાય તે અમારા ઉપર મોકલવા સહુને અમારો આગ્રહ છે.

⊙

## આયુર્વેદનો મારો અનુભવ

આજે જ્યારે ઘણા દાકતરોને મોઢેથી હું સાંભળું છું કે 'આયુર્વેદ' નકામો છે, એનામાં સત્ત્વ નથી' ત્યારે મને સાચે જ ખેદ થાય છે. એટલા માટે કે જે લોકોએ આયુર્વેદના ગ્રંથો વાંચ્યા નથી, જેમને આયુર્વેદ સંબંધે કોઇ જાતમાહિતી નથી, તેઓ શા માટે આવી અનધિકાર ચેષ્ટા કરતા હશે?

કેટલાક લેભાગુ વૈદ્યોની વાતો સાંભળીને આખા આયુર્વેદ વિષે જો તેઓ મત આપતા હોય તો એની સામે લેભાગુ દાકતરોની વાતો સાંભળીને કોઈ 'એલોપથી' ઉપર પણ આવો જ મત આપી શકે કે 'દાકતરોને કાંઈ ખબર પડતી નથી, ખબર ન પડે એટલે વાઢકાપની જરૂર છે એવી વાતો કરે છે, અને ઘણી વાર તો નકામી વાઢકાપો ને નકામાં ઈંજેકશનો જ આપતા હોય છે.'

આ નકામાં ઈંજેકશનની વાતો કોઇ ધારે એટલી ખોટી નથી. બેત્રણ વરસ પહેલાં મુંબઈમાં એક વિચિત્ર પ્રકારનું દરદ આવ્યું હતું. એકદમ તાવ ચડી જાય. ખૂબ પરસેવો થાય. અંગેઅંગ ભાંગવા માંડે. સેંકડો ઘરોમાં તો બધા જ આ દરદમાં પટકાયા હતા. સેંકડો ઘરોમાં કોઇ સારવાર કરનારુયે નહોતું.

ત્યારે અમારા આ બાહોશ અને ખાસ કરીને અમે જ બધું જ સમજીએ છીએ એવી ગુલબાંગો હાંકનારા અમારા આ દાકતર મિત્રો એક ઇંજેકશન લઈને નીકળ્યા. દાકતરોની સલાહ ઉપરથી જાહેર સંસ્થાઓએ, ઇસ્પિતાલોએ, સરકારે, મ્યુનિસિપાલિટીએ આ ઇંજેકશન વસાવ્યાં. ઘર ઘર ફરી ફરીને માંડયા ઇંજેકશનો દેવાને. કાંઈ ત્રીસેક લાખ રૂપિયાનાં ઈંજેકશનો મફત ને કાંઈક પચાસેક લાખ રૂપિયાનાં ખાનગી ઇંજેકશનો દેવાઈ ગયાં.

અને પછી ખબર પડી કે આ ઈંજેકશનોથી કાંઈ ફાયદો થતો જ ન હતો. એ તમામ પૈસા પાણીમાં જ ફેંકાયા હતા. દરદ તો દેશી વૈદો ને દેશના લોકો જેને 'રંગીલું' કહે છે એ હતું ને ચારપાંચ દિવસમાં કોઈ દવા ના કરો તો પણ એની મેળે બેસી જતું હતું.

અને છતાં બાવો નાચ્યો ને બોડકીયે નાચી; એમ દાકતરો તો ઈંજેકશનો લઇને મેદાને પડયા હતા. ને એની પાછળ અમારા જાહેર કાર્યકરો ને સસ્તામાં મોટી સેવા કરી નાખવાની ચાલતી ગાડીએ ચઢી બેસનારાઓ કશી જ તપાસ કર્યા વગર જ 'ઈંજેકશન લ્યો, ઇંજેકશન

હશે !' એમ દાકતરોની પાછળ ચાલી નીકળ્યા હતા.

આ થઈ મુંબઈની વાત-જ્યાં કંઈક માણસો લેભાગુ દાકતરોને ટલ્લે ચડીને તન ને ધનથી ખુવાર થાય છે. કાંઈક ઓડની ચોડ જેવી વાઢ-કાપો થઇ જાય છે. ટૉન્સિલ કાપવા હોય ને આંતરડાં કાપી નાખે છે. આમ છતાં કોઈ વૈદ 'એલોપથી' ખોટી છે, એમ કહેવા નીકળ્યો જાણ્યો નથી

મેં ઉપર વાત લખી એ તો હવે મુંબઈનો હરકોઈ જાણે છે. પણ થોડાં વરસો પહેલાં મારા જ ઘરમાં મારીજ નજર તળે બનેલી વાત કહું. હું કોઈ દાકતરોનાં નામો નથી આપવા માગતો. પણ મુંબઈની અંદરના ત્રણ ખ્યાતનામ દાકતરો અને એક લેડી ડૉકટર અને મુંબઈ બહારના એક એટલા જ ખ્યાતનામ દાકતરો એમાં સંડોવાયેલા છે.

વૈદ તરીકે વૈદરાજ જાદવજી ત્રિકમજી આચાર્ય, દરદી તરીકે મારી પત્ની નીલા. વૈદ-રાજની કૃપાથી આજ પણ જીવતી છે.

ઇ. સ. ૧૯૪૨ ની સાલમાં મારાં તે વખતે સગર્ભા પત્નીને એક અકસ્માત થયો, પરિણામે એને કસુવાવડ થઇ.

ત્યારપછી લોહી બંધ ના થાય.

હું એને મુંબઈના એક જાણીતા દાકતર પાસે લઇ ગયો. એમણે કહ્યું: 'તાત્કાલિક ઓપરેશન કરવું પડશે.' એમને હાથે તત્કાલ ઓપરેશન થયું. સાત દિવસે ઘેર લાવ્યો.

ઘેર આવ્યા પછી ત્રીજા દિવસે એમને ફરિયાદ પૂરા અને ભયંકર પ્રમાણમાં શરૂ થઈ.

તાબડતોબ હું એમને બીજા ખ્યાતનામ દાકતર પાસે લઈ ગયો.

'તત્કાળ ઓપરેશન કરવું પડશે.'

ઓપરેશન થયું એમને હાથે. સાત દિવસે ઘેર આવ્યાં.

ઘરમાં હજી તો પગ મૂકયો ના મૂકયો ત્યાં ફરિયાદની શરૂઆત થઈ. દાકતર સાહેબને ખબર આપ્યા. દાકતર સાહેબ કહે: 'કયારેક એમ થાય છે, પણ ગભરાવું નહિ ચોવીસ કલાકમાં આપમેળે શમી જશે.

પરંતુ ચોવીસ કલાકમાં ના શમ્યું, ચાર દિવસે ના શમ્યું; બલ્કે રોજ રોજ વધવા માંડયું.

એટલે હું એને ખ્યાતનામ લેડી દાકતર પાસે લઇ ગયો.

'ઓપરેશન કરવું પડશે.'

મેં કહ્યું: 'કરો.'

ઓપરેશન થયું. સાત દિવસે ઘેર આવ્યાં.

ને વળતે દિવસથી ફરિયાદ પાછી ચાલુ થઈ.

મને થયું કે ગમે તેમ હો, આમાં આખા મુંબઇના દાકતરને કાંઇ સમજ પડતી લાગતી નથી. એટલે મારાં પત્નીને લઇને મેં મુંબઈથી દૂર દૂર એક ખ્યાતનામ દાકતરનો આશરો લીધો.

'ઓપરેશન-તત્કાળ ઓપરેશન.' એમનો મત પડયો.

અને ઓપરેશન થયું. સાત દિવસ ત્યાં રહ્યાં.

આ અરસામાં મુંબઈ ઘણુંખરું ખાલી થયું હતું. એટલે ત્યાંથી મારાં પત્નીને એમના ભાઇ ખારાઘોડામાં કસ્ટમ ખાતામાં વેટરનરી સરજન હતા ત્યાં મૂકવાને ગયો.

મૂકવા જતાં જે પહેલો જ ડબ્બો મેં બેસવા માટે પસંદ કર્યો એમાં, મારાં પત્નીના ગ્રહો હજી સવળા હશે, કે મને એક અણધારી ઓળખાણ થઈ. એ ડબ્બામાં જામનગર તરફ જતા વૈદરાજ જાદવજીભાઈ હતા. આમ જાદવજી-ભાઈની મને ઓળખાણ થઈ. મારી એ એમની સાથેની પહેલી જ ઓળખાણ.

વાત નીકળતાં મેં મારી રામકહાણી એમને સંભળાવી. એટલે જાદવજીભાઇએ વીરમગામ

સ્ટેશનના વેઈટિંગ રૂમમાં મારાં પત્નીને તપાસ્યા.

મને કહ્યું : 'ઠીક છે જુઓ. હમણાં તો તમે ખારાઘોડા જાઓ છો ને હું જામનગર જાઉં છું. મારી જરૂર લાગે તો મને પછી મુંબઇમાં બતાવજો.'

ત્યારે હું જાદવજી અદ્દાના સ્વભાવથી માહિતગાર નહિ. એટલે મને થયું કે ઠીક છે, આ ડોસાનેય કાંઈ સમજ પડતી લાગી નહિ !

ખારાઘોડા મારાં પત્નીને એમના ભાઇને એમની માતાને હવાલે સોંપીને હું મુંબઈ પાછો આવ્યો.

થોડા દિવસ થયા ને ખારાઘોડાથી તાર આવ્યો: 'તમારાં પત્નીની હાલત ગંભીર છે, જલદી આવો.'

હું ખારાઘોડા ગયો. મારાં પત્નીની હાલત જોઇને શોક પામી ગયો. કોઈનીયે કોઇ વાત માન્યા વગર હું રેલવેના ડબ્બામાં એમને નાખી મુંબઈ લાવ્યો.

લગભગ આઠ મહિના અમારી આ રામ-કહાણી ચાલી હતી ત્યાં મારાં પત્નીને દિવસમાં રોજ છ સાત જોડ કપડાં બદલાવવાં પડે. લોહી અખંડ ચાલ્યું જાય. જેનું સામાન્ય વજન એકસો ને ચાલીસ એનું વજન એંસી રતલનું. ચાલી શકે નહિ, બોલી શકે નહિ, ખાઇ શકે નહિ.

મુંબઈમાં આવતાંવેંત તરતજ મેં પાંચમા દાકતર સાહેબ–એ પણ ખ્યાતનામ ગણાય છે– એમને બતાવ્યું.

એ મને કહે: 'ઓપરેશન. પણ તકલીફ એ છે કે આ બાઈ હમણાં ઓપરેશન બરદાસ્ત કરી શકે એમ નથી. માટે એમ કરો, હું દવા લખી આપું, એ એક માસ ખવડાવો. ને ખવડાવ્યા પછી એક માસને અંતે પાછાં લાવો.'

પરંતુ હવે એક માસ મારાં પત્ની ખેંચી શકે એમ મને ના લાગ્યું. હવે શું કરવું ? બે ચાર મિત્રોની સલાહ લીધી. એમાંનાં એક મને કહ્યું : 'બધું છોડીને વૈદરાજ જાદવજી ત્રિકમજી આચાર્ય પાસે જાઓ.' એ પણ આચાર્ય. હું પણ આચાર્ય. પણ અમે સગા થતાં નહોતા. એક નાતના નહોતા. ને એકબીજાને ઓળખતાયે નહોતા.

ત્યારે મને વીરમગામની વાત યાદ આવી,

હું એમને મળ્યો. એમણે મને દવા આપી. એ દવામાં બીજી બેચાર દવાઓનાં નામ યાદ નથી, પણ એ દવા 'આરોગ્યવર્ધિની' હતી એટલું બરાબર યાદ છે.

હું એમની સાથે વધારે વાત કરવા જતો હતો ત્યાં એમણે મને કહ્યું : 'આપણે ચાર દિવસ પછી વાત કરશું.'

મેં દવા શરૂ કરી. ત્રીજે દિવસે લોહી બંધ થયું. મારી પત્નીએ ચોથે દિવસે ટેકસીમાં જાતે વૈદરાજ પાસે આવવા ઈચ્છા બતાવી. અમે બે ગયાં.

આઠ દિવસે મારાં પત્ની ઘરમાં થોડું થોડું હરતાંફરતાં થઇ ગયાં. લોહી સદંતર બંધ થયું તે ફરીને આવ્યું નહિ. પંદર દિવસે ઘર બહાર નીકળતાં થયાં. વજન વધવા માંડ્યું. સાડાત્રણ મહિને એમના નખમાંયે રોગનું નામનિશાન ના રહ્યું–આજની ઘડી સુધી.

એ દરમિયાન 'અદ્દા'ને ને મારે બાપ-દીકરા જેવો સંબંધ થયો હતો. મેં એમને પૂછ્યું : 'અદ્દા, હતું શું ?'

જાદવજી અદ્દા કહે : 'નીલાને કાંઇ હતું જ નહિ. ઘણીખરી તો તેં હાથે વહોરેલી અણુ સરજી પીડા જ ભોગવી છે. પણ તું પહેલેથી દાકતર ને ઓપરેશનને રવાડે ચડી ગયો ને દાકતરોએ એને આડી ને ઊભી કાપી નાખી. મૂળ વાત કોઇએ જોઈ નહિ. એની ફરિયાદ તો બીજી જ હતી.'

આ મારો પોતાનો અંગત અનુભવ છે.

ને દાકતરોનો મને આવો બીજો પણ અનુભવ છે. એની વળી કયારેક ફરીવાર વાત કરીશ.

મને દાકતરો સામે દ્વેષ નથી. ઘણા દાકતરો મારા ઘણા નિકટના મિત્રો છે. મારુ કહેવાનું માત્ર આટલું જ છે: જેમ કોઇ બે પાંચ દાકતરોના વસમા અનુભવથી આપણે 'એલોપથી'ને ભાંડી ના શકીએ તેમ બે ચાર લેભાગુ વૈદની વાતો ઉપરથી 'આયુર્વેદ'ને પણ નિંદવાની જરૂર નથી. જેમ કોઈ માણસ એલોપથી વિષે જાણ્યા વગર એલોપથીને ગાળો ભાંડવા માંડે તો એની વાત પ્રલાપ કહેવાય, તેમ 'આયુર્વેદ'ના ગ્રંથો વાંચ્યા વગર જ, જાણ્યા જોયા વગર જ કોઇ દાકતર 'આયુર્વેદ'ની નિંદા કરવા લાગે તો એ એનો પણ કેવળ પ્રલાપ જ છે. અને ઘણી વાર એવા પ્રલાપમાં જ્ઞાન, અનુભવ કે નિષ્પક્ષ વિચારણા કરતાં અંગત સ્વાર્થ જ વધારે બોલતાં હોય છે.

**શ્રી ગુણવંતરાય આચાર્ય**

(અખંડઆનંદ)

⊙

## પાપનો બાપ કોણ?

**ગામના** લોકો આજે બહુ આનંદમાં હતા. બાર વર્ષ પહેલાં વિદ્યાભ્યાસ કરવા કાશી ગયેલો એક સામાન્ય બ્રાહ્મણ-પુત્ર આજે મહાવિદ્વાન બનીને પાછો ફર્યો હતો. તેનાં માતાપિતા આ બાર વર્ષ દરમિયાન મૃત્યુ પામ્યાં હતાં ને ગામના લોકો તેને ભૂલી પણ ગયા હતાં એવામાં એ ગામમાં પાછો ફર્યો. તેનું નામ પંડિત ચંદ્રશેખર. એણે અનેક પદવીઓ પ્રાપ્ત કરી હતી. ન્યાય, વ્યાકરણ, વેદાંત, જયોતિષ, ધર્મશાસ્ત્ર બધી વિદ્યાઓ અને વિષયોમાં એ પારંગત. ગામના શાસ્ત્રપ્રેમી વૃદ્ધો તો તેની વેદાંતની સૂક્ષ્મ વ્યાખ્યા સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા. આટલું બધું પંડિત્ય? ત્યાં શ્રોતાઓમાંથી એક અભણ ખેડૂતે પ્રશ્ન કર્યો: 'મહારાજ, એ તો બતાવો, પાપનો બાપ કોણ?'

'પાપનો બાપ?' ક્ષણમાત્રમાં પંડિત ચંદ્રશેખરના મનમાં આ પ્રશ્ન ગુંજી રહ્યો. શાસ્ત્રોનાં બધાં પૃષ્ઠો એના માનસપટ પર ફરી ગયાં. કયાંયથી ઉત્તર મળ્યો નહીં. એ પણ યાદ ન આવ્યું કે કયા શાસ્ત્રમાં આ પ્રશ્નની ચર્ચા કરવામાં આવી છે. એને બહુ દુ:ખ થયું. સભા છોડીને ચાલી નીકળ્યો. જઇ પહોંચ્યો કાશી. શાસ્ત્રો ફેંદ્યાં, ગુરુઓને પૂછ્યું જાતજાતના ઉત્તરો મળ્યા, પણ તેના મનનું સમાધાન ન થયું તે ન જ થયું. કાશી છોડીને તે પ્રયાગ પહોંચ્યો બીજી અનેક જગ્યાએ મહિનાઓ સુધી ભટકતો રહ્યો પરંતુ પ્રશ્નનો ઉત્તર કયાંય મળ્યો નહિ. પ્રશ્ન ઊલટાનો વધુ જટિલ બનતો ગયો. ત્યારે એને લાગ્યું કે આ પ્રશ્નનું સમાધાન શાસ્ત્ર દ્વારા નહિ જ થાય; થશે તો માત્ર આત્મચિંતન-મનન વડે જ થશે. ત્યાં સુધી તો આ યુવાન પંડિતને ખબર જ નહોતી કે જ્ઞાન સિવાય 'અનુભવ'થી પણ શાસ્ત્રીય પ્રશ્નોનું સમાધાન થઇ શકે છે. એક દિવસે કૃશ થઈ ગયેલા શરીરવાળો ચંદ્રશેખર ચિંતામગ્ન દશામાં ભાનભૂલેલા જેવો, પૂનાના એક બજારમાંથી જઈ રહ્યો હતો ત્યારે ત્યાંની એક વેશ્યા વિલાસિનીની નજર તેના પર પડી. વેશ્યાને લાગ્યું કે, 'આ બ્રાહ્મણ કોઇ ને કોઈ ચિંતાથી ઘેરાયેલો છે.' તેને વિચાર આવ્યો: 'આ બ્રાહ્મણને મદદ કરવાથી જરૂર પોતાને પુણ્ય મળશે.' તેણે દાસીને નીચે મોકલી અને પંડિતજીને ઉપર બોલાવ્યા. વિલાસિનીએ દૂરથી જ તેને સાષ્ટાંગ પ્રણામ કર્યા, તેના ચરણોમાં ફૂલ ચડાવ્યાં અને પૂછ્યું: 'મહારાજ, આપને કઈ ચિંતા ઘેરી વળી છે? આ દાસી આપને ચિંતામુકત કરશે, કહો.'

પંડિતજી હસ્યા, તેમણે કહ્યું: 'મારી ચિંતા ધનથી કે તનથી દૂર થાય એવી નથી. મારે તો સંસારના મૌલિક પ્રશ્નનો ઉત્તર મેળવવો છે: 'પાપનો બાપ કોણ?' વિલાસિનીએ ફરી

પ્રણામ કર્યાં અને કહ્યું, 'એક અઠવાડિયા જેટલો મને સમય આપો. અહીં આપના પ્રશ્નનું સમાધાન જરૂર થઇ જશે. મને જીવનમાં એકાદ પુણ્યકાર્ય કરવાની એક તક આપો. આપના રહેવાની વ્યવસ્થા અલગ ઓરડામાં થઈ રહેશે. સંધ્યા–પૂજા વગેરેની વ્યવસ્થા પણ, આપની ઇચ્છા મુજબ થઇ રહેશે. ભોજન આપ જાતે જ બનાવજો. બધી જ સામગ્રીઓ શુદ્ધ અને પવિત્ર હશે.

એક બાજુ અત્યંત કુશળ વેશ્યાનો વિનય વિવેક અને બીજી બાજુ સીધાસાદા પંડિત જીનું નિશ્ચલ મન. પંડિતજી રોકાઈ ગયા. શુદ્ધ ભોજન, આરામદાયી જીવન, મરજી મુજબ પૂજાપાઠ કરવાની સ્વતંત્રતા–ચારપાંચ દિવસમાં પંડિતજીનો થાક દૂર થઈ ગયો, મનમાં તાજગી આવી ગઈ અને આશા પણ બંધાઈ કે મારા પ્રશ્નનો ઉકેલ અહીં જરૂર મળી જશે. સાતમે દિવસે સવારમાં જ વિલાસિની પંડિતજી સમક્ષ હાજર થઈ. હાથ જોડીને એણે કહ્યું: 'મહારાજ, મારી એક વિનંતિ આપે માન્ય રાખવી પડશે. આજે આપનું ભોજન હું જ મારે હાથે તૈયાર કરીશ. આજે આપ જ મારા દેવ છો. આજે આપને ભાત ભાતના ભોજન જમાડીને હું આપને દશ સુવર્ણમુદ્રાઓ ભેટ ધરીશ. મને આટલું પુણ્ય આપ લેવા નહીં દો તો તેનું પાપ આપને લાગશે.

પંડિત ચંદ્રશેખર વિચારમાં પડી ગયા 'જીવનમાં કોઈ દી આવું ભોજન જમ્યા નથી! ને દશ સુવર્ણમુદ્રા !! ને વળી પુણ્ય કાર્યમાં સહાય !!'

પંડિતજીએ કહ્યું: 'ભલે જેવી તમારી ઇચ્છા.'

રસોઇ તૈયાર થઇ જતાં પંડિતજી ચંદનના બાજઠ ઉપર ભોજન કરવા બેઠા. તેમની સામે ચાંદીના થાળમાં ભાત ભાતનાં ભોજન હતાં. સામે જ સોનાની તાસકમાં દશ સુવર્ણમુદ્રાઓ જાણે ધન્ય બનીને હસી રહી હતી. પંડિત ચંદ્રશેખરે પ્રથમ ગ્રાસ લેવા જેવો હાથ લંબાવ્યો ત્યાં જ વિલાસિનીએ ચાંદીનો થાળ પાછો ખેંચી લીધો.

'મહારાજ, હું વેશ્યા ને તમે મહાજ્ઞાની પંડિત! મારા વિચારોની ભૂલભૂલામણીમાં આવી જઇને આપ આપનું આચરણ ભ્રષ્ટ કરવા તૈયાર થઇ ગયા! બોલો, શા માટે? આપની નિષ્ઠાનો ભંગ કરનાર આ પાપને જે ભાવે આપના મનમાં જાગ્રત કર્યું તે લોભ જ પાપનો બાપ છે.'

પંડિત ચંદ્રશેખરની ક્ષુધા શાંત થઇ ગઈ. એમને પ્રશ્નનો ઉત્તર મળી ગયો. તેમણે કૃતજ્ઞતાથી વેશ્યા તરફ જોયું અને ચૂપચાપ નીચે ઉતરી ગયા અને પ્રસન્ન વદને તેઓ ફરી પાછા પોતાના ગામ જવા નીકળી પડયા.

⊙

## સાંસ્કૃતિક કાર્યક્રમો

**આજ** આપણા દેશમાં સાંસ્કૃતિ કાર્યક્રમોની સર્વ સ્થળે ધમાલ છે. કોઈ પણ શિક્ષણસંસ્થા જુઓ, કોઈ પેણ રાષ્ટ્રીય તહેવારમાં સામેલ થાઓ, અથવા કોઈ વિદેશી અતિથિના સ્વાગતસમારંભમાં જાઓ, તો આપને બધે જ પાયલના ઝણકાર અને ઝાંઝરની મધુર રૂમઝૂમ સભંળાશે.

આજે આપણે સાંસ્કૃતિક કાર્યક્રમોનો શો અર્થ સમજીએ છીએ? શું વખતોવખત યોજવામાં આવતા નૃત્ય–ગીતોના કાર્યક્રમોને જ આપણે સંસ્કૃતિક કાર્યક્રમમાં સમાવી લીધા છે? સંસ્કૃતિનાં ઉત્તમ તત્વોને માત્ર સંગીત અને અભિનયમાં જ મર્યાદિત કરી દેવાં એ કેટલે સુધી ન્યાય્ય છે? સંસ્કૃતિ એ તો કોઈ પણ રાષ્ટ્રની સંપૂર્ણ પરંપરાને દર્શાવનારી હોય છે. સેંકડો વર્ષોથી આપણા રાષ્ટ્રે જ્ઞાન, વિજ્ઞાન, નીતિ, ધર્મ, કલા અને

ચિંતનના ક્ષેત્રમાં જે કંઈ પ્રાપ્ત કર્યું છે, તેનો સમુચ્ચય એ જ આપણી સંસ્કૃતિ છે. તો પછી એ નથી સમજાતું કે આપણે આજે (સંસ્કૃતિનાં મહત્વનાં અંગોને ત્યજી દઇ) માત્ર સંગીત અને નાચને જ સંસ્કૃતિ કેમ સમજી રહ્યા છીએ ?

આપણે ત્યાં અને વિદેશોમાં હાલ સંસ્કૃતિને નામે જે પ્રદર્શનો થઈ રહ્યાં છે, એ સંસ્કૃતિ તો છે જ નહીં, બીજું ગમે તે હો સરળતા, સૌમ્યતા, આધ્યાત્મિકનિષ્ઠા, પ્રાણીમાત્ર તરફ આત્મીયતા, મૈત્રીભાવ, ત્યાગ, સેવા, અહિંસા, સત્ય અને વિશ્વબંધુત્વની ભાવના, એ જ ભારતીય સંસ્કૃતિનાં મૂળ તત્વો છે; જેનાલીધે આપણા રાષ્ટ્રનું સર્વત્ર સન્માન થાય છે.

પરંતુ આજ આપણે શું જોઇ રહ્યા છીએ ? આપણા દેશનાં વિદ્યાલયોના મોટા ભાગનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનો ઘણો સમય એ કાર્યક્રમોની તૈયારીઓ કરવામાં જ ખર્ચાઈ જાય છે. આજે પંદરમી ઓગષ્ટ છે, તો કાલે છવ્વીસમી જાન્યુઆરી છે; આજે યુવક-યુવતીઓનું સંમેલન છે, તો કાલે કંઈ બીજું છે. શાળા અને કોલેજોનો કોઈ ઉત્સવ, જ્યાં સુધી એક મધુર અને કર્ણપ્રિય સાંસ્કૃતિક કાર્યક્રમ તેની સાથે ન હોય ત્યાં સુધી સફળ ગણાતો નથી!

અમે એ શિક્ષણશાસ્ત્રીઓને પૂછીએ છીએ કે, શું એની કંઇ બૂરી અસર એ અણુવિકસિત બુદ્ધિવાળા ઉંમરલાયક વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ પર નહિ પડતી હોય ?

વળી કેન્દ્રસરકારના શિક્ષણખાતાએ એક બીજી શિક્ષણપ્રવૃતિ જગાવી છે. અને તે છે 'આંતર વિશ્વવિધાલય યુવક સંમેલન.' એ યુવક સંમેલનના નામે શિક્ષણવિભાગ દ્વારા જનતાના પરસેવાની કમાણીના પૈસા બેધડક લૂંટાવાય છે! પરંતુ કોઇને ખબર છે કે એ સ નોમાં શું થાય છે ? તે વખતે યુવાનો કેવી ગુંડાગીરી કરે છે, ભૂંડાંઇ અને સ્ત્રીઓનાં શિયળભંગને પ્રત્યક્ષ પ્રોત્સાહન મળે છે ! ગયે વર્ષે મૈસૂરમાં પણ એવું જ બન્યું, જ્યાં ગુંડાગીરીને રોકવા પોલીસને ગોળી ચલાવવી પડી અને ઘણા વિદ્યાર્થીઓ ઘાયલ થયા!

આજ વિદેશી મહેમાનો આપણી સભ્યતા, વિચારસરણી અને જીવનનિવાહનાં સાધનો નીરખવા માટે આવે છે; પરંતુ આપણે તો ભારતની વાસ્તવિકતા બતાવવાને બદલે કલ્ચરલ પ્રોગ્રામ (?) ને નામે તેમને બતાવીએ છીએ આપણી યુવાન બહેનદીકરીઓના નાચ!

**પં શ્રી ભવાનીલાલજી.**

⊙

ફોન : ૭૦૫૬૬
બુઢીમાઇ
સ્થાપિત

ગ્રામ:
'બુઢી સુરમા'
મુંબઇ ૯.
૧૦૦ વર્ષની
જુની પેઢી

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક

જગપ્રસિદ્ધ બુઢીયાના સુરમા

**દાતુ મનજી પદમશી સુરમાવાલાના**

સાચા મોતીના ઉંચી જાતના ગુણકારક સુરમાઓ આંખોની રોશની માટે ઉપયોગી સાબીત થયા છે.

અમારૂં એક જ ઠેકાણું યાદ રાખો:—

સંપૂર્ણ વિગત સાથેનું સુચીપત્ર મંગાવવાથી ફ્રી મોકલાવામાં આવશે.

જગપ્રસિધ્ધ

**દાતુ મનજી પદમશી સુરમાવાલા**

ડુંગરી, પાલાગલી, ૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, મું-૯
ડોકટરને મલવાનો સમય સોમવારે પુરૂષો માટે
" " " ગુરૂવારે સ્ત્રીઓ માટે
(ટાઇમ સવારના ૧૦ થી ૧૧)

# રામાયણની રત્નપ્રભા

ૐ શ્રી પ્રિયદર્શન ૐ

**[ 'કલ્યાણ' માટે ખાસ ]**

**પૂર્વ પરિચય :** દશમુખ, કુંભકર્ણ તથા બિભીષણ-ત્રણે ભાઈઓએ વિદ્યા સાધના કરી ને વિદ્યાધર કન્યાઓની સાથે તેઓનું પાણિગ્રહણ થયું. દશમુખ-રાવણ સ્વયંપ્રભનગરમાં પોતાના પરિવાર સાથે વસે છે. માતા કૈકસીને તેઓ આ સંપત્તિ તથા વૈભવો સાથે મળવા જાય છે.-વંદનાર્થે જાય છે. **હવે વાંચો આગળ :**

## ૭: લંકાવિજય :

બેટાઓ! હવે મારી ઇચ્છા તમે ક્યારે પૂર્ણ કરશો? કૈકસીએ કંઇક વેદના ભર્યા અવાજે કહ્યું.

'કઇ ઇચ્છા?' બિભીષણે કંઈક સમજવા પ્રયત્ન કર્યો.

'તમારા બાપ-દાદાનું લંકારાજ્ય લેવાની.' સીધી જ સ્પષ્ટ વાત કૈકસીએ કરી.

'ઓહો! એ વાત છે...લંકા લેવી એટલે અમારે મન મામુલી વાત છે મા!

બિભીષણે કુંભકર્ણની સામે જોયું.

મંદિરોમાં સંધ્યાની આરતીના ઘંટ બજી ઉઠયા.

કૈકસીની રજા લઇ બંને ભાઈઓ ત્યાંથી ઉઠયા. કૈકસી પોતાના શયનગૃહમાં પહોંચી ત્યાં શુભ સમાચાર સાંપડયા કે મંદોદરીએ પુત્રરત્નનો જન્મ આપ્યો છે. કૈકસીના હૈયામાં હર્ષ ઉભરાયો. તુરત જ તેણે નગરમાં ભવ્ય જિનભકિત મહોત્સવ ઉજવવાની સેવકોને આજ્ઞા ફરમાવી, દીન-અનાથોને દાન દેવાની ઘોષણા કરાવી.

પણ બીજી બાજુ કુંભકર્ણ અને બિભીષણ તો હવે એ જ યોજનામાં પડી ગયા કે લંકાનું રાજ્ય કેમ પ્રાપ્ત કરવું?

'ચાલને બિભીષણ...સીધા જઈને વૈશ્રવણને જ ખોખરો કરી નાંખીએ.'

ટૂંકીને ટચ વાત કરતા કુંભકર્ણે કહ્યું.

'ભાઈ! આપના માટે એ અશકય નથી પરંતુ મને તો એક બીજો જ ઉપાય સુઝે છે!' બિભીષણે કહ્યું.

'શું?'

'એ કે પહેલાં આપણે વૈશ્રવણને ત્રાસ ત્રાસ પોકરાવી દઇએ! હેરાન પરેશાન કરી નાંખીએ પછી એ શું કરે છે તે જોઇએ. કામનું કામ અને ગમ્મતની ગમ્મત!'

'ચાલો! આપણે તો તૈયાર જ છીએ.' હાથમાં ગદાને ઉછાળતો કુંભકર્ણ ઉભો થયો.

બંને મહાન પરાક્રમી.

બંને વિદ્યાસિદ્ધ યોદ્ધાઓ.

બંને ઉત્સાહભર્યા અને સાહસિક.

કાળી રાતનો ગાઢ અંધકાર તેમને ડરાવી ન શકે. વિકરાળ પશુઓના ભીષણ સ્વરો તેમના કાળજાને થથરાવી ન શકે. પ્રતિસ્પર્ધીઓનાં હથિયારોના ખણખણાટ તેમની સાહસિકતાને ડારી ન શકે.

કુંભકર્ણે લીધી ગદા.

બિભીષણે લીધાં ધનુષ્ય અને બાણ.

આકાશમાર્ગે પ્રયાણ કર્યું. લંકાની સરહદ પર આવી પહોંચ્યા.

દીપકોની જળહળતી જ્યોતિમાં લંકા અલકાની સરસાઇ કરતી લાગતી હતી,

સુવર્ણનો કીલ્લો લંકાની રક્ષા કરતો ચારેકોર વીંટળાઇને રહેલો હતો.

રાજા વૈશ્રવણના ચુનંદા વફાદાર સૈનિકો પ્રજાના રક્ષણ માટે કીલ્લાના અનેક ભવ્યદ્વારો પર જાગતા રહેલા હતા.

'બિભીષણ...'

'કેમ મોટાભાઈ?

'આ આપણી લંકા અને એમાં મહાલે છે વૈશ્રવણ.'

'હવે એનો કાળ આવી પહોંચ્યો છે.'

'સાચી વાત છે.'

'હવે આપણે આપણું કાર્ય શરૂ કરીએ.'

'શું?'

જુઓ, પેલું છે લંકાનું મુખ્ય પ્રવેશદ્વાર! જોયું?

'હા.'

'ત્યાં જઇએ. પછી જોઇએ કે શું કરવું.'

બંને ભાઇઓ લંકાના વિરાટ દ્વાર આગળ આકાશમાંથી ઉતર્યા. ત્યાં જુએ છે તો દ્વારપાલો ઝોકાં ખાઇ રહ્યા છે!

બિભીષણની આંખો ચમકી.

તેના મગજમાં એક તુક્કો જાગ્યો.

ધીમે પગલે તે દ્વારપાલોની પાસે પહોંચ્યો.

બંને દ્વારપાલો એકબીજાના ખભા ટેકવીને નસકોરાં બોલાવી રહ્યા હતા.

બંને હતા મોટી મોટી મૂછોવાળા.

સાચવી રહીને બિભીષણે બંનેની મૂછો ભેગી કરીને ગાંઠ મારી!

પાછો આવીને કુંભકર્ણને એક ઇશારો કર્યો.

ક્ષણવારમાં કુંભકર્ણ આકાશમાં ચાલ્યો ગયો. બિભીષણ એક મોટા ઝાડ પર ચઢી ગયા.

થોડોક સમય વીત્યો ત્યાં તો આકાશમાં એક મોટો ડુંગર આવતો દેખાયો. અને કિલ્લાની બહાર બ્રહ્માંડને ફોડી નાંખે તેવો ધબાંગ કરતો મોટો ધબાકો થયો.

જ્યાં ધબાકો થયો ત્યાં આખી લંકા ધ્રૂજી ઉઠી. એકેએક સૈનિક ચમકી ઉઠયો. હાથમાં આયુધો લઇ જે દિશામાંથી અવાજ આવ્યો તે દિશામાં સૈનિકોએ દોટ મૂકી.

પેલા દ્વારપાલો તો ધબાંગ કરતો ધબાકો થતાં ઝબકીને જાગ્યા...અને ઉછળ્યા પણ મોંઢાં ફેરવવા જાય ત્યાં તો મૂછ બંધાયેલી એકબીજાની સામે જોવા લાગ્યા!

ત્યાં આકાશમાં કુંભકર્ણનું ભયાનક અટ્ટહાસ્ય સંભળાયું. વૈશ્રવણના સુભટો ચારેકોર જોવા લાગ્યા.

જોત જોતામાં તો દરવાજા આગળ હજારો સુભટો આવી પહોંચ્યા. બસ! કુંભકર્ણને અને બિભીષણને તો આટલું જ જોઇતું હતું!

વૃક્ષ પરથી બિભીષણ નીચે ઉતર્યો અને વૈશ્રવણના સુભટો પર તીક્ષ્ણ તીરોની વૃષ્ટિ કરવા માંડી.

સુભટો બિભીષણની તરફ ધસ્યા. અનેક શસ્ત્રોથી બિભીષણનો સામનો કરવા લાગ્યા.

આકાશમાંથી જંગી ગદા સાથે કુંભકર્ણ સુભટોનાં માથે ત્રાટકયો! સુભટો ત્રાસ ત્રાસ પોકારી ગયા.... કુંભકર્ણ અને બિભીષણના એકધારા પ્રહારો સામે સુભટો ન ટકી શકયા...

વાત પહોંચી વૈશ્રવણની પાસે.

વૈશ્રવણ ધૂંધવાયો. તુરત જ પોતાના મહાસેનાપતિ વીરેન્દ્રને આજ્ઞા કરી: 'જાઓ....એ બંને દુષ્ટોને જીવતા ને જીવતા પકડી લાવો...અને સાથે સાથે એ પણ તપાસ કરજો કે એ છે કોણ!'

સેનાપતિ પોતાના ચુનંદા સૈનિકો સાથે નગરની બહાર આવ્યો...ત્યાં બિભીષણે કુંભકર્ણને આંખનો ઇશારો કર્યો.

બંનેએ પાતાલલંકાનો રસ્તો પકડયો.

આગળ બંને ભાઇઓ અને પાછળ વૈશ્રવણના સુભટો.

બંને પાસે તો છે આકાશ ઉડ્ડયનની વિદ્યા. શીઘ્રવેગે બંને ભાઇઓ આગળ વધી ગયા, સુભટો પાછળ રહી ગયા. પરંતુ સેનાપતિએ સમજી લીધું કે આ બંને પાતાલલંકાના માર્ગે જાય છે માટે જરૂર આ સુમાલિના પૌત્રો લાગે છે. પણ ત્રણમાંથી આ બે કોણ કોણ હશે? શું દશમુખ અને કુંભકર્ણ હશે? શું દશમુખ અને બિભીષણ હશે? કે કુંભકર્ણ અને બિભીષણ હશે?'

સેનાપતિ સુભટો સાથે પાછો ફર્યો. વૈશ્રવણની પાસે આવી સર્વ વૃત્તાંત કહ્યો.

બંને ભાઇઓ પહોંચ્યા સ્વયંપ્રભનગરમાં. સીધા પોતપોતાના શયનગૃહમાં જઇને સુઇ ગયા.

પાછા આવ્યા, પણ રસ લઇને આવ્યા. અને રસનો ચટકો લાગ્યો એટલે હવે મનમાં એની જ યોજનાઓ! એના જ મનોરથો!

મનુષ્યના ચિત્તમાં શાના વિચારો, શાની યોજનાઓ અને શાના મનોરથો ચાલે છે, તેના પર તેની રસવૃત્તિનું માપ નીકળે છે.

મંદિરમાંથી દર્શન કરીને પાછા આવીયે છીએ ત્યારે રસ લઇને આવીયે છીએ? પ્રતિક્રમણ કરીને પાછા આવીયે છીએ ત્યારે રસ લઇને આવીયે છીએ?

સવારે ઉઠીને બંને પહોંચ્યા સીધા માતા કૈકસી પાસે.

જઇને રાત્રીનો આખો અહેવાલ એવો તો રસમય શૈલીમાં કહ્યો કે કૈકસી તો હસીહસીને બેવડ વળી ગઇ.

બસ! માતાને આનંદ થાય એટલું જ આમને જોઇતું હતું.

'હજુ તો માતા! આ કંઈ નથી કર્યું... વૈશ્રવણને એવો હેરાન-પરેશાન કરી નાંખીશું કે એ પણ બચ્ચાજી અમને જીંદગીપર્યંત યાદ કરશે!' કુંભકર્ણે કહ્યું.

પ્રાભાતિક કાર્યો પતાવી પાછી કુંભકર્ણ-બિભીષણની જોડીએ લંકાનો રસ્તો પકડયો.

કેટલીવાર પહેંચતાં! જોતજોતામાં તો લંકાની નજીક આવી પહોંચ્યા. જોયું તો વૈશ્રવણે લંકાની ફરતો ચાંપતો પહેરો ગોઠવી દીધો હતો. પણ આમને કયાં દરવાજામાંથી પસાર થવું હતું! તે તો આકાશમાર્ગે જ સીધા લંકાની મધ્યમાં પહોંચ્યા. એક ઉદ્યાનમાં ઉતર્યા.

'બિભીષણ, ચાલને ભાઇને જ ભેટી આવીએ!

'કયાં વૈશ્રવણની પાસે?'

'હા!'

ત્યાં જઇને શું કરશું?

એના અંતેપુરને જ ઉપાડી જઇએ!

'છટ્‌..છટ્‌...આ શું બોલ્યા ભાઇ?

કેમ?

પરસ્ત્રીને ઉપાડી જઇ શું નિર્મળ કૂળને કલંકિત કરવું છે? આ વિચાર પણ ન જોઇએ. એ કામ તો સર્વવિનાશને નોતરનારું છે.'

ઠીક, ત્યારે તું જ બોલ....શું કરવું છે?

'સાંભળો ત્યારે.' બંને ભાઇઓ આસોપાલવના વૃક્ષ નીચે બેઠા; બિભીષણે આખી યોજના કુંભકર્ણને સમજાવી દીધી અને કુંભકર્ણે ક્યારે શું કરવું તેનો પણ વ્યવસ્થિત ખ્યાલ આપી દીધો.

તેજ:સ્વામી સહસ્રરશ્મિએ ગગનના મધ્યસિંહાસને આસન જમાવ્યું હતું; બંને આકાશમાં ઉડયા. રાજ્યમહાલયના ગગનચુંબી શિખર પર પહોંચ્યા, કે જયાં યુદ્ધભેરી રહેલી હતી. યુદ્ધભેરીની રક્ષા કરવા માટે વૈશ્રવણના ચાર સશસ્ત્ર સુભટો ત્યાં ઉભેલા હતા.

કુંભકર્ણે ગર્જના કરી ગદાના એક પ્રહારે એક સુભટને ઢાળી દીધો. બાકીના ત્રણ સુભટોએ મરણીયા થઇને કુંભકર્ણ અને બિભીષણનો સામનો કરવા

માંડયો, પરંતુ કૈકસીના પુત્રો આગળ તે કેટલું ઝઝુમી શકે? ત્રણે સુભટોને બિભીષણના તીક્ષ્ણ તીરોએ પરલોકના યાત્રિક બનાવી દીધા.

કુંભકર્ણે ત્યાં જોરશોરથી યુદ્ધની નોબત બજાવી. બિભીષણે યુદ્ધની દુંદુભિને ધધડાવી.

અચાનક યુદ્ધના સૂચનથી યુદ્ધવીરો રાજમહાલયના પટાંગણમાં ત્વરાથી આવી પહોંચ્યા.

સેનાપતિ વીરેન્દ્ર તો હાંફળો ફાંફળો થઇ ગયો. સીધો પહોંચ્યો વૈશ્રવણની પાસે.

'કેમ અચાનક યુદ્ધભેરી વગાડવામાં આવી? સેનાપતિએ પૂછ્યું.

મને ખબર નથી...મને પણ આશ્ચર્ય થયું કે મને પૂછ્યા વિના આ કોણે ભેરી બજાવી? વૈશ્રવણ બોલ્યો.

ચાંપતી તપાસ કરવી પડશે. કોણ એ નરાધમ છે? આંખમાંથી અંગારા વરસાવતો સેનાપતિ યુદ્ધની ભેરીના સ્થળે જવા રવાના થઇ ગયા.

લાખો સુભટોને તેણે મહાલયના પટાંગણમાં ઉભરાયેલા જોયા; તુરત જ પોતાના ખાસ પ્રતાપી યોદ્ધાઓને હાક મારી બોલાવ્યા. "જાઓ એ તપાસ કરો કે ભેરી કોણે બજાવી? ભેરીરક્ષકોને અહીં મારી પાસે હાજર કરો.'

સુભટો તરત જ મહાલયની પાસે ઉભેલા ગગનચુંબી મિનારા પર ચઢ્યા. ઉપર જઇને જુએ છે તો વિરાટ-કાય કુંભકર્ણને અને તેજસ્વી બિભીષણને અનેક શસ્ત્રોથી સજ્જ થયેલા જોયા.

કોણ છો?...પૂછતાં પૂછતાં તો સુભટોનાં મોઢાં બિભીષણે તીરોથી ભરી દીધાં.

સુભટો ઉપરથી સીધા જ પટકાયા નીચે.

'જરૂર કોઇ દુષ્ટો ઉપર છુપાયા છે. સેનાપતિએ ત્રાડ પાડી.

'છુપાયા નથી...આ રહ્યા તારી સામે! કહેતા બિભીષણે આકાશમાં રહ્યા રહ્યા તીરોની વર્ષા વરસાવી

ખલાસ! ઘોર સંગ્રામ મચી ગયો. લડતા જાય છે અને બંને જણા સરકતા જાય છે,...લંકાની બહાર નીકળી આવ્યા....ત્યાં ઠીક ઠીક પરચો દેખાડી પાતાલ લંકાના માર્ગે આગળ વધવા માંડયા....ધીરે ધીરે લંકાથી ખૂબ દૂર સુધી સૈન્યને ખેંચી લાવ્યા.

જ્યાં પાતાલલંકાની સરહદ આવી ત્યાં વૈશ્રવણનું સૈન્ય ચોંક્યું. થંભી ગયું. કુંભકર્ણ અને બિભીષણ તોજોત-જોતામાં અદ્રશ્ય થઇ ગયા,

સૈન્ય પાછું લંકા તરફ વળ્યું.

બીજી બાજુ વૈશ્રવણ ખૂબ ચીડાયો.

જ્યારે કુંભકર્ણ-બિભીષણને તોફાનનો ચટકો લાગ્યો.

દિ' ઉગે અને કંઇને કંઇ ધાંધલ મચાવવા જોઇએ.

ઘણા દિવસ આમ ચાલ્યું.

છેવટે વૈશ્રવણે દૂતને સ્વયંપ્રભનગરે મોકલ્યો. અને કુંભકર્ણ તથા બિભીષણની સામે પોતાનો સખ્ત વિરોધ નોંધાવ્યો.

દૂત સ્વયંપ્રભનગરમાં આવી પહોંચ્યો. સીધો જ રાજસભામાં આવીને સુમાલી સમક્ષ ઉભો રહ્યો.

'કહો, કેમ આવવું થયું? સુમાલીએ. પૂછ્યું.

'હું લંકાપતિ વશ્રવણનો દૂત છું અને તેમનો એક સંદેશો કહેવા માટે અહીં આવ્યો છું'.

'શું કહેવું છે?'

'એ જ કે તારા સ્વચ્છંદી પૌત્રોને સંભાળ. કૂવાના દેડકા જેવા એમને પોતાની અશક્તિનુ ભાન નથી; અભિમાનની કોઇ સીમા નથી. કપટથી અમારી લંકામાં વારંવાર આવીને તોફાન મચાવે છે, તેની અમારા નાથ વૈશ્રવણ નરેશે બાળકો જાણી અત્યાર સુધી ઉપેક્ષા કરી છે. હવે જો હે સુમાલી, એમને જો તું નહિ રોકે તો માલીના માર્ગે તને તારા પૌત્રો સહિત વળાવવા માટે લંકાપતિ આતુર છે.'

પણ આ તોછડાં વચનો સાંભળી દશમુખ રાવણ કયાં બેઠો રહી શકે? પગ પછાડતો તે સિંહા-સન પરથી ઉભો થઈ ગયો.

'કોણ છે એ ગધેડા જેવો વૈશ્રવણ? બીજાનો

ગુલામ બનીને પોતાની જાતને લંકાપતિ મનાવતો એ મોટો નિર્લજ્જ લાગે છે. તું દૂત છે એટલે તારા પ્રાણ નથી લેતો...પણ હવે તારા એ ગુલામ લંકાપતિને જ જમના દ્વાર દેખાડવા હું આવું છું. જા તારા નાથને કહેજે.'

દૂત ત્યાંથી સીધો જ લંકામાં આવી પહોંચ્યો અને વૈશ્રવણને રાવણનો પ્રત્યુત્તર મરચુંમીઠું ભભરાવીને સંભળાવ્યો.

આ બાજુ દૂતના ગયા બાદ તુરત જ રાવણે યુદ્ધની જાહેરાત કરી. વિરાટ સેનાને સજ્જ કરી ત્રણે ભાઇઓ મહાન હર્ષ-પૂર્વક માતા કૈકસીના આશીર્વાદ લેવા પહોંચ્યા માતા પાસે.

'મારા વહાલા પુત્રો ! તમારો વિજય જ થશે ! તમે શત્રુઓને પરાજિત જ કરવાના. તમે તમારા પિતામહનું રાજ્ય જરૂર લેવાના !' ત્રણેને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા.

માતાના મહેલમાંથી જ્યાં નીકળ્યા ત્યાં સુવર્ણના થાળમાં કુમકુમ, અક્ષત અને શ્રીફળ લઇને મંદોદરી, તડિન્માલા અને પંકજશ્રી સામે આવી. ક્રમશઃ ત્રણેએ રાવણ, કુંભકર્ણ અને બિભીષણના કપાળમાં તિલક કર્યા, અક્ષતથી વધાવ્યા અને હાથમાં શ્રીફળ આપ્યાં.

જ્યાં ત્રણે ભાઇઓ રાજમહાલયના પટાંગણમાં આવ્યા ત્યાં કરોડો રાક્ષસવીરોએ વિજયઘોષણાનો દિવ્ય ધ્વનિ કર્યો. ત્રણે મહારથીઓ પોતપોતાના ખાસ રથોમાં આરૂઢ થયા.

પાસે ઉભેલા વયોવૃદ્ધ પિતામહ સુમાલી અને પિતા રત્નશ્રવાએ પુત્રરત્નોને આશીર્વાદ આપ્યા.

રાજપુરોહિતે પ્રયાણની ઘડી આવતાં ઘોષણા કરી.

" મહારાજ ! પ્રયાણ આરંભો."

લશ્કરના મહાન કોલાહલથી આકાશ ધમધમી ઉઠયું. દેવોએ આકાશમાંથી સુગંધી વૃષ્ટિ કરી... સહસ્રરશ્મિ પરથી વાદળો દૂર ખસી ગયાં પૃથ્વીતલ પ્રકાશના પૂંજથી ઉભરાઇ ગયું.

વાયુવેગી અશ્વોએ જોતજોતામાં સ્વયંપ્રભનગરથી દૂર દૂર...લશ્કરને લાવી મૂકયું.

દશમુખનો રથ આગળ નીકળી ગયો; કુંભકર્ણને તો તેના તાનમાં ને તાનમાં ખબર પડી નહિ. ત્યાં બાજુમાં બિભીષણનો રથ આવી લાગ્યો.

'કેમ ભાઇ, શું વિચાર છે?' રથની એકબાજુમાં સરકીને મોટા અવાજે બિભીષણે કુંભકર્ણને પૂછયું.

પણ કુંભકર્ણ એટલે કુંભકર્ણ ! એમ પહેલી બૂમ સાંભળે તે બીજા !

બિભીષણે લોખંડના ભાથામાંથી અણીદાર તીર ખેંચીને કાઢયું. ચઢાવ્યું બાણ ઉપર. દોરી ખેંચીને નિશાન તાકયું,

સરરરર...કરતું તીર કુંભકર્ણના કુંડલમાંથી પસાર થઇ ગયું. ખલાસ ! કુંભકર્ણ વિફર્યો ! ઉછળ્યો ! ગદાને ઘુમાવી ! આંખોને ચગાવી ! ત્યાં તો બાજુમાં બિભીષણને ખડખડ હસતો જોયો.

'આ તારું પરાક્રમ લાગે છે ખરું ને?'

'મારું નહિ, તમારા નાના ભાઇનું !'

ને બંને હસી પડયા.

'કેમ શું કહેવું છે?'

'એ જ કે, આપણે જ વૈશ્રવણની સામે જંગ ખેલી લઇએ' બિભીષણે કહ્યું.

'એટલે ?'

'એટલે એ કે મોટાભાઇને કહેવાનું કે તેઓ જોયા કરે બધું !'

'માનશે ?' શંકા ઉઠાવતાં કુંભકર્ણે કહ્યું.

"ચાલોને અત્યારે જ પૂછી લઇએ !'

"હા, એ ઠીક છે...પણ...બાજુમાં જુએ છે તો દશમુખનો રથ દેખાતો નથી.

'આગળ નીકળી ગયા લાગે છે.'

'હા એમ જ લાગે છે.'

તરત જ બંનેના રથ ઉપડયા. સૈન્યને વટાવતા

વટાવતા દશમુખના રથની બાજુમાં આવી પહોંચ્યા.

'મોટાભાઇ!' મોટા ઢોલના અવાજ જેવો કુંભકર્ણનો અવાજ સાંભળી દશમુખે બાજુમાં જોયું.

'કેમ?'

'એક વાત કહેવી છે.' કુંભકર્ણે કહ્યું.

'કહી નાંખો! કુંભકર્ણને જુએ ને રાવણ હસે નહિ તે બને ખરૂં?

'આજે તમે તમારે જોયા કરો, અમે બંને જ વૈશ્રવણને ઓખરો કરી નાંખીએ!'

'પછી?'

કુંભકર્ણ મૂંઝાયો! શું જવાબ આપે?

કહી નાંખ્યું? અરે, તમે તો વૈશ્રવણને સારી રીતે પજવ્યો છે. આજે તો મારા હાથની ખણુજ મીટાવવાનો મોકો છે! માટે તમે જોયા કરજો કે તમારો અગ્રજ શું કરે છે!'

'થઇ રહ્યું ભાઇ ત્યારે! અમારી વાત અમારી પાસે!'

કુંભકર્ણને લાંબી ખેંચપકડ ન આવડે! એ તો સીધી ને સટ વાત કરનારો માણસ.

લંકાની સરહદ પર રાવણનું જંગી સૈન્ય આવી પહોંચ્યું. બીજીબાજુ વૈશ્રવણ પોતાના પ્રચંડ સૈન્યની સાથે યમના દૂત જેવો લંકાની બહાર નીકળ્યો.

વૈશ્રવણ એટલે વીરતાની મૂર્તિ.

વૈશ્રવણ એટલે પરાક્રમીઓનો સ્વામી.

ભાઇ ભાઇની સામે લડવા નીકળે છે!

ભાઇ ભાઇનું લોહી લેવા થનગને છે!

વૈશ્રવણ કૌશિકાનો પુત્ર, દશમુખ કૈકસીનો પુત્ર. કૌશિકા મોટી બહેન અને કૈકસી નાની બહેન.

ભ્રાતૃત્વનો સ્નેહઝરો વૈરના પ્રચંડ તાપમાં સુકાઇ ગયો છે. સુકાઇ જ જાય. ઝરો હતો માટે સુકાઇ ગયો. સાગર હોત તો ન સુકાઇ જાત. ભલેને ગમે તેવો પ્રચંડ તાપ પડે, સાગર ન સુકાય.

દેહનો સ્નેહ ઝરો છે,

આત્માનો સ્નેહ **સાગર** છે.

નાથ તીર્થંકરદેવોને વિશ્વ પર આત્મવિષયક સ્નેહ હોય છે. તેને સ્નેહસાગર કહેવાય. ગમે તેવા તાપ પડે તે ન સુકાય.

ગોશાળાએ અને ગોવાળે ગમે તેટલા તાપ આપ્યા છતાં ભગવંત મહાવીરનો સ્નેહસાગર ન સુકાયો.

સંસારમાં વળી સ્નેહસાગર હોય કયાંથી?

વૈશ્રવણ અને દશમુખનો ખૂનખાર જંગ જામ્યો.

લોહીથી ધરતી રંગાઇ ગઇ. ચારેકોર શસ્ત્રોના સંઘર્ષથી તણખાઓ ખરવા લાગ્યાં. ક્રૂર, નિષ્ઠુર અને વીરતાપ્રેરક શબ્દોનો મહાન કોલાહલ મચી ગયો.

દશમુખ વૈશ્રવણને શોધે છે. વૈશ્રવણ દમુશખને ખોળે છે, પણ એ બે ભાઇઓ મળે ત્યાં તો દશમુખના સૈન્ય વૈશ્રવણના સૈન્યને નષ્ટભ્રષ્ટ કરી નાંખ્યું, જેમ જેમ વૈશ્રવણની સેના પાછી હઠવા લાગી તેમ તેમ દશમુખના યોદ્ધાઓનું શૌર્ય ઉછળવા માંડયું. વૈશ્રવણની સેના ભાગી. દશમુખના યોદ્ધાઓએ પીછો પકડયો.

પરંતુ જયાં પોતાની સેનાને પરાજિત અવસ્થામાં જોઇ ત્યાં વૈશ્રવણની વિચારધારાએ અજબ વળાંક લીધો.

તેના અંતઃકરણમાં પ્રગટેલો વૈરાગ્નિ વિરામ પામ્યો. તે વિચારે છે:

'માન નષ્ટ થયા પછી જીવતર ઝેર તુલ્ય છે. જીવન ધિક્કારને પાત્ર છે. કમલો નષ્ટ થયા પછી સરોવરની શોભા રહેતી નથી. દંતુશળ તૂટયા પછી હાથી મૃતઃપ્રાયઃ જ રહે છે... ડાળીઓ કપાઇ ગયા પછી વૃક્ષનું અસ્તિત્વ નિરર્થક હોય છે.,

પરાજિત અવસ્થા પરાક્રમી પુરુષને અકળાવનારી હોય છે. પરાજિત અવસ્થાનું જીવન જીવવા કરતાં તે મૃત્યુને અધિક માને છે.

'શું કરવું?' વૈશ્રવણ રાજા ઊંડા વિચારમાં ઉતરી ગયો.

'એમ અપમાન...પરાજય...ના ભયથી મહામૂલ્યવંત જીવનને મોતના ખપ્પરમાં હોમી દેવું તે તો યોગ્ય નથી જ, જ્યારે બીજીબાજુ અનર્થદાયી રાજ્યને ચીટકી રહેવું તે પણ તેટલું જ અયોગ્ય છે... રાજ્યે મને દગો આપ્યો? કુંભકર્ણે અને બિભીષણે મારી આ હાલત કરી? ના...ના...દગો રાજ્યે નથી આપ્યો પણ રાજ્ય પરની મારી આસક્તિએ દગો આપ્યો છે. કુંભકર્ણ અને બિભીષણ તો મને મેરી મોહનિદ્રામાંથી જાગ્રત કરનારા બન્યા છે।

હું સંસારવાસનો ત્યાગ કરીશ.

હું મહેલોને ત્યજી દઇશ.

હું અરણ્યવાસ સ્વીકારીશ.

હું પરમાત્માના શરણે જઇશ.

મારાં તન-મન પરમાત્માને સમર્પિત કરી દઇશ.

'વૈશ્રવણ, આમ દુઃખથી...હારથી... કાયર બની ભાગી છુટવું એ સાચો વૈરાગ્ય નથી...!' અંતરમાંથી એક અવાજ સંભળાયો.

'હું ભાગી છૂટું છું? મારો વૈરાગ્ય સાચો નથી?'

હા, તું ભાગી છૂટે છે, તારો વૈરાગ્ય દુઃખમૂલક છે, જ્ઞાનમૂલક નથી...'

'ખોટી વાત... ખોટી વાત...હું ભાગી છૂટતો નથી...

શું ઠોકર લાગતાં પથરાળ માર્ગ ત્યજી ધોરીમાર્ગે ચાલવું એનું નામ ભાગી છૂટવું? શું દગો જાણ્યા પછી દગાખોરનો સંગ ત્યજી દેવો એટલે ભાગી છૂટવું? શું ખોરાકમાં ઝેર જાણ્યા પછી... ખોરાક ખાતાં ઝેરની અસરો વર્તાતાં, એ ખોરાકનો ત્યાગ કરવો...એ અસરોને નાબુદ કરવાના ઉપચારો કરવા એટલે ભાગી છૂટવું? નહિ નહિ...હું ભાગી છૂટતો નથી...હું સાચો ત્યાગ કરૂં છું. મારો વૈરાગ્ય દુઃખમૂલક નથી... જ્ઞાનમૂલક છે. દુઃખનો પ્રસંગ પણ જો જ્ઞાનનયનનું ઉદ્ઘાટન કરી જાય વૈરાગ્યમાં પ્રેરક બની જાય છે, તો તે પ્રસંગ દ્વારા જાગેલ વૈરાગ્ય દુઃખગર્ભિત ...દુઃખમૂલક નથી પણ જ્ઞાનમૂલક જ છે.

'દશમુખ દ્વારા થયેલ પરાજયે મને જાગ્રત કર્યો છે. મારી મોહમય દ્દષ્ટિનેખોલી નાંખી છે...મને સર્વોચ્ચ કર્તવ્યપાલન માટે પ્રેરણા કરી છે.'

'પણ અત્યારે તું સાધુ બની જઈશ, તો લોક તારી નિંદા કરશે. તને કાયર ગણશે. તું કલંકિત થઈ જઇશ.'

'લોકોની નિંદાના ભયથી...લોકોના અવર્ણવાદના ભયથી ડરીને જો હું મારા સદ્દવિચારને અમલમાં મુકતા અચકાઇશ તો તે શું મારી કાયરતા નહિ ગણાય? તો હું અનંત સિદ્ધાત્માઓની દ્દષ્ટિએ પામર નહિ ગણાઉં? ભલે લોક અલ્પકાળ માટે મારી નિંદાનો માર્ગ લે, એ નુકશાન થોડું છે. થોડા નુકશાનના ભોગે જો મહાન લાભ થાય છે તો તે સ્વીકાર્ય જ છે। હવેનું અવશિષ્ટ જીવન મુક્તિના પુરુષાર્થમાં જ વ્યતીત કરવાનો મારો નિશ્ચય અફર જ રહેશે.'

'સબૂર વશ્રવણ! તારો નિશ્ચય ભલે અફર રહે, પણ એક વાત સાંભળ. દશમુખ રાવણનો ફરી એકવાર પરાજય કરી પછી તું મુક્તિના પુરુષાર્થમાં પરોવાજે.' ચિત્તે નવો વિકલ્પ ખડો કર્યો.

'અહાહાહાહાહા! રાવણ મારો દુશ્મન છે? ના રે ના. રાવણ પૂર્વે પણ મારો ભાઇ હતો...મારી માસીનો પુત્ર છે...અને અત્યારે પણ એ મારો ભ્રાતા જ છે। એ રાજ્ય ભોગવે...એ લંકાપતિ બને તેમાં કદાચ મારો અપયશ થશે તો પણ તે હું સહન કરીશ સામનો કરવા કરતાં સહન કરવામાં વિશેષ બલવત્તા રહેલી છે.'

ગગનના આંગણે સંધ્યાએ રંગોળી પુરી.

આત્માના આંગણે વૈશ્રવણે સંયમની રંગોળી પુરી.

એ જ યુદ્ધની ભૂમિપર લંકાપતિ વૈશ્રવણે સાધુતાનો ભેખ ધારણ કર્યો. તેણે વિશ્વની સાથે જન્મજન્માંતરના ગુનાઓની ક્ષમાપના કરી લીધી. વિશ્વજંતુઓની સાથે મૈત્રીભાવને ધારણ કરી લીધો.

અંતઃકરણની ભૂમિમાંથી ક્રોધ-અભિમાનની

બીજરાશિને કાઢી નાંખી, ક્ષમા, મૃદુતા, સરલતા, નિર્લોભિતાનાં બીજ વાવી દીધાં.

રાવણે વૈશ્રવણને જોયો, પણ ત્યારે વૈશ્રવણ રાજા નહોતો 'મહારાજ' હતો. રાવણનો રોષ ઓગળી ગયો.

અંગ પરથી શસ્ત્રો ઉતારી નાંખી દશમુખ વૈશ્રવણનાં ચરણોમાં નમી પડયો.

આંખોમાં આંસું છલકાયાં.

કંઠ રૂંધાયો.

બે હાથ જોડી તેણે વૈશ્રવણને વિનવ્યો.

'પરાક્રમી ! તમારા નાનાભાઈના આ અપરાધને માફ કરો...તમે મારા મોટાભાઇ છો. લંકામાં નિર્ભયતાથી તમે રાજ્ય કરો. અમે બીજે ચાલ્યા જઈશું... કંઇ પૃથ્વી આટલી જ નથી...કૃપા કરો...'

દશમુખની કેવી ઉદાર અને ઉદાત્ત વિચારણા છે ? દશમુખનો આ દંભ કે કપટ નથી. એના આત્મ-મંદિરમાં સુષુપ્ત શુભ ભાવો એના જીવનમાં વારંવાર ઝબકીને જાગી જાય છે ત્યારે તે મહાન અસરકારક બની જાય છે અને આપણું હૈયું તેના ઉચ્ચ આત્મ-તત્ત્વને નમી પડેછે.

વૈશ્રવણનો તો આ અંતિમ ભવ-જન્મ છે.

તત્ત્વનિષ્ઠા હવે વૈશ્રવણને કોઇ પ્રલોભનમાં ખેંચાઈ જવા દે નહિ.

રાવણની ગદ્‌ગદ વિનંતિ પણ વૈશ્રવણનાં ચિત્તને ચંચલ ન બનાવી શકી.

જો વૈશ્રવણનો વૈરાગ્ય મોહગર્ભિત કે દુઃખગર્ભિત હોત તો રાવણના સ્નેહભીના આમંત્રણનો સ્વીકાર વૈશ્રવણ તુર્ત જ કરી લેત. પરંતુ જ્ઞાનમૂલક વૈરાગ્ય હોવાથી પુનઃ રાગના માર્ગે દૃષ્ટિ નાંખવા માટે પણ તે તૈયાર ન હતો !

(ક્રમશઃ)


**કલ્યાણ માસિકના આજેજ ગ્રાહક બનો.**

**વાર્ષિક લવાજમ રૂા. ૫-૫૦.**



## બાળકોને સંસ્કાર આપતું સસ્તુ સાહિત્ય

| | |
|---|---|
| મહાકવિ ધનપાળ | ૦-૫૦ |
| સવા સોમા | ૦-૨૫ |
| દેવપાલ | ૦-૧૨ |
| આજ પછીની આવતી કાલ | ૦-૧૨ |
| વીર રણસીંહ | ૦-૧૯ |
| બત્રીસ લક્ષણો બાળ | ૦-૧૨ |
| અંતરાય કર્મની કથાઓ | ૦-૧૯ |
| સુમિત્ર ચરિત્ર | ૦-૨૫ |
| મંત્રીશ્વર કલ્પક | ૦-૨૫ |
| અક્ષય તૃતીયા | ૦-૨૫ |
| આત્મસમર્પણ | ૦-૧૨ |
| મહાશ્રાવક આનંદ | ૦-૩૧ |
| સુસીમા | ૦-૧૨ |
| દાદાના દીકરા | ૦-૧૯ |
| દશ ઉપાસકો | ૦-૨૫ |
| પાલ ગોપાલ | ૦-૨૫ |
| જયવિજય કથા | ૦-૫૦ |
| હરિબલ મચ્છીની કથા | ૦-૫૦ |
| પોષ દશમીનો મહિમા | ૦-૫૦ |
| મૌન એકાદશીનો મહિમા | ૦-૫૬ |
| ધર્મ કથાઓ ભાગ ૧ લો | ૦-૭૫ |
| ધર્મ કથાઓ ભાગ ૨ જો | ૦-૭૫ |
| વરદત્ત ગુણમંજરી | ૦-૫૦ |
| નંદનવનનાં પુષ્પ | ૦-૧૨ |
| ચૈત્રી પુનમનો મહિમા | ૦-૧૨ |
| શીયલનો મહિમા | ૦-૧૯ |
| તપનો મહિમા | ૦-૧૯ |
| ભાવનો મહિમા | ૦-૧૯ |
| રાણી રૂપવતી | ૦-૧૯ |

**સોમચંદ ડી. શાહ**

ઠે૦ જીવન નિવાસ સામે-પાલીતાણા

# મહામંગલ શ્રી નવકાર

**સંપા૦ શ્રી મૃદુલ**

'કલ્યાણ'ના વિશાળ વાચકોને દૃષ્ટિ સમક્ષ રાખી શ્રી નવકાર મહામંત્રના મહિમાને, તેના સ્વરૂપને તથા તેની સાધનાને ઉપયોગી સાહિત્ય આ વિભાગમાં પ્રસિદ્ધ થતું રહે છે. અમારા-પર આને અંગેનું ઉપયોગી સાહિત્ય પ્રસિદ્ધિ માટે આવે છે. યથાવસરે આ વિભાગમાં પ્રગટ થતું રહેશે. શ્રી નવકાર મહામંત્રના મહિમાને તથા તેના પ્રત્યક્ષ યા પરોક્ષ આધિભૌતિક કે આધ્યાત્મિક લાભોને અંગે જેને કોઇને સ્વાનુભવ થયો હોય તે અમારા પર લખી મોકલે તેવો અમારો વિનમ્ર આગ્રહ છે.

## નવકારનો સંક્ષેપાર્થ

પૂ. મુનિરાજ શ્રી તત્વાનંદવિજયજી મહારાજ

(શ્રી 'મહાનિશિથ' સૂત્રગત પાઠના આધારે)

### (૧) ગુણપ્રાપ્તિનો ક્રમ

પ્રથમ જ્ઞાન અને પછી દયા. દયાવડે જીવે જગતના સર્વ જીવોને આત્મસમ જોવું ૧ સર્વને આત્મસમ જોનાર તેમને દુઃખ કે ભય આવતો નથી. તેથી તેને અનુક્રમે નીચેના ગુણોની પ્રાપ્તિ થાય છે.

અનાશ્રવ, સંવર, દમ, ઉપશમ, સમતા, અરાગદ્વેષતા, અક્રોધતા, અમાનતા, અમાયિકતા, અલોભિતા, અકષાયિતા, સમ્યક્ત્વ, જીવાદિપદાર્થોનું વિજ્ઞાન, અપ્રતિબદ્ધતા, અજ્ઞાન-મોહ મિથ્યાત્વનો ક્ષય, વિવેક, હેયોપાદેય વસ્તુની વિચારણાથી બદ્ધલક્ષ્યતા (મોક્ષલક્ષ્યતા) અહિતત્યાગ, હિતાચરણમાં અત્યંત ઉદ્યમ, ઉત્તમ ક્ષમાદિ દશવિધ ધર્મ અને અહિંસાલક્ષણ ધર્માનુષ્ઠાનને જ કરવા-કરાવવામાં આસક્તચિત્તતા, સર્વોત્તમ ક્ષમા, સર્વોત્તમ મૃદુતા, સર્વોત્તમ ઋજુતા, સર્વસંગ પરિત્યાગ, અત્યંત ઘોર, વીર, ઉગ્ર, કષ્ટકર દ્વાદશવિધ તપ અને ચારિત્રના અનુષ્ઠાનમાં રમણતા, સત્તર પ્રકારના સંયમાનુષ્ઠાનના પરિપાલનમાં એકાગ્રતા, સર્વોત્તમ સત્યભાષિત્વ, સર્વ જીવનિકાયોનું હિત, અનિગૂહિત બલ, વીર્ય પુરુષાર્થ, પરાક્રમની વૃદ્ધિ, અને સર્વોત્તમ સ્વાધ્યાય અને ધ્યાનરૂપ જળવડે પાપકર્મરૂપ મલના લેપોનું પ્રક્ષાલન.

### (૨) પ્રથમ સાધનનું બીજ:

પૂર્વે કહેલ સર્વ વસ્તુઓની પ્રાપ્તિમાં સર્વ પ્રથમ સ્થાન જ્ઞાનનું છે. તેથી એકાંત, અત્યંત, પરમ, શાશ્વત, ધ્રુવ, નિરંતર અને

---

૧ પઢમં નાણં તઓ દયા, દયાએ સવ્વપાણભૂઅજીવસત્તાણં અત્તામસમદરિસિરં। (શ્રીમહાનિશિથસૂત્ર, નમસ્કાર સ્વાધ્યાય પૃ. ૩૬.)

સર્વોત્તમ સુખના કાંક્ષી મુમુક્ષુએ દ્વાદશાંગ શ્રુત-જ્ઞાનનું અત્યંત આદરસહિત અને વિધિપૂર્વક અધ્યયન કરવું જોઇએ.

સર્વ સુખોના પરમ હેતુરૂપ તે દ્વાદશાંગ શ્રુતજ્ઞાન અપાર અને સુવિસ્તીર્ણ એવા સ્વયંભૂ રમણ મહાસાગરની જેમ દુરવગાહ છે. ઇષ્ટ **દેવતાની નમસ્કાર વિના તેના પારને કોઈ પણ પામી શકતું નથી. ઇષ્ટદેવતાને નમસ્કાર તે પંચમંગલ જ છે, તે વિના અન્ય નહીં જ** તેથી નમસ્કાર મંત્ર એ જ્ઞાનરૂપ પ્રથમ સાધનનું બીજ છે.

**( ૩ ) નમસ્કારનું રટન :**

તેથી સર્વ પ્રથમ સ્વર, વ્યંજન, માત્રા, બિંદુ, પદ, અક્ષર, પદચ્છેદ, ઘોષબદ્ધતા ઇત્યાદિ ગુણોવડે સુવિશુદ્ધ રીતે વિધિપૂર્વક ૨ નમસ્કાર મંત્રનું અધ્યયન કરવું જોઇએ. એ પંચમંગલ મહાશ્રુતસ્કંધને તેવી રીતે સમુપસ્થિત કરવો જોઇએ કે જેથી તે પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વીથી જિહ્વાગ્ર ઉપર અસ્ખલિત રીતે અનાયાસે સ્વભાવથી ક્રીડા કરે.

**(૪) મંત્રગ્રહણ સમયના ભાવો :**

પંચમંગલમહાશ્રુતસ્કંતને ગ્રહણ કરવા માટે શ્રી મહાનિશિથ સૂત્રમાં સુંદર વિધિ બતાવવામાં આવી છે. તેમાંની કેટલીક વસ્તુઓ અહીં રજુ કરીએ છીએ :-

(૧) નમસ્કારમંત્રનું ગ્રહણ શુભ મૂહુર્તે થવું જોઇએ.

(૨) તે વખતે વિશેષ પ્રકારનો તપ હોવો જોઇએ.

(૩) ગ્રહણ કરવા માટેનું સ્થાન પ્રશસ્ત હોવું જોઇએ.

(૪) ગ્રહણ કરતી વખતે ગ્રહણ કરનારના મનમાં શ્રદ્ધા, સંવેગ અને પ્રવર્ધમાન શુભ અધ્યવસાયોથી સહિત એવાં ભક્તિ–બહુમાન હોવાં જોઇએ. મન નિયાણા–લૌકિક ફલાદિની આશંસાથી રહિત હોવું જાઇએ. ભક્તિના આવેગથી ગ્રહણ કરનારની રોમાવલી વિકસિત અને વદન પ્રફુલ્લ હોવું જોઇએ. તેની દૃષ્ટિ પ્રશાંત, સૌમ્ય અને સ્થિર હોવી જોઈએ.

(૫) નવનવા સંવેગથી મહાસાગરની ઊર્મિઓની જેમ અત્યંત ઉછળતા શુભ પરિણામો વડે તેનું જીવવીર્ય અત્યંત ઉલ્લસિત થયેલું હોવું જોઈએ. વીર્યની પ્રવૃદ્ધિથી તેનું અંતઃકરણ પ્રમુદિત, સુવિશુદ્ધ, નિર્મલ, વિમલ, સ્થિર અને દઢતર થએલું હોવું જોઇએ.

(૬) તેનું માનસ શ્રી ઋષભાદિ તીર્થંકરના બિંબમાં એકાગ્ર બનેલું હોવું જોઈએ.

(૭) મંત્રને આપનાર ગુરુ સમયજ્ઞ, દઢ ચારિત્રાદિ ગુણવાળા અને શાસ્ત્રોક્ત અનુષ્ઠાન કરવામાં બદ્ધલક્ષ હોવા જોઈએ. એવા ગુરુના મુખકમલમાંથી નિર્ગત નમસ્કાર મંત્રને વિનય, બહુમાન અને પરિતોષપૂર્વક લેવો જોઈએ. ગ્રહણ કરનાર મુમુક્ષુએ ગુરુની અનુકંપા પ્રાપ્ત કરવી જોઇએ અને તેમને પરિતોષ આપવો જોઇએ.

**(૫) ભવસમુદ્રની નૌકા**

શોક, સંતાપ, ઉદ્વેગ, વ્યાધિ, વેદના, દુઃખ, દારિદ્રય, કલેશ, રોગ, જન્મ, જરા, મરણ, ગર્ભવાસ વગેરે અને દુષ્ટ જલચર જંતુઓથી ભરપૂર એવા ભવસમુદ્રમાં આ નવકાર નૌકાસમાન છે. તે સર્વ આગમોમાં અંતર્વર્તી છે. મિથ્યાત્વ દોષથી ઉપહત એવા કુશાસ્ત્રપ્રણેતાઓની સર્વ યુક્તિજાલને છેદવા માટે આ નવકાર સમર્થ છે. તે શ્રેષ્ઠ એવા પ્રવચન દેવતાઓથી અધિષ્ઠિત છે.

**(૬) નમસ્કારનાં અધ્યયનો અને ચૂલિકા**

પ્રથમ અધ્યયન 'नमो अरिहंताणं' છે, તે ત્રણ પદો (नमो अरिहंताणं)થી પરિચ્છન્ન અને એક

૨ વિધિમાટે જુઓ શ્રી મહાનિશિથસૂત્રસંદર્ભ નમસ્કાર સ્વાધ્યાય પૃ. ૩૮.

આલાપકવાળું છે. તેનું પરિમાણ સાતઅક્ષરપ્રમાણુ છે. તેના ગમો, પર્યાયો અને અર્થો અનંત છે. તે સર્વ મહામંત્રો અને પ્રવર વિદ્યાઓનું પરમ બીજ છે.

બીજું અધ્યયન 'नमो सिद्धाणं' છે. તેનાં બે પદ છે અને એક આલાપક છે. તેનું પરિમાણ પાંચઅક્ષરપ્રમાણુ છે. તે અનેક અતિશયો અને ગુણો ૩૫ સંપદાઓથી યુક્ત છે.

એમ અનુક્રમે 'नमो आयरियाणं' વગેરે ત્રણ અધ્યયનો અને 'एसो पंचनमुक्कारो' આદિ એક ચૂલિકા છે.

**(૭) પંચમંગલમહાશ્રુતસ્કંધનો સૂત્રાર્થ**

જેમ તલમાં તેલ, કમલમાં મકરંદ અને સર્વલોકમાં પંચાસ્તિકાય વ્યાપ્ત છે, તેમ શ્રી નમસ્કાર મંત્ર સર્વ આગમોમાં અંતવર્તી છે, એ એનો **પ્રથમ સૂત્રાર્થ** છે. [૧]

શ્રીપંચ મંગલમહાશ્રુતસ્કંધનો બીજો **સૂત્રાર્થ** એ છે કે તે નમસ્કાર યથાર્થક્રિયાના અનુરાગસહિત સદ્દભુત ગુણોનું કીર્તન કરનાર અને યથેષ્ટ ફળ આપનાર, **પરમસ્તુતિવાદ** છે. [૨]

**પરમસ્તુતિવાદમાં નીચેના ગુણો અવશ્ય હોય છે:**

(૧) તેમાં પરમસ્તુત્ય તરીકે લોકોત્તમ પુરુષો હોવા જોઈએ.

(૨) તેમાં તેમના યથાર્થ-વાસ્તવિક ગુણોનું કીર્તન હોવું જોઇએ.

(૩) તે કીર્તનનું લક્ષ્ય તે લોકોત્તમ પુરુષોએ બતાવેલ યથાર્થ ક્રિયા.[૩] (અનુષ્ઠાન-સાધના)ની પ્રાપ્તિનું હોવું જોઇએ. તે લક્ષ્યની સિદ્ધિનું પરમકારણ યથાર્થ-ક્રિયા પ્રત્યેનો જે ગાઢ અનુરાગ છે. તે અનુરાગ કીર્તનમાં અનુસ્યૂત હોવો જોઈએ.

(૪) તે પરમસ્તુતિવાદ ઉપર્યુક્તગુણોવાળો હોવાથી ઈષ્ટફળ મોક્ષને આપે છે જ.

(૫) આવો પરમસ્તુતિવાદ સર્વ આગમોમાં વ્યાપ્ત હોય છે.[૪]

**[૮] નવકારનો ગર્ભાર્થસદ્દભાવ:**

પૂર્વે બતાવેલ સૂત્રાર્થની જેમ જ આ ગર્ભાર્થ સદ્દભાવનું અત્યંત મહત્ત્વ છે.

**(અ) અરિહંતપદનો ગર્ભાર્થસદ્દભાવ:—**

અરિહંત પદ અરહંત, અરિહંત, અરુહંત વગેરે અનેક પ્રકારે પ્રજ્ઞાપિત કરવામાં આવ્યું છે, પ્રરૂપવામાં આવ્યું છે, દર્શાવવામાં આવ્યું છે, ઉપદેશવામાં આવ્યું છે, અને કહેવામાં આવ્યું છે, આગળના સિદ્ધાદિ પદોની પણ અનેક પ્રકારે પ્રજ્ઞાપનાદિ છે.

**અરહંત**—અષ્ટવિધ મહાપ્રાતિહાર્યાદિરૂપ પૂજાદિથી ઉપલક્ષિત અનન્યસદૃશ, અચિંત્ય, કેવલાધિષ્ઠિત, પ્રવર અને ઉત્તમ એવા માહાત્મ્યને જેઓ અરહ-અર્હ-યોગ્ય છે, તેઓ '**અરહંત**' કહેવાય છે.

**અરિહંત**—અષ્ટવિધ કર્મરૂપ દુર્જેયઅરિ-શત્રુનું હનન—નિર્મથન, નિર્દહન, નિર્દલન, નિપીલન, પરિષ્ઠાપન અને અભિભવન કરનારા હોવાથી તેઓ '**અરિહંત**' કહેવાય છે.

**અરુહંત**—સકલ કર્મોનો ક્ષય થવાથી ભવના અંકુર (કર્માદિ) નિર્દગ્ધ થવાનાં કારણે

---

૧ તાત્પર્ય કે સર્વ આગમવાકયોમાં પાંચ પરમેષ્ઠિ-પદોને શોધવાનું છે, એટલે કે જગતના ભવ્ય જીવોને પરમેષ્ઠિપદોમાં લાવવા એ દ્વાદશાંગીનું પ્રયોજન છે.

૨ जहत्थकिरियाणुरायसब्भूयगुणविकत्तणे जहिच्छियफलपसाहगे । चेव परमथुईवाए । શ્રી 'મહાનિશિથ' સૂત્ર 'નમસ્કાર સ્વાધ્યાય,' પૃ ૪૧

૩ યથાખ્યાત ચારિત્ર.

૪ આ પરમસ્તુતિવાદરૂપ સૂત્રાર્થ અતિગંભીર છે, તેનું વિવેચન વધુ અવકાશ માગે છે. પ્રસ્તુત લેખમાં તેનો માત્ર અંગુલિ નિર્દેશ છે.

તેઓ આ સંસારમાં ફરી હોતા નથી, જન્મતા નથી, અને ઉત્પન્ન થતા નથી, તેથી તેઓ 'અરુહંત' કહેવાય છે.*

(ખ) **સિદ્ધપદનો ગર્ભાર્થ સભાદ્વ :—**

જેમણે નિષ્પ્રકમ્પ શુક્લધ્યાનાદિની અચિંત્ય શક્તિ અને સામર્થ્યવડે, સજીવવીર્યવડે અને યોગનિરોધાદિ મહાપ્રયત્નવડે પરમાનંદ, પરમ-મહોત્સવ, પરમમહાકલ્યાણ અને પરમનિરુપમ સુખ સિદ્ધ કર્યાં છે, તેઓ 'સિદ્ધ' કહેવાય છે. અથવા આઠ પ્રકારના કર્મના સર્વથા ક્ષય વડે જેમનું સાધ્ય સિદ્ધ થયું છે, તેઓ 'સિદ્ધ' કહેવાય છે. અથવા જેમનું ધ્યાન પૂર્વે શ્વેત હતું, તેઓ 'સિધ્ધ' કહેવાય છે. અથવા જેઓએ શીત (કર્મ) નો નાશ કર્યો, તેઓ 'સિદ્ધ' કહેવાય છે. અથવા જેમનાં સર્વપ્રયોજનો નિષ્ઠિત –પરિપૂર્ણ થયાં તેઓ 'સિદ્ધ' કહેવાય છે. તે સિદ્ધો સ્ત્રીલિંગસિધ્ધાદિ પંદર પ્રકારે છે.

(ક) **આચાર્યપદનો ગર્ભાર્થસદ્ભાવ:-** જેઓ અઢાર હજાર શીલાંગથી અધિષ્ઠિત દેહવાળા હોય છે, અને જેઓ છત્રીશ પ્રકારના આચારને યથોક્ત રીતે, ખેદવિના, અહર્નિશ, પ્રતિસમય સ્વયં આચરે છે અને બીજાઓને તેમાં પ્રવર્તાવે છે, તેઓ 'આચાર્ય' કહેવાય છે. જેઓ પરના અને સ્વના હિતને આચરે છે,[1] તેઓ 'આચાર્ય' કહેવાય છે. જેઓ સર્વ સત્વોનો અથવા પોતાના સર્વ શિષ્ય સમૂહોના હિતને આચરે છે, તેઓ 'આચાર્ય' કહેવાય છે અથવા, જેઓ, પ્રાણસંકટમાં પણ પૃથ્વ્યાદિના સમારંભને આચરતા નથી, આરંભતા નથી અને અનુમોદતા નથી, તેઓ 'આચાર્ય' કહેવાય છે. જેઓ કોઈ પણ અત્યંત મહાન અપરાધીને વિશે પણ મનથી પણ પાપ આચરતા નથી તેઓ 'આચાર્ય' કહેવાય છે.

(ક) **ઉપાધ્યાયપદનો ગર્ભાર્થસદ્ભાવ–** જેઓએ આશ્રવનાં દ્વારો સારી રીતે સંવૃત કર્યાં છે, જેઓ આગમોક્ત યોગોમાં (અનુષ્ઠાનોમાં) મન, વચન, કાયાથી ઉપયુકત છે અને જેઓ વિધિપૂર્વક–સ્વર, વ્યંજન માત્રા, બિંદુ, પદ, અક્ષરાદિથી વિશુદ્ધ રીતે દ્વાદશાંગ શ્રુતજ્ઞાનના અધ્યયન અને અધ્યાપનવડે પરના અને સ્વના મોક્ષના ઉપાયોનું ધ્યાન કરે છે, તેઓ 'ઉપાધ્યાય' કહેવાય છે.[2] અથવા સ્થિર પરિચિત એવા દ્વાદશાંગ શ્રુતજ્ઞાનને જેઓ અનંત ગમો, પર્યાયો અને અર્થો વડે એકાગ્ર મને વિચારે છે, અનુસરે છે અને ધ્યાવે છે, તેઓ 'ઉપાધ્યાય' કહેવાય છે.

(ઇ) **સાધુપદનો ગર્ભાર્થસદ્ભાવ :—** જેઓ અત્યંત કષ્ટમય, ઉગ્ર, ઉગ્રતર, ઘોર ઘોરતર, વીર, વીરતર વગેરે તપોનાં આચરણાદિ, અનેક વ્રતો, અનેક નિયમો, નાનાવિધ અભિગ્રહો, વિશેષ સંયમનું પરિપાલન, અનેક ઉપસર્ગો અને પરીષહોનું સહન વગેરેવડે કરીને મોક્ષની સાધના કરે છે, તેઓ 'સાધુ' કહેવાય છે.

[ફ] **ચૂલિકાનો ગર્ભાર્થ સદ્ભાવ :—**

આ પંચનમસ્કાર સર્વપાપનો પ્રણાશ કરે

---

* નવકારવાળીના એક એક પારા ઉપર 'અરહંત–અરિહંત–અરુહંત' એ અક્ષરોના જાપમાં શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યેના ભાવો વધુ વિકાસ પામે છે. એ વખતે ઉપર કહેલ ગર્ભાર્થસદ્ભાવ આંખ સામે રાખવો.

૧ परमप्पणो अ हिअमायरंति आयरिया। सव्वसत्तस्स सीसगणाणं वाहियमायरंति आयरिया। શ્રી 'મહાનિશિથ'સૂત્ર, નમસ્કાર સ્વાધ્યાય, પૃ. ૪૩

૨ परमप्पणो य मोक्खोवायं ज्झायंति ति उवज्झाये। શ્રી 'મહાનિશિથ'સૂત્ર, નમસ્કાર સ્વાધ્યાય પૃ. ૪૩

(અહીં પ્રથમ પરનું હિત અને પછી સ્વનું હિત એ ક્રમ છે, સુજ્ઞ પુરુષોએ શ્રી 'મહાનિશિથ'-સૂત્રના આ ગંભીર ક્રમને સૂક્ષ્મ અને નિપુણબુદ્ધિથી વિચારવો.)

છે; અથાત્, આ પંચનમસ્કાર જ્ઞાનાવરણીયાદિ સર્વ કર્મોને અત્યંત પ્રકર્ષથી હણી હણીને દશે દિશાઓમાં નસાડી મૂકે છે.

સર્વ પાપપ્રણાશક એ પંચ નમસ્કાર સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.

મંગલ બે પ્રકારનાં છે: દ્રવ્યમંગલ અને ભાવમંગલ. દધિ વગેરે દ્રવ્ય મંગલો છે. ધર્મ એ ભાવમંગલ છે. દ્રવ્યમંગલની મંગલતા-શુભકારિતાનો આધાર પણ ભાવમંગલ છે, કારણ કે ધર્મથી પ્રાપ્ત થએલ પુણ્યના ઉદયના અભાવમાં દ્રવ્યમંગલ લાભ કરતું નથી. નિર્વાણ સુખનો પરમ હેતુ, અહિંસાલક્ષણ અને સમ્યગ્દર્શનાદિરૂપ આર્હત ધર્મ એ જ ભાવમંગલ છે. તે અહિંસા, સંયમ વગેરે ભેદે અનેક પ્રકારનો છે. એ બધા પ્રકારોમાં પરમસ્તુતિવાદરૂપ આ પંચનમસ્કાર એ પ્રથમ મંગલ છે.

આ રીતે શ્રી મહાનિશિથસૂત્રમાં શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધનો જે સમાસાર્થ-સંક્ષેપાર્થ કહ્યો છે. તેમાંથી કેટલુંક આ લેખમાં કહ્યું છે. મહાનિશિથ' સૂત્રમાં તેનો વિસ્તારાર્થ પણ છે. જિજ્ઞાસુઓએ તે માટે 'નમસ્કાર-સ્વાધ્યાય' પૃ. ૪૫ થી અવલોકન કરવું

સર્વને ભાવનમસ્કારની પ્રાપ્તિ થાઓ, એ જ મંગલકામના.

★

# શ્રી નમસ્કાર સુધાબિંદુ:

સંગ્રા. શ્રી સુધાવર્ષા

જીવનમાં જો સમર્પણબુદ્ધિપૂર્વક લાખો અને ક્રોડો નમસ્કાર શ્રી પંચપરમેષ્ઠી ભગવંતોને આપવામાં આવે અને તે દ્વારા તેમનું હાર્દિક સન્માન કરવામાં જીવનનો સારભૂત ભાગ ગાળવામાં આવે તો માનવ દેવથી પણ ભાગ્યમાં ચઢી જાય છે.

નમસ્કારના ધ્યાનરૂપી સાગરમાં જેનું અંત:કરણ ડૂબી જાય છે, તેની કર્મગ્રન્થીઓ પાણી ભરેલા માટીના કાચા ઘડાના દૃષ્ટાંતે વિલીન થઈ જાય છે.

અનંતવીર્યવાળો આત્મા ધ્યાનશકિતના પ્રભાવે ત્રણે લોકને ચલાયમાન કરવાને સમર્થ છે. તે ધ્યાનનો વિષય જ્યારે નમસ્કાર બને છે. અને નમસ્કારનો વિષ શ્રી પંચપરમેષ્ઠી ભગવંતો બને છે, ત્યારે તે શકિતનો પ્રબળ પ્રભાવ શું ન કરે ? તે કહેવું વાણીના વિષયથી પર છે.

દુ:ખથી છૂટવા માટે ધર્મની રુચિને ધારણ કરનારા કોઈપણ આત્માને નવકારસાધના ઉપકારક છે. પછી ભલે તે શાસ્ત્રોનો પૂરો જાણ ન હોય, અહંકારાદિ દોષોનો પરાભવ કરવા અસમર્થ હોય, પણ જેને શ્રી જિનેશ્વરદેવાદિ પરમેષ્ઠી ભગવંતો પ્રત્યે આદરભાવ-પૂજ્યભાવ પ્રગટ્યો છે ભદ્રિક પરિણામી-આદિધાર્મિકને પણ તેના દુ:ખોથી બચાવનાર શ્રી નમસ્કાર મહામંત્રની સાધના છે.

શ્રી નવકારને ભાવ એટલે શ્રી અરિહંતોની અસીમ કરૂણાને ભાવ.

શ્રી નવકારને ભાવ એટલે શ્રી સિદ્ધભગવંતોના પરમ સામાયિકભાવને અને તેના ફળસ્વરૂપ ક્ષાયિકભાવને ભાવ.

શ્રી નવકારને ભાવ એટલે શ્રી આચાર્યભગવંતોના શીલ-સૌરભને ભાવ.

શ્રી નવકારને ભાવ એટલે શ્રી ઉપાધ્યાય ભગવંતોની શ્રુતપારગામિતાને ભાવ.

શ્રી નવકારને ભાવ એટલે શ્રી સાધુભગવંતોની ઉત્કૃષ્ટ આત્મસાધનાને ભાવ.

મહામંત્ર શ્રી નવકારની શરણાગતિ નહિં

સ્વીકારીએ તો મનરૂપી પવનના તોફાન વચ્ચે અંતરની ભોમકામાં સર્વજીવોના હિતનું ભાવ બીજ મૂળ પ્રવેશી નહિં જ શકે.

ત્રણ જગતના સર્વજીવોનાં સર્વપાપોને નાશ કરવાનો શ્રી નવકારનો કોલ છે. તે શાશ્વત છે. તેને ખોટો ઠેરવનાર કોઇ આત્મા આજ સુધી લોકમાં જન્મ્યો નથી અને ભવિષ્યમાં જન્મવાનો નથી.

સેંકડો અણુ અને હાઇડ્રોજન બોમ્બની એકધારી વર્ષા વચ્ચે શ્રી નવકારનો એકનિષ્ઠ આરાધક પ્રસન્નચિત્તે હેમખેમ ઉભો રહી શકે. કારણ કે અણુ કરતાં અતિસૂક્ષ્મ અને તેથી જ વધુ શકિતવાળા કર્માણુઓને આત્મપ્રદેશમાંથી નિર્મૂળ કરવાની જેના ચોકકસ માપનાં પૂર્ણ સત્ત્વવાળાં આંદોલનોમાં અચિંત્ય શક્તિ છે. તે શ્રી નવકારને હૃદયપૂર્વક ભજનારને અણુબોંબ તો શું પણ ઈન્દ્રનું વજ્ર પણ પ્રણામ કરે.

સોયમાં દોરો પરોવવાની વિધિ મુજબ મનને શ્રી નવકારમાં પરોવી શકાય. દોરાને આંગળી અને અંગુઠા વડે બરાબર ઝાલીને સોયના નાકા સરસો લઈ જવો પડે છે, તેમ મનને કાયા અને વાણીવડે પકડીને શ્રી નવકાર નજીક લઈ જવું જોઇએ. દોરાનો અગ્રભાગ જો સોયના નાકા કરતાં સ્હેજ પણ વધુ જાડો કે વેરાયેલો હોય તો સોય તેને પોતાનામાં સ્થાન આપી શકતી નથી, તેમ મન પણ જો દુર્ભાવથી ખરડાયેલું હોય, તેમ જ અન્યાયોપાર્જિત દ્રવ્યના ભેજ વડે અભડાયેલું હોય તો શ્રી નવકારમાં તે પરોવાઈ જઈ શકાતું નથી.

કલ્પવૃક્ષ જે કાંઈ આપે તે બધું શ્રી નવકાર આપે જ. તદુપરાંત કલ્પવૃક્ષ જે આપી શકતું નથી તે મોક્ષસુખ પણ નવકાર આપે છે.

શ્રી નવકાર સ્વયં સ્પષ્ટ જણાવે છે કે, મારા શરણાગતનાં સર્વ પાપોનો નાશ કરવા માટે હું ત્રણેય કાળમાં બંધાયેલો છું. 'સવ્વપાવપ્પણાસણો' પદ તેની સાખ પૂરે છે.

અરિહંતની આજ્ઞાને સમર્પિત થયા સિવાય ભાવના ભાવવાની વાત કરવી તે શ્વાસ લીધા સિવાય જીવવાની વાત કરવા જેવું ગણાય.

જે ભવ્ય આત્મા શ્રી નવકારની આજ્ઞામાં રહે છે તેની આજ્ઞા લોપતાં દેવતાઓ પણ ડરે છે.

શ્રી નવકારના અક્ષરોને સામાન્ય કોટિના અક્ષરો રૂપે તે જુએ કે જેનું ભવ્યત્વ અતિ મંદ હોય.

'અરૂણ' 'ઉષા' 'રજની' 'સંધ્યા' આદિ નામોના અંગભૂત અક્ષરો અને શ્રી નવકારના અંગભૂત ૬૮ અક્ષરો વચ્ચે અનંતગણું અંતર છે. કેમકે તે વ્યકિતવાચી નથી. મહાતત્ત્વવાચી છે. શુદ્ધાત્મતત્ત્વવાચી છે.

શ્રી અરિહંત પરમાત્માના શ્રી તીર્થંકરદેવ તરીકેના ચરણભવમાં શ્રી નવકારનો ભાવપ્રકાશ સોળે કળાએ ખીલી ઉઠેલો હોય છે.

મોટા એંજિનોમાં ગતિપ્રેરક ચકનું, નાના એંજિનોમાં પંખાનું અને એથીયે નાના યંત્રોમાં જે સ્થાન ચકનું છે. તે જ સ્થાન આ મહામંત્રમાં 'નમો' પદનું છે.

વહેતા નિર્મળ જળમાં વસ્ત્ર ધોવાઈને સાફ થાય છે. તેમ શ્રી નવકારના અક્ષરોના સતત આંતરસ્પર્શે આત્મપ્રદેશોને બાઝીને રહેલા મોહનીય આદિ કર્મોના અત્યંત સૂક્ષ્મ, ચીકણા અને બેડોળ પરમાણુઓ ચૂપચાપ એક પછી એક ખસી જાય છે. અને આત્માના તેજને જગ્યા આપે છે.

શ્રી નવકારને અપાતા ઉત્કૃષ્ટભાવમાંથી જન્મે છે ભવનો અભાવ.

શ્રી નવકાર સર્વજીવોના કલ્યાણની ઉચ્ચતમ ભાવનાનો સુમેર છે. તેના સર્વોચ્ચ શિખરે પંચ પરમેષ્ઠિ ભગવંતો બિરાજમાન છે. તેની તળેટીનું નામ 'નમો' છે તેના સર્વોચ્ચ શિખરનું નામ 'મંગલ છે.'

તૃષાતુર માણસને જેવો ભાવ જળ પ્રત્યે

હોય, ભૂખ્યા માણસને જેવો ભાવ ભોજન પ્રત્યે હોય, તેનાથી અધિક ભાવ દશેય દિશાના ભય વચ્ચે રહેલા પુણ્યશાળી માનવને નવકારમાં હોય.

શ્રી નવકારની છાયામાં બેસવું તે કલ્પવૃક્ષની છાયામાં બેસવા કરતાં પણ અધિક લાભદાયી છે.

નવકારના જે અક્ષરો છે તે અનાદિકાળથી શાશ્વત મંગલપદના સાચા પ્રતિનિધિઓ તરીકે ત્રણે ય જગતના સર્વજીવોના મંગલના પરમ-કાર્યમાં પૂરેપૂરી સહાય કરી રહ્યા છે. જેને તે અક્ષરોની પવિત્ર શકિતમાં વિશ્વાસ નથી, તો કહેવું જોઇશે કે તેને પોતાનામાં વિશ્વાસ નહિ જ હોય.

નવકારના એકએક અક્ષરનું ધ્યાન જીવને અનાદિકાળથી વળગેલાં સંસારના તીવ્રતમ રાગને તોડે છે અને પંચપરમેષ્ઠી ભગવંતોના પરમ સત્ત્વવંતા આત્મપ્રકાશ સાથે જોડે છે.

ગમે તેવો અસાધ્ય વ્યાધિ નવકારના જાપથી ટળે. ગમે તેવો ભય નવકારના શરણાગતને ભયભીત ન કરી શકે.

ભવના ભાવને પકવીને ખેરવી નાખવામાં અડસઠ અક્ષરોનાં બનેલા મહામંત્ર શ્રી નવકારથી અધિક સત્ત્વશાળી બીજી કોઈ ઔષધિ ત્રણ લોકમાં નથી.

શ્રી નવકારનો સાથી સ્વેચ્છાપૂર્વક પોતાના સંસારને લોકહિત વ્યાપી બનાવે અને સંસારી સઘળા જીવોના હિતની સતત ચિંતાવડે મોક્ષની લાયકાતવાળો બનાવે.

શ્રી નવકારને પોતાનું હૃદય અર્પણ કરનાર ત્રિભુવનના સર્વ જીવોના હૃદયમાં સ્થાન પામે છે.

ફુલમાળાના સત્સંગથી દોરો જેમ દેવાધિદેવના કંઠ સુધી પહોંચી શકે છે, તેમ શ્રી નવકારની સાચી મૈત્રીથી આત્મા સિદ્ધશિલા સુધી પહોંચી શકે.

ભરદરિયે જેટલી નૌકાની કિંમત હોય તેના કરતાં પણ અધિક કિંમત ચારગતિમય સંસારમાં શ્રી નવકારની છે.

સંસારની મૈત્રી સંસાર વધારે. શ્રી નવકાર એના સાચા મિત્રને અસીમ આત્મસુખનો સ્વામી બનાવે.

જીવના સાંસારિક પરિભ્રમણના મૂળમાં ચાર કષાયો જે શકિત પૂરે છે, તેને મહાત કરવાની અસીમ શકિત શ્રી નવકારના પ્રત્યેક અક્ષરોમાં છે.

આપણા ઉપર પરમાત્મપદનો અભિષેક કરવાના મનોરથ શ્રી નવકારને છે. મોક્ષના મહાસુખમાં મહાલીએ એવા તેના ભાવ છે.

(શ્રી નવકાર સાધના)

★

## શ્રી નવકાર મંત્રાધિરાજ પ્રત્યે

શ્રી હીરાચંદ સરૂપચંદ-મુંબઇ

હે પ્રભો! પ્રચંડ વીજળી અને અષાઢી મેઘોની ગર્જના સાથે આપ જેવા પુષ્કરાવર્ત વર્ષાદ ધરતીને જલમય બનાવી રહ્યા છો છતાં હું સંસાર દાવાનલમાં કેમ બળી રહ્યો છું?

હે ભગવાન! આપ જેવા સમર્થ ઝંઝાવાત વાઇ રહ્યા હોવા છતાં આ મોહરજ મને કેમ ચડી શકે?

હે પ્રભો! આપ જેવા ધર્મચક્રરત્નની વિદ્યમાનતામાં આ મને કેમ માયારૂપી વેલ વીંટળાઇ રહી છે?

હે મહામાહણ! આપ જેવા સમર્થ શિરછત્ર હોવા છતાં આધિ, વ્યાધિ, ઉપાધિ, જન્મ, જરા, મૃત્યુ મને કેમ ભરખી રહી છે? હે મહાગોપ! આપ જેવા શકિતશાળી નેતા હોવા છતાં મારી ઇન્દ્રિયરૂપી ગાયો મને દુર્ગતિમાં કેમ ખેંચી રહી છે?

હે મહાસાર્થવાહ! આપ જેવા માર્ગદર્શક હોવા છતાં હું સંસારવનની બહાર નીકળી શકતો નથી. કેવી અસહાય દશા! હે વીતરાગ! અરિહંત! જિનેશ્વર! તારા જેવા પતિ દેવ

મળ્યા પછી પણ અતૃપ્તિ મને કેમ ચૂસી રહી છે?

હે જગચિંતામણિ! તારા જેવા પારસમણિના સંસર્ગ પછી પણ હું લોઢું જ રહ્યો ઉલટો કાટ વધે જ છે.

હે દીનાનાથ! તારા જેવો મહાગારૂડી મળ્યા પછી પણ પાપરૂપી ભુજંગો ડંખી રહ્યા છે. વિષયરૂપી વિષયથી બળી રહ્યો છું. બચાવો, હે ત્રૈલોક્યદીપક તારા જેવો સુગંધિત ધૂપસહિત દીપક હોવા છતાં હું મોહાંધ કેમ બન્યો?

હે જગનાથ! તારા જેવા નાથ છતાં હું અનાથ છું. તારા જેવા બોધિદાતા ગુરુ હોવા છતાં હું અજ્ઞાન છું. તારા જેવા જગરક્ષક હોવા છતાં હું અશરણ છું. તારા જેવા જગબંધવ હોવા છતાં હું છત્ર રહિત છું -અશરણ છું. તારા જેવા કલ્પવૃક્ષની છાયામાં મારી મનોવાંછના અપૂર્ણ છે. તારા જેવા ત્રૈલોકયપૂજ્ય માલિક હોવા છતાં હું દીનહીન પામર-ગરીબ છું.

આનું કારણ શું? દશ દષ્ટાંતે દુર્લભ માનવભવ મળ્યા છતાં આવી કરૂણદશા? સાચો રાહ મને કોણ બતાવશે? હું કોણ? આત્મા. શરીર નહીં.


વિષય, કષાય, રાગ, દ્વેષ મારા શત્રુ છે. આ શત્રુઓ જ મારી ખાના-ખરાબી સર્જી રહ્યા છે. આ શત્રુને ક્રૂરતાથી હણી નાખવા માટે પ્રબળ સાધન કોણ? નવકારને શરણે જવું? લયલીન બનવું. ચૌદ પૂર્વના સાર નવકારનું રહસ્ય જે સમજ્યા તે ચૌદપૂર્વને સમજી શકે.

તેથી હે પરમ મંગલ નવકાર! તારે શરણે આવેલો હું એટલું જ માગું છું કે તારા અચિંત્ય સામર્થ્યથી મને નિયમિત ઉત્સાહપૂર્વક એકાગ્રતા સાથે આરાધનાનું સામર્થ્ય પ્રગટો.

મારો સર્વતોમુખી વિકાસ સાધવાનું, સર્વ આપત્તિઓને દૂર કરવાનુ અને સર્વ મનોરથો સિદ્ધ કરવાનું જો કોઈમાં પણ સામર્થ્ય હોય તો તે કેવળ નવકારમાં જ છે.

**સમોવસરણ તથા નાણના ઉપયોગમા આવે તેવું સુંદર ઉપકરણ**

આપની ઇચ્છા મુજબ પીત્તળ, જર્મન તથા ચાંદીના પતરાથી મઢીને તૈયાર થઇ શકશે.



રથ ઇન્દ્રધ્વજા, પાલખી વગેરે કલાત્મક ઉપકરણો બનાવનાર જુના અને જાણીતા

**મીસ્ત્રી વૃજલાલ રામનાથ**

ઠે. છેલ્લી ગેટ :: **પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

# કરોડરજ્જુ અને જ્ઞાનતંતુ (આરોગ્ય અને ઉપચાર)

વૈદરાજ શ્રી કાંતિલાલ દેવચંદ શાહ ઝીંઝુવાડા

'કલ્યાણ'ના વાચકોને અનુલક્ષીને વૈદ્યરાજ શ્રી કલ્યાણ માટે ખાસ આ લેખમાળા લખી રહ્યા છે. આરોગ્ય અને ઉપચારને અંગે સાદા અને ઘરગથ્થુ ઇલાજો અહિં તેઓ દર્શાવે છે. જે સર્વ કોઈ તે વિષયના જિજ્ઞાસુવર્ગને અતિ ઉપયોગી છે. આ લેખમાળા વાંચવા-વિચારવા અને તેને અંગે જણાવવા જેવું જણાવવા અમારો સર્વ કોઈ 'કલ્યાણ'ના શુભેચ્છકોને આગ્રહ છે.

⊙

લેખાંક આઠમાં મગજની માવજત અંગે વિચારણા કરી. ભૂતકાળનો ખ્યાલ આપનારૂં વર્તમાન સ્થિતિને સમજાવનારૂં અને ભાવીની ઝાંખીને સ્પષ્ટ કરનારૂં જ્ઞાનશકિતનું સંગ્રહસ્થાન અને આખા યે શરીરનુ સંચાલન સાચવનારૂં મગજ અતિ કિંમતી અવયવ હોવાથી મગજને અતિ કામ ન પડે તે માટે કરોડરજ્જુ નામની રચના રચાએલી છે. અને ડોક રૂપી દરવાજો બનાવેલો છે.

કરોડનું દોરડું (કરોડરજ્જુ) કરોડો સૂક્ષ્મ તંતુઓના સમૂહથી વણાએલું અડધા ઇંચની જાડાઇ અને આશરે અઢાર ઇંચ લંબાઇ ધરાવતું દોરડું છે. તે દોરડું કરોડના તેત્રીશ મણકાઓમાં રક્ષાએલું છે. દોરની શરૂઆત મગજ સાથે અને છેડો ઠેઠ નિતંબ સુધી છે. છેડાને મગજની પુંછડી કહેવામાં આવે છે. મગજની માફક કરોડના દોરનું પણ ત્રણ પડથી મજબુત રક્ષણ થયેલું છે. (૧) બાહ્યપડ ઘણું મજબુત છે. (૨) મધ્યપડ સુલાયમ છે. જેની અંદર પ્રવાહી રસ હોવાથી આંચકો લાગતો નથી (૩) અંતર પડ લોહિની નસોને લઇ જનારૂં પડ કરોડરજ્જુનો બાહ્ય ભાગ જ્ઞાનતંતુના તાંતણાનો બનેલો હોવાથી સફેદ છે. અને અંદરનો ભાગ કોષો-નો બનેલો હોવાથી ભુખરો છે. તેત્રીશ મણકાથી સંપૂર્ણ બનેલી કરોડ રબ્બર જેવી હોવાથી વાળવી હોય તેમ વળી શકે છે.

કરોડરજ્જુની બન્ને બાજુથી એકત્રીશ એકત્રીસ સંયુકત જ્ઞાનતંતુઓ નિકળે છે. ગરદનના ભાગમાંથી આઠ, બરડામાંથી બાર, કમરમાં પાંચ, અને ગુદા અસ્થિમાં એક નિકળે છે. મગજરૂપી રાજધાનીમાં શરીરરૂપી વિશાળ રાજયમાંથી સંદેશા લાવવા અને લઇ જવા-ની કાર્યવાહી કરનારા આ દૂતો છે. ગરદનમાંથી નીકળતાં તંતુઓ હાથ અને ગરદનને, બરડામાંથી નીકળતાં તંતુઓ છાતી અને પીઠ પર, કમરમાંથી નિકળતા તંતુઓ કમરના ભાગમાં, પેટ, પેડુ, પગ અને છેક આંગળા સુધી અને ત્રિક અસ્થિમાંથી નિકળતા તંતુઓ નિતંબ અને પગના પાછળના ભાગ સુધી ફેલાએલા છે. સૌથી વધુ જ્ઞાનતંતુઓ બરડાના ભાગમાં આવેલા છે. બાળક રડતું હોય ત્યારે, અગર અતિશ્રમ પછી વાંસામાં પંપાળવાથી જ્ઞાનતંતુનો શ્રમ હળવો થવાથી બાળક આનંદમાં આવે છે. અને નિદ્રા આવે છે.

(૧) ઇચ્છાવર્તી જ્ઞાનતંતુ (૨) અનિચ્છા-વર્તી જ્ઞાનતંતુ. ઇચ્છાવર્તી જ્ઞાનતંતુની અંદર ચિકાસ યુકત તેલી પદાર્થ છે. અને ઉપર ચરબીનું પડ છે આથી જ્ઞાનતંતુઓ સફેદ દેખાય છે. અનિચ્છાવર્તી જ્ઞાનતંતુઓ પડ રહિત હોવાથી ભુરા રંગના દેખાય છે. જાડા જ્ઞાનતંતુનો વેગ ઝડપી હોય છે. જ્ઞાન તંતુની ઉત્તેજનાથી જ્ઞાન થાય છે. જ્ઞાનતંતુને છેડે રાખોડી રંગનો 'જ્ઞાનકોષ' હોય છે. મગજ અને કરોડરજ્જુના જ્ઞાનતંતુઓ આવા 'કોષો' ના બનેલા હોય છે. મથાળાના ટુંકા તંતુઓને 'શિખાતંતુઓ' કહેવામાં આવે છે. વૃક્ષ જેમ થડથી રક્ષાય છે.

મકાન જેમ સ્થંભથી રક્ષાય છે. પેટી જેમ સાંકળથી રક્ષાય છે તેમ શરીર આ કરોડરજ્જુથી રક્ષાએલું છે. માણસની ઉંચાઇ પણ આ દોરને અવલંબીને છે પાંચ મણ વજનનો થેલો ઝીલી શકવાની શકિત પણ કરોડરજ્જુને આભારી છે.

જ્ઞાનતંતુના પ્રકાર (૧) **અંતર્વાહી**–શરીરના જુદા જુદા ભાગમાંથી કરોડ દ્વારા મગજ સાથે સંપર્કમાં આવનારા તંતુઓ, આ તંતુઓ મગજમાં સ્પર્શ, દષ્ટિ, શ્રવણ, ગંધ, સ્વાદ, શાતા, અશાતા વિગેરે ઇન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન કરે છે. (૨) **બહિર્વાહી** મગજમાંથી જવાબ રૂપે કરોડમાંથી પસાર થઇ શરીરમાં આજ્ઞા ફરમાવનારા તંતુઓ (૩) **ગતિ તંતુઓ**– માંસપેશીઓમાં જઇ સ્નાયુઓનો સંકોચ કરી ગતિ ઉત્પન્ન કરે છે. (૪) **સંકોચક તંતુઓ**–રકતવાહિનીઓ, માંસપેસી. સંકોચી કે વિસ્તારી લોહીનું નિયમન કરે છે. (૫) **સ્રાવક તંતુઓ** જુદી જુદી ગ્રંથીઓમાંથી પ્રવાહ વહેતો કરે છે (૬) **સંયુકત તંતુઓ,** અંતર્વાહી અને બહિર્વાહી બન્ને સંયુકત બની મગજમાંથી નીકળતા. અને કરોડના દોરમાંથી નીકળતાં સંયુકત જ્ઞાનતંતુઓ. મગજમાંથી નીકળતી જ્ઞાન તંતુની બાર જોડી તેમાં થોડાક બહિર્વાહી, થોડાક અંતર્વાહી, અને સંયુકત હોય છે.

**કાર્ય :** નાકની અંદર ચામડીમાં જઇ મગજને ગંધનું જ્ઞાન કરાવે તે ગંધવાહી જ્ઞાનતંતુ. આંખોમાં જઈ દષ્ટિનું જ્ઞાન કરાવે તે રૂપવાહી જ્ઞાનતંતુ. સ્નાયુઓ ઉપર અંકુશ રાખી ઉંચા નીચા ડાબા જમણા ફેરવે તે આજ્ઞાવાહક જ્ઞાનતંતુ. આ કાર્ય મગજના ત્રીજા ચોથા અને છઠા જ્ઞાનતંતુ કરે છે. પાંચમો જ્ઞાનતંતુ સંયુકત છે તે ચહેરાના સ્નાયુઓ પાસેથી મગજને જ્ઞાન કરાવે છે. અને ખોરાક ચાવનાર જડબાના સ્નાયુઓને જ્ઞાન કરાવે છે. સ્નાયુઓને ગતિ આપે તે ક્રિયાવાહી જ્ઞાનતંતુ. કાનમાં અથડાઇને આવતા અવાજને મગજમાં પહોંચાડે તે આઠમો જ્ઞાનવાહિ જ્ઞાનતંતુ. સ્વાદની ખબર આપે અને ગળાના સ્નાયુઓને કાબુમાં રાખે તે નવમો સંયુકત જ્ઞાનતંતુ. સ્વરયંત્ર, હૃદય, ફેફસા અને પેટના અવયવોનું જ્ઞાન કરાવનાર દશમો જ્ઞાનતંતુ સંયુકત છે. ગરદનના સ્નાયુઓને ગતિશિલ રાખનાર અગ્યારમો જ્ઞાનતંતુ, ક્રિયાવાહક છે. જીભના સ્નાયુઓને ગતિ આપનાર બારમો જ્ઞાનતંતુ ક્રિયાવાહી છે.

જ્ઞાનતંતુઓ હૃદય, ફેફસા, જઠર, આંતરડા, કલેજું, બરોળ, સ્વાદુપિંડ સ્વેદગ્રંથી મુત્રાશય વિગેરે ઉપર કાબુ રાખે છે તેથી લોહીનું ભ્રમણ શ્વાસ-ઉશ્વાસ, પાચનક્રિયા નસોની નાજુક દિવાલોને વિસ્તૃત અને સંકોચ કરી સપ્રમાણતા જાળવવી, સ્પર્શજ્ઞાન, ઠંડી ગરમી, આદિ ઇચ્છાવર્તી અને અનિચ્છાવર્તી કાર્યવાહિ ચલાવે છે ઉંઘમાં ઇચ્છા વિના અનેક ક્રિયાઓ આપ મેળે ચાલ્યા કરે છે, ભય અને કટોકટી ઈત્યાદિ સમયે શરીરની ક્રિયાને વેગવાન બનાવે છે. બોલવું લખવું ચાલવું તરવું વગેરે ક્રિયાઓ શરૂઆતમાં ઇચ્છાવર્તી હોય છે, તે કામ માટે મગજને શરૂઆતમાં જોડાવું પડે છે. પણ પાછળથી કાર્યવાહીની ટેવ પડી જવાથી પ્રતિક્ષિપ્ત કાર્યવાહિ બની જાય છે. ઇચ્છાવર્તી કાર્યો કરતાં વધારે ઝડપથી પ્રતિક્રિયાના કાર્યો થાય છે પણ મગજને શ્રમ પડતો નથી. બેભાન અવસ્થામાં સપડાએલા માણસને પગે સોય ભોંકીએ તો તરત જ પગ ઉચો થાય છે પણ આ ક્રિયા મગજને આધીન નથી.

શરીરના સર્વ તંતુઓનો સંબંધ, મગજ અને તેની શાખા કરોડરજ્જુ સાથે છે. ગતિતંતુ, સ્પર્શ તંતુ તથા બીજી ઇન્દ્રિયોના તંતુ જોડાએલા છે. વાચા, અક્કલ, હોંશિયારી. સ્મરણશકિત, ચેતના, ઉત્સાહ તરવરાટ, ચપળતા, પ્રસન્ન ચિત્ત, માનસિક અને શારીરિક તંદુરસ્તી આ બધાનો આધાર તંદુરસ્ત જ્ઞાનતંતુઓ ઉપર અવલંબિત છે માટે જ્ઞાનતંતુઓની તંદુરસ્તી પ્રત્યે સંપૂર્ણ સજાગ રહેવું જોઇએ.

માનવીની ઉંચાઇ ક્રમસર ઘટતી આવે છે. એટલે કે કરોડરજ્જુનું કદ ટુંકુ થવા લાગ્યું છે. અને તેને આધારિત જ્ઞાનતંતુઓનો વિકાસ પણ ઓછો થવા લાગ્યો છે. અને આથી ક્રમે ક્રમે ધારણા શકિત પણ ઘટવા લાગી છે.

છેલ્લા બે દશકાથી તો ભ.રતભૂમિનો માનવી અનેક પ્રકારની પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ હાડમારીઓથી, આર્તધ્યાન, કુવિચાર, કુવિકલ્પોમાં શેકાઇ રહ્યો છે. અર્થાત્ શાંતિ વગરનું જીવન વ્યતતી કરી રહ્યો છે.

ઉત્તરની સરહદ પરદેશી ચીની સૈન્યથી ખતરામાં છે. કાશ્મિરનો પ્રશ્ન ઉકળતો છે. દેશના અંદરના ભાગોમાં, અન્નનો, ઘી તેલનો, વસ્ત્રનો, મકાનોનો, ખેતીનો, આયોજન કે ઉત્પાદનનો, કેળવણીનો કે મોંઘવારીનો, સ્વાર્થનો કે સત્તાનો, સંકુચિતતાનો અપ્રામાણિક રીતિનીતિઓનો, ઓછા પાપે ચાલતા ગ્રહઉદ્યોગનો કે અતિ ભારે ચાલતા યંત્ર ઉદ્યોગનો, ભાષાનો કે જ્ઞાનનો એક પણ પ્રશ્ન થાળે પડતો નથી અને આ બધી વિટંબણાઓથી કામ-કામ ને કામ આડે નવરાશ ( શાંતિ ) મળતી જ નથી. માનવી પ્રત્યક્ષ અને પરોક્ષ કામથી અતિશ્રમિત થઇ રહ્યો છે. પરિણામે શરીરના અવયવો ક્ષીણ થઇ રહ્યા છે. શરીરમાં રહેલી કુદરતી જીવનશકિત હણાઇ રહી છે. બાળકો જન્મથી જ ઓછા વજનવાળા, દુર્બળ, અને રોગ વ્યાપ્ત જન્મી રહ્યા છે.

અશાંતિ વધવાથી અનિદ્રા, અને અનિદ્રાથી જ્વર હણાઇ રહ્યું છે, કલેજું મંદ પડયું છે. મગજ થાકી ગયું છે, જ્ઞાનતંતુઓ ઢીલા પડી ગયા છે. શ્રમિત થઇ ગયા છે. ચપળતા ગુમાવી બેઠા છે. પરિણામે બરડામાંથી ચસકા મારવા, શરીરમાં ઝણુઝણાટી થવી, આંગળાઓમાં ખાલી ચઢવી, ટેરવામાં આછી બળતરા, ઉશ્કેરાટ કે ઉદાસીનતા સ્ફુર્તિ અને તાજગીનો અભાવ; ટુંકાણમાં જ્ઞાનતંતુનો દરદી દુઃખના દરિયામાં હડસેલાઇ ગયો છે.

વાચા બોલવામાં ત્રણ સાધનની જરૂર પડે છે. મગજની અંદર વિચાર ઉત્પન્ન થાય છે. ગળામાંથી સ્વર નિકળે છે. અને મુખમાં શબ્દ બંધાય ત્યારે ભાષા બોલાય છે. જ્ઞાનતંતુ નબળા થવાથી વાચા, અક્કલ, હોશિયારી તથા સ્મરણ શકિતમાં તફાવત માલમ પડે છે, આ અંગે ' જીભ ' ના લેખમાં વિસ્તારથી વિચારણા કરીશું.

ઉપરાંત શરદી લાગવાથી, બહુ મિષ્ટાન્ન ખાવાથી. પાચન ક્રિયા બગડવાથી, લુખો અને સુકો ખોરાક ખાવાથી, ટાઢું વાસી અન્નપાન ખાવાથી, અતિ વિષયથી, ઉજાગરા કરવાથી, લાંબો પંથ કરવાથી, અતિ વ્યવસાયથી, પછડાટથી, અતિ ચિંતા, અતિ શોક કરવાથી, મળમૂત્રના વેગને રોકવાથી, આઘાત લાગવાથી બહુ ઉપવાસ કરવાથી, વૃદ્ધાવસ્થાથી, તૈલી પદાર્થની ઉણપથી, જ્ઞાનતંતુઓ બધિર-બહેરા થઇ જાય તેવી દવાઓના સેવનથી, ઝણુઝણાટી ઉત્પન્ન કરે તેવા વાહનોમાં લાંબો સમય મુસાફરી કરવાથી, વાંકા વળીને લાંબો વખત લખ લખ કરવાથી, સૂર્ય અને ચંદ્ર સ્નાનના અભાવથી, જ્ઞાનની આશાતના કરવાથી, જ્ઞાની મહાપુરૂષોની કદર્થના કરવાથી, ભણતા ગણતા અંતરાય કરવાથી, જ્ઞાનનું અભિમાન કરવાથી જ્ઞાનતંતુઓ નબળા પડે છે, કર્મ સિદ્ધાંત પ્રમાણે જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવે છે, અને બંધાય છે.

( ૧ ) **સરલ ઉપચાર** કામનો અંત સંસારરૂપી કર્મક્ષેત્રમાં આવવાનો નથી. માટે શ્રમિત જ્ઞાન તંતુની શાંતિ માટે શાંત જીવન; ધ્યાન અને મૌનની ખાસ આવશ્યકતા છે. આ કાર્ય ' પૌષધ ' કરવાથી સ્હેલાઇથી સાધી શકાય છે. અઢારે પાપસ્થાનકથી બચાવનાર ' પૌષધ ' પખવાડીએ એકવાર કરવાથી, ચૈતન્ય, ઉત્સાહ, અને પ્રસન્નતા પ્રગટી જ્ઞાનતંતુઓ શકિતશાળી બને છે. પાપક્રિયાથી બચાય છે શ્રુત જ્ઞાનની આરાધના થાય છે, અશુભ પ્રવૃત્તિઓથી નિવૃત્ત થવાય છે, ધર્મનું પોષણ થઇ પુણ્ય સંચય થાય છે, શારિરીક, માનસિક અને આધ્યાત્મિક શાંતિ મળે છે.

( ૨ ) સાકર વાટેલી અડધો તોલો, ગાયનું ઘી સવા તોલો, તપેલીમાં મેળવી સાધારણ ગરમ કરવું. આજ તપેલીમાં ધારોષ્ણ ગાયનું દુધ અડધો શેર દોહી તુરત જ પી જવું. આ પ્રયોગ જ્ઞાનતંતુના દરદોની શાંતિ માટે ફળદાયક છે.

( ૩ ) લખતા-વાંચતાં વાંસો ટટ્ટાર રાખવાથી ખંભા સમતોલ રહેવાથી ખંભાના જ્ઞાનતંતુઓ નિરોગી રહે છે

( ૪ ) કાળી દ્રાક્ષ, મોટી હરડે, જટામાસી, કડુ,

ગરમાળો અને પિત્ત પાપડો આ સાત ઔષધિઓનો ક્વાથ બત્રીશ દિવસ પીવો.

( ૫ ) ધોળા ખાખરાના પંચાગને છાંયે સુકવી ભુકો કરી વસ્ત્રગાળ કરી એક તોલો ઘીમાં ચાટી જવું. ખોરાક દૂધ ભાતનો લેવો.

( ૬ ) હંમેશા આડો ખોબો કાળા તલ ખુબ ચાવીને ખાવા. ઉપર ઠંડુ પાણી પીવું.

( ૭ ) તલના તેલનું માલીશ કરવું અને અડધો કલાક સૂર્યસ્નાન લેવું.

( ૮ ) સફેદ કરણનાં મૂળ, સફેદ ચણોઠીની દાળ, ધતુરાના પાન, દરેક રૂપીઆ ભાર લઇ વાટી ચટણી કરવી. તલનું તેલ અડધો શેર લઇ તેમાં ચટણી નાખી તળી લેવી. ચસકા, ખાલી, ઝણઝણાટી, બળતરા, ઈત્યાદિ ઉપર માલીશ કરવું.

( ૯ ) અડદ, ઘઉં. ચોખા, ઘી, દૂધ, આદિ પદાર્થોનું સેવન હિતકારી છે.

( ૧૦ ) પૂર્ણ ચંદ્રોદય રસ રતિ ૧ સુવર્ણ-વસંત માલતી રતી ૧ વાટેલી પીંપર રતિ. ૩ ઘીમાં મિશ્રણ કરી ચાટી જવું. ઉપર એક કપ દૂધ પીવું.

આંખ-કાન-નાક-મગજ અને કરોડ આ બધા ખૂબ જ ઉપયોગી અવયવો જ્ઞાનતંતુ સાથે એકમેક છે. આ જ્ઞાનતંતુઓનો વિષય અહિં પૂર્ણ થાય છે.

જ્ઞાનતંતુઓના દરદો જ ન જન્મે તેવો નિરોગી ઉત્તમ માનવ દેહ પામવાને માટે અરે એટલું જ નહિં પણ કેવળ સુખ-સુખ ને સુખ જ મેળવવા માટે, શ્રુત-જ્ઞાનનું શિક્ષણ આપતાં સૂત્રોમાં નીચે પ્રમાણે સર્વ શ્રેષ્ઠ સાધન બતાવવામાં આવ્યું છે.

" વસંતતિલકા છંદ "

જાઇ-જરા-મરણ-સોગ પણાસણસ્સ,<br>
કલ્લાણ-પુક્ખલવિસાલ-સુહાવહસ્સ.<br>
કો દેવ-દાણવ-નરિંદ-ગણચ્ચિઅસ્સ,<br>
ધમ્મસ્સ સારમુવલબ્ભ કરે પમાયં.

જન્મ, જરા ( ઘડપણ ) અને મૃત્યુ, શોક (માનસિક દુઃખ દિલગીરી) નો નાશ કરનાર, મોટું સુખ આપનાર, દેવ-દાનવ, ઇન્દ્ર અને નરેન્દ્રોથી પૂજાએલ એવા શ્રુત જ્ઞાનની આરાધના તનથી, મનથી, વચનથી ધનથી કરવા તત્પર બનો આ સર્વ શ્રેષ્ઠ, સચોટ ઉત્તમ, અમૃત તુલ્ય ઔષધ છે.

(ક્રમશઃ)

## — કલ્યાણના શુભેચ્છકોને —

'કલ્યાણ' માં લેખો લેવાનું ધોરણ વ્યવસ્થિત તથા હેતુલક્ષી રાખ્યું છે. વાંચન-મનન તથા ચિંતનોપયોગી સાહિત્ય પીરસાતું રહે તે માટે અમે સતત જાગૃત છીએ. ટૂંકી વાર્તા, પ્રવાસવર્ણનો ઉપદેશ વચનો, તેમજ અન્યાન્ય હળવું, મનનીય તથા રસમય વાંચન આપવા અમે પ્રયત્નશીલ છીએ. 'દેશ અને દુનિયા' 'જ્ઞાન ગોચરી' 'મધપુડો' 'મહામંગલ શ્રી નવકાર' ઈત્યાદિ વિભાગો તેમજ અન્યાન્ય 'કલ્યાણ' ના હજારો વાચકોમાં લોકપ્રિય બનેલા ઉપયોગી વિભાગ અમે નિયમિત રીતે પ્રસિદ્ધ કરવા આતુર છીએ. પણ અનેક લેખો જે અમારાપર અમારા સહૃદય લેખકોએ શુભ લાગણીથી મોકલાવ્યા હોય તેને પણ ન્યાય આપવો એ અમારી પ્રથમ ફરજ છે. આ કારણે કેટલાક વિભાગો અમારે મુલતવી રાખવા પડે છે. અમારા સહૃદય વાચકોને તથા શુભેચ્છકોને ફરી ફરીને કહેવાનું રહે છે કે કલ્યાણના વિકાસ માટે ઉપયોગી આપના સલાહ, સૂચન તથા માર્ગદર્શન અમને આપતા રહો. આપ એટલું યાદ રાખો કે 'કલ્યાણ' સમસ્ત જૈન સમાજનું છે. કયા કયા વિભાગો 'કલ્યાણ' માં નિયમિત પ્રસિદ્ધ થતા રહે તે આપને ગમે છે તે અમને જરૂર જણાવશો. 'કલ્યાણ' ને આત્મીયભાવે આપ સર્વ અવશ્ય સહકાર આપશો.

# સમાચાર સાર

**કચ્છ-વાગડમાં ધર્મપ્રચાર :** પૂજ્ય પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીએ સપરિવાર રાધનપુરથી વૈશાખ વદિ ૧૩ ના કચ્છ બાજુ વિહાર લંબાવ્યો હતો. તેઓશ્રીને વળાવવા રાધનપુર સંઘ આવેલ. ત્યાંથી તેઓશ્રી પીપલી પધાર્યાં ત્યાં જાહેર વ્યાખ્યાન થયેલ. રાધનપુરથી ઘણા ભાઈઓ વ્યાખ્યાનમાં આવેલ. ત્યાંથી વરાહી થઈ જેઠ સુદિ ૧ ના તેઓશ્રી સાતલપુર પધાર્યાં. અહિં ત્રણ ભવ્ય જિનાલયો છે. વ્યાખ્યાનમાં જનતાએ લાભ લીધો હતો. પીપરલા થઈ આડીસરનું રણ ઉતરી તેઓશ્રી આડીસર પધાર્યાં. કચ્છમાં તેઓ પ્રથમ જ વાર પધારેલ છે. આડીસર સવાર-બપોર વ્યાખ્યાનો થતાં, શ્રી સંઘનો આગ્રહ થવાથી બે દિવસ તેઓ રોકાયા. ચાતુર્માસ માટે શ્રી સંઘે વિનંતિ કરી. ત્યાંથી ભંગેરા સુદિ ૫ ની સાંજે પધાર્યાં. આડીસરના ભાઈઓ સાથે હતા, રાત્રે જાહેર વ્યાખ્યાન થયેલ. સુદિ ૬ ભીમાસર પધાર્યાં. ને ૭ ના ફીડીયાનગર પધારેલ ત્યાં બે દિવસ સ્થિરતા થયેલ. વ્યાખ્યાનો થયેલ. સુદિ ૮ ના ચિત્તરોડ પધાર્યાં, ને સુદિ. ૯ ના લાકડીયા પધાર્યાં. ત્યાંથી કટારીયા તીર્થની યાત્રાયે પધાર્યાં હતાં. જૈન બોર્ડીંગના વિદ્યાર્થીઓ સમક્ષ 'વિદ્યાર્થીજીવનનું ઘડતર' વિષય પર પ્રવચન થયેલ. ત્યાંથી વાંઢીયાના ભવ્ય જિનાલયનાં દર્શન કરી સુદિ ૧૧ ના જંગી પધાર્યાં. જંગીમાં વ્યાખ્યાન આપેલ. ત્યાંથી સમખીયાલી, વિંધ થઈ પૂ. પંન્યાસજી મહારાજ શ્રી સુદિ ૧૪ ના ભચાઉ પધાર્યાં. શ્રી સંઘ તથા પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય કનકસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી કિરણવિજયજી આદિ મુનિવરો સામે આવેલ. અત્રે બિરાજતા પૂ. પાદ આચાર્યદેવશ્રીનાં વંદન કર્યાં. વ્યાખ્યાનો તથા જાહેર વ્યાખ્યાનો થયાં. જૈન-જૈનેતર ભાઈઓની વધુ સ્થિરતા માટે અતિશય વિનંતિ હતી. રોકાણ થઈ શકે તેમ ન હોવાથી વદિ ૩ ના વિહાર કરી સિકા પધાર્યાં. આમરડી, ધમડકા, દુધઈ, ટપર થઈ પૂ. મહારાજ શ્રી, વદિ ૭ ના સવારે અંજાર પધાર્યાં. વિહાર દરમ્યાન દરેક ગામોમાં વ્યાખ્યાન પ્રભાવના ઈત્યાદિ થયેલ. અંજારમાં દરરોજ વ્યાખ્યાનો થતાં. ગાંધીધામનો સંઘ ચાતુર્માસની વિનંતિ માટે આવેલ. વદિ ૧૦ ના અંજારમાં જાહેરવ્યાખ્યાન થયેલ. તેઓશ્રી સાંજે વિહાર કરી, ખીરઈ, ભુવડ થઈ ભદ્રેશ્વરજી પધાર્યાં છે પ્ર. જેઠ વદિ ૦)) સુધી ત્યાં સ્થિરતા કરી, આગળ માંડવી તરફ વિહાર લંબાવવા ધારણા છે.

**વિદ્યાર્થીઓ માટે**-ઝઘડીઆ શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ તરફથી ભરૂચમાં કોલેજના જૈન વિદ્યાર્થીઓને રહેવા-જમવા વગેરેની સગવડ માટે ભરૂચમાં એક શાખા ખોલવામાં આવી છે. વિદ્યાર્થીઓ માટે ટર્મની ફી રૂ. બસો રાખવામાં આવી છે ભરૂચમાં આર્ટ તથા સાયન્સ કોલેજ ચાલુ છે. પોલીટીકનીકલની કોલેજના સીવીલ વિભાગ ચાલુ વર્ષે ચાલુ થવાના છે. દાખલ થવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ શાહ ચીમનલાલ છોટાલાલ પાલેજ (ભરૂચ) આ સીરનામે અરજી કરવી.

**પંચાંગમાં સુધારો**-સં. ૨૦૧૭ના પૂ. આ. શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી મ. ના ફોટાવાળા પંચાંગમાં પ્રેસ દોષથી બીજા જેઠ વદિ ૮ ના આદ્રા છપાયેલ છે તો તેના બદલે બીજા જેઠ શુદિ ૮ ના આદ્રા સમજવા.

**કોસેલાવ**-(રાજસ્થાન) પૂ આ. શ્રી જિનેન્દ્રસૂરિજી મહારાજ આદિની નિશ્રામાં તા. ૧૯-૬-૬૧ થી ૨૬-૬-૬૧ સુધીનો પ્રતિષ્ઠા મહોત્સવ ભારે ધામધૂમથી ઉજવાયો હતો. શેઠ વનાજી કેશાજી

તરફથી તૈયાર થયેલ શીખરબદ્ધ શ્રી મુનિસુવ્રતસ્વામિના નૂતન જિનમંદિરમાં અંજનશલાકા, પ્રતિષ્ઠા વગેરે ધામધૂમપૂર્વક થયેલ.

**લુણાવા** (મારવાડ)–ખાતે પૂ. ઉપાધ્યાયજી ધર્મ-વિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી પુણ્યોદય વિજયજી મહારાજ આદિની નિશ્રામાં શાહ પુખરાજ મનરૂપજી આદિ તરફથી શ્રી છોગીબાઇ શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરવા સાથે ગુરૂવારના રોજ સ્વર્ગ-વાસી થયેલ તે નિમિત્તે પ્ર. જેઠ શુ. ૬ થી ૧૩ સુધીનો અઠ્ઠાઇ મહોત્સવ તથા શ્રી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ. રોજ આંગી, પૂજા, ભાવના વગેરે સુંદર થયું હતું. જલયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. ૧૩ના સ્વામિવાત્સલ્ય થયું હતું.

**ડુવા**-(ધાનેરા) ખાતે પૂ. આ. શ્રી રામસૂરિજી મહારાજ આદિની નિશ્રામાં શ્રી પદ્મપ્રભજિનાલયમાં મૂળ નાયક સહિત સાત બિમ્બોની પ્રતિષ્ઠા કરવાનો મહોત્સવ પ્ર. જેઠ વ. ૬ થી શરૂ થયેલ છે. રોજ આંગી, પૂજા, ભાવના, રોશની, નવકારશી આદિ સારા પ્રમાણમાં થયું હતું. પ્ર. જેઠ વ. ૧૪ ના જલ-યાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. બીજા જેઠ શુ. ૩ ના મંગલ દિને ધામધૂમથી પ્રતિષ્ઠા થઇ હતી. પ્રતિષ્ઠા વિધિ માટે ખંભાતથી શાહ ચુનીલાલ છગનલાલ પોતાની મંડળી સાથે પધાર્યા હતા.

**મહેસાણા**–જૈન ધાર્મિક સેવા સંઘના નેતૃત્વ નીચે મહેસાણા પ્રાંતના આસીસ્ટંટ ન્યાયાધીશ શ્રી અમૃતલાલ કાલીદાસને વિદાયગિરિ આપવાનો એક સમારંભ તા. ૪-૬-૬૧ ના રોજ જૈન સેનેટેરીયમના શ્રી મેનાબાઇ હોલમાં બપોરના ત્રણ વાગે શેઠ બાબુ-લાલ મંગળદાસના પ્રમુખસ્થાને યોજવામાં આવેલ. વક્તાઓના શુભેચ્છા-દર્શક વક્તવ્યો બાદ પ્રમુખશ્રીના હસ્તે હારતોરાનો વિધિ થયો હતો. અલ્પાહારને ન્યાય આપ્યા બાદ સભા વિસર્જન થઈ હતી. તેઓશ્રી ભાવનગરના જજ તરીકે જતા હોઇ શ્રી અમૃતલાલ-ભાઇને સૌ સ્નેહિઓએ શુભેચ્છા પાઠવી હતી.

**કલાણા**–[ સિદ્ધપુર ] ખાતે પૂ. આ. શ્રી વિજય જમ્બૂસૂરિશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં પ્ર. જેઠ વદ. ૧૧ થી પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ થયો છે, રોજ આંગી, પૂજા, ભાવના, રોશની, વ્યાખ્યાન, પ્રભાવના વગેરે સારા પ્રમાણમાં થયું હતું. જલ-યાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો, બીજા જેઠ શુ. ૩ ના મંગલ મુહૂર્તે પ્રભુ પ્રતિષ્ઠા થઇ હતી. બપોરના અષ્ટોત્તરી સ્નાત્ર તથા નવકારશી કરવમાં આવેલ, ઉપજ સારા પ્રમાણમાં થઇ હતી. વિધિ કરાવનાર અમદાવાદથી ડૉ. ચંદુલાલ મગનલાલ રાજવૈદ્ય તથા શ્રી ચંદુલાલ મગનલાલ શાહ પધાર્યા હતા. એકંદર મહોત્સવ ઘણા ઉત્સાહ અને ઉદાર ભાવે ઉજવાયો હતો.

**શિલારોપણ વિધિ**–મુલુન્ડ ખાતે પુના જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી એક વિદ્યાપીઠ ભવન સ્થાપવાની વિચારણા ચાલી રહી છે. તેને માટે સંસ્થાએ બે હજાર વારનો એક પ્લોટ સ્ટેશન અને જૈન દહેરાસરની ખુબ જ નજીક લીધો છે. ભવનની શીલારોપણ વિધિ મોટા આસંબીયા (કચ્છ) નિવાસી (હાલ કુર્લા) શેઠશ્રી દામજીભાઇ કેશવજી શાહના શુભ હસ્તે તા. ૧૨-૫-૬૧ના શુભદિને વિશાળ હાજરીમાં ખુબ ઉત્સાહ સાથે થઇ હતી.

**વિદ્યાપીઠની પરીક્ષાઓ**:-અખીલ ભારતીય જૈન સમાજની શિક્ષણ સંસ્થા શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ પુના તરફથી જૈનદર્શનની છ ધાર્મિક પરીક્ષાઓ જુદાજુદા કેન્દ્રોમાં તા. ૨૯-૩૦ જુલાઇ ૧૯૬૧ના દિને લેવાશે, તો પરીક્ષાર્થીઓએ ઉમેદવારી પત્રો તા. ૨૨ જુન ૧૯૬૧ સુધીમાં મોકલી આપવાં. બોર્ડીંગ કોલેજ આદિના વિદ્યાર્થીઓની સગવડતા ખાતર સપ્લીમેન્ટરી પરીક્ષાઓ તા. ૧૨-૧૩ ઓગષ્ટ ૧૯૬૧ના લેવાશે વિશેષ જાણકારી માટે જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ ૨૧૫-૧૬ બુધવાર પેંઠ પુના-૨

**વડીદીક્ષા**–રાણપુર ખાતે પૂ. ઉપાધ્યાયજી મોતી-વિજયજી મહારાજ આદિની નિશ્રામાં વૈશાખ વદિ ૧૩ ના રોજ સાધ્વી શ્રી જિનેંદ્રશ્રીજીના પ્રશિષ્યા સાધ્વીશ્રી ચંદ્રપૂર્ણાશ્રીજીની વડીદીક્ષા ધામધૂમથી થઇ હતી. પ્રભાવના થયેલ. પૂ. ઉપાધ્યાયજી વિહાર કરી ચુડા, સુરેન્દ્રનગર, વગેરે સ્થળોએ થઇને ધ્રાંગધ્રા બીજા

જેઠ શુદમાં ચાતુર્માસ માટે પધારશે.

**છાત્રવૃત્તિ**–અજમેર શ્રી જિનદત્તસૂરિજી મંડલ દાદાવાડી સંચાલિત શ્રી મહાવીર ઋણકોષ તરફથી ઉચ્ચતર માધ્યમિક સ્કુલ, કોલેજ અથવા ટેકનીકલ સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સહાયતા મેળવવા માગતા હોય તેઓએ ૧-૭-૬૧ સુધીમાં ઉપરના સ્થળે અરજી કરવી. મર્યાદિત અરજીઓ ઉપર વિચારણા કરવાની છે તો એક રૂા. મોકલાવા સાથે અરજી કરવી.

**સંસ્કૃત શિક્ષા**–જૈન ઓશવાલ કન્યાઓ ઇન્ટરમિડિયેટ, બી. એ. અથવા એમ. એ. માં સંસ્કૃત તેમજ એમ. એ જૈનદર્શન લેવાની ઇચ્છા ધરાવતી હોય તે કન્યાઓને શ્રી જિનદત્તસૂરિ મંડળ અજમેર દ્વારા છાત્રવૃત્તિ મળશે તો તા. ૧-૭-૬૧ સુધીમાં એક રૂા. સાથે અરજી કરવી.

**મહેસાણા**–શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના ૨૭ વિદ્યાર્થીઓ રાજનગર ઇનામી ધાર્મિક પરીક્ષામાં બેઠેલા જેમાંથી ૨૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થઇ ઉચ્ચ નંબરે પાસ થનાર વિદ્યાર્થીઓને રૂા. ૧૭૪નાં ઇનામો મળ્યાં છે. વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા વૈશાખ વદમાં જુદા જુદા વિદ્વાન પરીક્ષકો મારફત લેવડાવવામાં આવી હતી. શ્રી સિદ્ધ હેમ વ્યાકરણની પરીક્ષા પૂ. મુનિરાજ શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજે લેતાં પરિણામ સંતોષકારક આવ્યું હતું.

સંસ્થા તરફથી પરીક્ષક શ્રી કાંતિલાલ ભાઇચંદ મહેતા તા. ૯-૬-૬૧ ના રોજ પરીક્ષા લેવા અંગે દક્ષિણ ગુજરાતના પ્રવાસે ગયા છે.

**કાળધર્મ પામ્યા**–પંન્યાસજી રવિવિજયજી મહારાજ ડહેલાવાળા પ્ર. જેઠ શુ. ૭ના રાત્રે બાર વાગે પાટણ ખેતરવસી જૈનઉપાશ્રયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા. ચુમાલીસ વર્ષનો દીક્ષાપર્યાય હતો. અંત સમયે છેલ્લા દિવસોમાં પૂ. આ. શ્રી રામસૂરિજી મહારાજ આદિ સકળસંઘે સુંદર આરાધના કરાવી હતી. કાળધર્મના ફોનથી સમાચાર મળતાં કુવાલા, ચાણસ્મા, અમદાવાદ વગેરે ગામોના આગેવાનો આવી પહોંચ્યા હતા અને સ્મશાન યાત્રા ભવ્ય નીકળી હતી.

**ભાવનગર**–જૈન શ્વે. મૂ. સંઘની સં. ૨૦૧૭ પ્ર. જેઠ શુ. ૫ને શુક્રવારના રાત્રિના સમયે મીટીંગ મળી હતી અને જાણીતા સાહિત્યકાર શ્રી ભીમજીભાઇ હરજીવનદાસ-સુશીલ પ્ર. જેઠ શુ. ૧ ના સ્વર્ગસ્થ થયા હતા તે નિમિત્તે દીલગિરિનો ઠરાવ થયો હતો. સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી હતી. ભાવનગર સંઘના સભ્ય શેઠ શ્રી દુર્લભદાસ નાનચંદ મોતીવાળા વૈશાખ વદિ ૪ ના સ્વર્ગસ્થ થતાં મળેલ સંઘની સભાએ દીલગીરી વ્યક્ત કરવા સાથે તેમના આત્માની શાંતિ ઇચ્છી હતી.

**પુસ્તક પ્રકાશન**–જૈન શાસ્ત્ર લેખન પ્રચાર સમિતિ-પનવેલ મારફત, 'જૈનધર્મદર્શન તૈયાર થાય છે. જેની કિંમત રૂા. ૮ અને 'મહાવીર ચરિત્ર' બાળકોને માટે ૬૦ ચિત્રો સાથે તૈયાર થાય છે.

**મોટીવાવડી**–(સૌરાષ્ટ્ર) પંન્યાસજી ભુવનવિજયજી મહારાજ અત્રે પાલીતાણાથી વિહાર કરીને પધાર્યા હતા. વૈશાખ શુ. ૧૩ના પૂજા, ભાવના રોશની, આંગી વગેરે થયું હતું અને શીખંડ, પુરીનું સ્વામિવાત્સલ્ય થયું હતું. વૈ. શુ. ૧૪ના સવા લાખ નવકાર મંત્રનો જાપ કરાવવામાં આવેલ. આખાય શુભપ્રસંગમાં શ્રી વાડીલાલભાઇ તથા શ્રી નગીનદાસ જશરાજ શાહે સારી વ્યવસ્થા જાળવી હતી.

**બીનોલી**–(સરધના) ખાતે પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં પૂ. આત્મારામજી મહારાજની જેઠ શુદિ આઠમના ભારે ધામ ધૂમ પૂર્વક સ્વર્ગારોહણ તિથિ ઉજવવામાં આવી હતી. ત્રણ દિવસનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. રોજ વ્યાખ્યાન, પૂજા, ભાવના, વરઘોડો વગેરે સારા પ્રમાણમાં થયું હતું. આજુ બાજુના ગામોમાંથી સેંકડો માણસો આવ્યાં હતાં. અનેક ગામોની ચાતુર્માસ માટે વિનંતિઓ હતી. બડોત ચાતુર્માસ થવાની સંભવના છે. બીજા જેઠ શુ. ૧૧ ના શ્રી શાંતિનાથ ભ. ની પ્રતિષ્ઠા અને એક સાધ્વીજી

મહારાજની વડી દીક્ષા થવાની છે. પત્ર વ્યવહાર જૈન મંદિર ૭. મેરઠ મુ.-બડૌત (યુ. પી.)

**શીનોર**-પૂ. મુનિરાજ શ્રી ચંદ્રવિજયજી મહારાજ આદિની નિશ્રામાં વૈશાખ શુ. ૧૩ થી વૈ વ. ૫ સુધી નો મહોત્સવ ઉજવવામાં આવેલ. આઠે દિવસ પૂજા, ભાવના, રોશની, આંગી, પ્રભાવના અને બહારગામથી પધારેલ સાધર્મિક ભાઇઓ માટે બન્ને ટંકનું સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ. આ મહોત્સવ દરમીયાન વૈ-શુ. ૧૫ ના શુભ દિને જિનાલયના ભોંયરામાં બિરાજમાન ૫૨ ઈંચના શ્રી આદીશ્વર ભ. ને લેપ કરાવેલ હોવાથી શ્રી સંઘ તરફથી અઢાર અભિષેક કરાવવામાં આવેલ. વૈ. વ. ૫ ના દિવસે શ્રી શાંતિસ્નાત્ર હોવાથી શેઠ રતિલાલ જેકશુ-દાસ તરફથી તે દિવસે નવકારશી થઇ હતી. પૂ. મહારાજશ્રીને ચાતુર્માસ માટેની આગ્રહભરી વિનંતિ થતાં ચાતુર્માસનું નક્કી થયું છે.

**શાંતાક્રુઝ**- [મુંબઇ] અત્રેના જિનમંદિરનો રંગમંડપ હજારોના ખર્ચે નવો કરાવવામાં આવેલ તેના મંગળ ઉદ્ઘાટન નિમિત્તે શ્રી સંઘ તરફથી ભવ્ય મહોત્સવ ઉજવવાનું નક્કી થતાં તે શુભ પ્રસંગ પર પૂ. આ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. પંન્યાસજી કીર્તિવિજયજી મહારાજ આદિને પધારવા માટે વિનતિ થતાં પધાર્યા હતા. વૈ. શુ ૧૪ ના શેઠ વાડીલાલ આર. શાહના હસ્તે ઉદ્ઘાટન વિધી થઇ હતી. અને તે દિવસથી અઠ્ઠાઈ મહોત્સવનો પ્રારંભ થયો હતો. શ્રી શાંતિલાલ શાહ વગેરે સંગીતકારો પૂજા-ભાવનામાં આવવાથી રંગત સારી જામી હતી. વદિ ૬ ના ધ્વજદંડારોપણ તથા શ્રી શાંતિસ્નાત્ર શેઠ પ્રાગજીભાઇ ઝવેરચંદ તરફથી ભણાવવામાં આવેલ. છેલ્લે લાડુની પ્રભાવના થઇ હતી. દહેરાસરની ટીપમાં રૂા. અઢાર હજાર ભરાઇ ગયા હતા.

**આભાર**-(નૈરોબી) વસતા આપણા ભાઈ-બ્હેનોમાં શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ સંસ્થા પાલીતાણા માટે શક્ય તેટલો પ્રયાસ કરી શ્રી દેવસીભાઇ જીવરાજ શાહ તથા શ્રીમતિ અમૃતકુંવરબેને જે સુંદર ફાળો એકઠો કરીને મોકલી આપ્યો છે તે બદલ નૈરોબીમાં વસતા આપણા વીશા ઓશવાલ જૈન ભાઇ-બ્હેનોને તથા શ્રી દેવસીભાઇ તથા અમૃતકુંવર-બેનનો આ સંસ્થાના કાર્યકરો લાગણીપૂર્વક આભાર માને છે. આ સ્ત્રી શિક્ષણની એક માત્ર સંસ્થાને સહકાર આપી સ્વામી ભક્તિનો લાભ લેતા રહો અને આપણી બ્હેનો આ સંસ્થાનો વધુ લાભ ઉઠાવે એવી અમે આપની પાસે અપેક્ષા રાખીએ છીએ, વિશાળ મકાન બાંધવા માટે વિશાળ જગ્યાનો એક પ્લોટ શહેરની નજીક ખરીદવામાં આવેલ છે. નજીક-ના સમયમાં સુંદર અને ભવ્ય મકાન બાંધવાનું છે. સંસ્થાના પુનરોદ્ધારના કાર્યમાં આફ્રિકા વસતા દરેક ભાઈ-બ્હેનના સહકારની અમને જરૂર છે તો સ્ત્રી શિક્ષણ સંસ્થાને બને તેટલો વધુ સહકાર આપી અમારા કાર્યમાં વેગ આપશો, આફ્રિકામાંથી અત્રે પધારો ત્યારે જરૂરથી સંસ્થામાં પધારવાનું રાખશો. સંસ્થાની કાર્યવાહિ જોઇને જરૂરથી આપને આત્મ સંતોષ થશે. આપનાં સહકાર બદલ ફરી એકવાર આ સંસ્થા આપનો આભાર માને છે.

**પરબડીના વહીવટદારોને**-મુંગા પક્ષીઓના દાણા માટે પુણ્યાત્માઓ રકમ આપી ગયા હોય છે પણ આજે જડવાદના પવનથી કેટલાક વહીવટદારો અને ચેરીટી કમિશ્નર તેને ચેરીટી ગણી તેની વધારાની રકમ કેળવણીમાં લઇ જવા માટે કોર્ટે જાય છે. તેની સામે જૈન સંસ્કૃતિ રક્ષક સભા લડત ચલાવી તે ઉદ્દેશની રકમો તેમાં જ ખરચાવવા પ્રયાસ કરે છે, અમદાવાદ ડી. કોર્ટે એક પરબડીની વધારાની રકમ રૂા. ૬૫૦૦, લગભગની છે તે રકમ માટે જે જે પરબડીઓના ટ્રસ્ટોને જરૂર હોય, તોટો પડતો હોય, તેમની માંગણી રજુ કરવાનું ફરમાવેલું છે માટે જ્યાં જ્યાં પંખીઓને દાણાં નાંખવાની પરબડીઓના ટ્રસ્ટમાં જરૂર હોય તેમણે આ સીરનામે લખવું. શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભા ઠે. દાલીયા બિલ્ડીંગ એલીસબ્રીજ અમદાવાદ-૬.

**કોનનગર**-પૂ. આ. શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં સ્વર્ગીય પૂ. આનંદસાગરસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહતિથિ

વૈશાખ વદિ ૫ ના રોજ શ્રી મનુભાઇ મોહનલાલના ઘર દહેરાસરમાં અંતરાયકર્મની પૂજા ભણાવવામાં આવી હતી. પૂજા કલકત્તાવાળા ભાઇઓએ સુંદર ભણાવી હતી. પધારેલા ભાઈઓની ભક્તિ શ્રી મનુભાઇ તરફથી કરવામાં આવી હતી.

**મક્ષીજી**-(મ. પ્ર.) અત્રે ચાલતી જૈન પાઠશાળાની વાર્ષિક પરીક્ષા ઇન્દોરના માસ્તર શ્રી શાંતિલાલ પી. વોરાએ લીધી હતી. પરિણામ સંતોષકારક આવ્યું હતું. વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦ ની છે. એ દિવસે વિદ્યાર્થીઓને શ્રી માંગીલાલજી મંત્રી તરફથી ઇનામો વહેંચાયા હતાં.

**ચોટાડવાનો ગુંદર**-વનસ્પતિ ગુંદર મોંઘો પડે છે તેથી ઘણી જગ્યાએ ગ્લુ વપરાય છે. જે જીલેટીનનું અશુદ્ધ સ્વરૂપ છે. અને હાડકાં, ચામડાં, ખરી, શીંગડાં, માંછલાનાં ભીંગડા વગેરે નકામી ચીજો ઉકાળીને તેમાંથી કાઢવામાં આવે છે. [અખંડ-આનંદ]

**દાવણગીરી** (મહેસુર) પૂ. પંન્યાસજી યશોભદ્રવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ સુશીલ વિજયજી મ. તથા મુનિરાજશ્રી જગતચંદ્રવિજયજી આદિ ઠાણા બે ચાતુર્માસાર્થે પધારેલ છે. તેઓશ્રીના સદુપદેશથી શાંતિસ્નાત્ર તથા અઠ્ઠાઇ મહોત્સવ તથા જુદીજુદી વ્યક્તિઓ તરફથી ૬ નવકારશીઓ થઈ હતી, શ્રી સિદ્ધચક્ર મહાપૂજન શાહ ગેનમલજી ફુલચંદજી તરફથી થયું હતું. વિધિ માટે અમદાવાદથી શાહ ચુનીભાઈ લલ્લુભાઇ તથા બેંગલોરથી સંઘવીજી સાંકલચંદજી રતનચંદજી પધાર્યા હતા. શ્રી વર્ધમાન તપ આયંબિલ ખાતું તથા જૈન પાઠશાળા પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી ચાલુ થઈ છે.

**પૂ. સાધુ તથા સાધ્વીજી મ. માટે:** પૂ. પં. શ્રી ભાનુવિજય ગણિવર રચિત 'પરમતેજ' ગ્રંથ પૂ. સાધુ સાધ્વી મ. ને, બાઇ સમરથ જૈન. શ્વે. મૂર્તિપૂજક જ્ઞાનોદ્ધાર ફંડ (મનસુખભાઇની પોળ, અમદાવાદ) તરફથી ભેટ આપવામાં આવે છે તો જે સાધુ સાધ્વી મ. ને પોતાના અધ્યયન માટે જરૂર હોય તેમણે એક રૂપિયો અને ૪૨ નયા પૈસા પોસ્ટેજ ચાર્જ મોકલો નીચેના સરનામેથી મગાવી લેવો.

દિવ્યદર્શન કાર્યાલય.

કાળુશીની પોળ, અમદાવાદ:

તા. ક. ચોકસાઇ કરીને, ગ્રંથ સિલકમાં હશે ત્યાં સુધી મોકલાશે કોઇએ એક નકલથી વધારે માગણી ન કરવી.

**વાડાશીનોર**-પૂજ્ય મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ આદિ ઠા. ૩ ની નિશ્રામાં અમદાવાદ-અરૂણ સ્ટોર્સવાળા શા. વીરચંદ છોટાલાલના સુપુત્ર પ્રવિણચંદ્રના લગ્ન પ્રસંગે વૈશાખ સુદ ૧૪ થી શ્રી સિદ્ધચક્રબૃહત્પૂજન સાથે શ્રી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર મહોત્સવ શરૂ થયો હતો. સુદ ૧૪ ના કુંભસ્થાપન, વદ ૪ ના શ્રીસિદ્ધચક્રપૂજન, વદ ૫ ના જળયાત્રાનો વરઘોડો, વદ ૬ ના નવગ્રહાદિ પૂજન, અને વદ ૭ ના અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ભણાવાયું હતું. વદ ૪ અને વદ ૭ ના બે દિવસ સંઘનું સ્વામિવાત્સલ્ય હતું. જીવદયાની ટીપ સારી થઇ હતી.

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી નવા ઉપાશ્રય માટે ટીપ શરૂ કરવામાં આવી હતી. તેમાં મહોત્સવ વખતે બીજા બાર હજાર રૂપીયા નોંધાયા છે. કુલ ટીપ ચાલીસ હજાર થઇ છે ટીપ ચાલુ છે.

પૂજ્ય આચાર્યદેવની આજ્ઞાથી પૂજ્ય મુનિવરનું ચાતુર્માસ બોરસદ નક્કી થયેલ છે.

ગઢ **શીવાણા** પંન્યાસજી ચિદાનંદવિજયજી ગણિવર આદિનું ચાતુર્માસ સંઘની વિનંતિથી નક્કી થયું છે. બીજા જેઠ શુદિમાં પ્રવેશ થશે.

**શીવગંજ** પૂ. આ. શ્રી મહેન્દ્રસૂરિજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી આત્માનંદ જૈન પાઠશાળા અને જૈન કન્યાશાળાનો વાર્ષિક ઉત્સવ ઉજવવામાં આવેલ. આ પ્રસંગે બાલિકાઓને રૂા. ૪૨૫, નું ઇનામ વહેંચવામાં આવેલ. પૂ. આચાર્યશ્રીએ જ્ઞાન ઉપર બોધપ્રદ પ્રવચન કરેલ. જૈન કન્યાશાળાનો ૩ વર્ષનો ખર્ચ પુરો થતાં નવા ચાલુ વર્ષનો ખર્ચ શાહ છોગમલજી હંસરાજજી તરફથી આપવાની જાહેરાત થઇ છે. પૂ. આચાર્યશ્રીનું ચાતુર્માસ સાદડી થવા સંભવ છે.

**મલાડ**–દેવચંદનગરમાં શ્રી શાંતિનાથ જૈનસ્નાત્ર સેવક મંડળ દ્વારા ચૈત્ર માસની ઓળીની આરાધના સુંદર રીતે થઇ હતી. ક્રિયા સહિત તેમજ છૂટા આયંબિલ ૭૦૦ લગભગ થયાં હતાં. નવે દિવસ એક સદ્‌ગૃહસ્થ તરફથી પૂજા, આંગી, ભાવના વગેરે થયું હતું. અત્તરવાયણાં તથા પારણાં પણ થયેલ. શ્રી શાંતિનાથ જૈન પાઠશાળાના વિદ્યાર્થીઓને પણ જમણ અપાયું હતુ.

શ્રી શાંતિનાથ જૈનસ્નાત્ર મંડળની ચૂંટણી સર્વાનુમતે થઇ હતી. જેના પ્રમુખ તરીકે શ્રી. ડા. શાહ ચૂંટાઇ આવ્યા છે. મંડળને શીવણ ક્લાસ ખોલવા માટે અડપોદરાવાળા શેઠ કાલીદાસ દેવચંદ તરફથી રૂા. એક હજારનું વચન મળેલ છે. બેન્ડ વિભાગ માટે રૂા.૩૪૧, દે. જે. શાહ તરફથી મળેલ છે.

**પાલીતાણા**–પૂ. પંન્યાસજી મ. શ્રી પ્રવીણવિજયજી ગણિવર પૂ. પંન્યાસજી મ. શ્રી પદ્મવિજયજી ગણિવર તથા પૂ. પંન્યાસજી મ. શ્રી મહિમાવિજયજી ગણિ ઠાણા પાંચ શ્રી સિદ્ધગિરિજીની પવિત્ર છાયામાં બિરાજે છે. તેઓશ્રીની નિશ્રામાં આસનગામના શા. મોતીચંદ હેમચંદના સ્વ. પુત્ર બાબુભાઇના પુણ્યાર્થે અઠ્ઠાઈ મહોત્સવ ઠાઠપૂર્વક ઉજવાયો હતો.

પૂજ્ય મહારાજ શ્રીને પ્રથમ લીમડી સંઘનો ચાતુર્માસ માટે આગ્રહ હતો ત્યારબાદ જુનાગઢ, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, ધંધુકા, ગારીયાધર આદિ ગામોની પણ આગ્રહભરી વિનંતિ હતી. પરન્તુ તબીયત આદિના કારણે તેમ સત્તર વર્ષના લાંબા ગાળા બાદ અત્રે પધારેલ હોઇ પોતાના ગુરૂ દેવેશની આજ્ઞાથી શ્રી સિદ્ધગિરિજીની પવિત્ર છાયામાં આરીસા ભુવનમાં ચાતુર્માસ કરશે.

અને પૂ. પંન્યાસજી મ. શ્રી ભક્તિવિજયજી ગણિવર આદિ ઠાણા તથા પૂ. મુનિરાજ શ્રી સુબોધવિજયજી મ. ઠાણા બે પણ અત્રે ચાતુર્માસ બીરાજમાન છે.

**વડોદરા**–તપસ્વી શ્રી દયામુનિ મહારાજ શ્રીને ૯૨ મી ઓળી ચાલે છે. મામાની પોળ જૈનસંઘના આગ્રહથી ચોમાસું નક્કી થયું છે. બીજા જેઠ શુદિમાં પ્રાયે પ્રવેશ થશે.

**ઊંઢાઈ જૈનસંઘ**–મુંબઇ શાખા તરફથી વર્ષગાંઠ નિમિત્તે પૂ. પંન્યાસજી રંજનવિજયજી મહારાજની અધ્યક્ષતામાં ઉજવાયો હતો. શ્રી ત્રિકમલાલ ડાહ્યાલાલ વખારીયાના હસ્તે મુંબઇમાં વસતા ઉંઢાઇના ભાઇ બ્હેનોને મખમલના બટવાઓની પ્રભાવના થઇ હતી. શ્રી ડાહ્યાભાઇ વી. શાહના કાર્યની પ્રશંસા થઇ હતી. તેમજ શ્રી કાંતિલાલ, મ. શાહ, શ્રી બાબુલાલ મ. શાહ શ્રી વંસતલાલ હ. શાહ તથા શ્રી અમૃતલાલ ભા. શાહ વગેરેના સહકાર માટે આભાર મનાયો હતો.

★


આપને જોઈતી પ્લાસ્ટીક–પોલીથીન બેગ્સ, ટયુબ્સ, કેરીયર્સ વગેરે વ્યાજબી ભાવે

**કયાંથી મેળવશો ?**

**પધારો !**

**મેટ્રો પોલીથીન બેગ્સ વકર્સ**

**૨૨–૨૪ અનંતવાડી ૧લે માળે રૂમ નં. ૨૨ મુંબઈ–૨**

તા. ક. :—ઉપરના માલ પર પ્રીન્ટીંગ પણ કરી આપવામાં આવે છે. બહાર ગામના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન અપાય છે.

**ગ્રાહકોને સંતોષ આપવો એ અમારૂં કામ છે.**

# શેઠ શ્રી નાનજીભાઈ કાલીદાસ ઉપરનો એક પત્રઃ

શેઠ શ્રી નાનજીભાઇ કાલીદાસ મહેતાના નામથી અને તેમના દાનથી સૌ કોઇ પરિચિત છે. શિક્ષણની સંસ્થાઓ ચલાવવા જેઓએ લાખો રૂ. નું દાન કર્યું છે પણ તેમણે જોયું કે આ દાન પાછળ જે શુભ હેતુ છે તે સિધ્ધ થતો નથી બલ્કે સંસ્થામાં રહી ભણતા વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓ શિસ્ત, સંસ્કાર અને સંસ્કૃતિને વફાદાર રહેવા જોઇએ એના બદલે મોજશોખ, એશ–આરામ, ખાવું-પીવું, હરવું–ફરવું, સીનેમા–નાટક જોવાં વગેરેથી જીવન સ્વચ્છંદી આચાર, વિચાર, અને વર્તનથી અવનત બનાવે છે એટલે દુભાતા હૃદયે તેમણે સંસ્થાઓને તાળું મારવાનો નિર્ણય કર્યો. આ પગલું ભરવા પાછળ તેમનો શુભ હેતુ છે, દાતાઓને અનુકરણીય છે. સમાજમાં અનેક નાની–મોટી શિક્ષણ સંસ્થાઓ દાનથી ચાલે છે, તો તે દાનનો હેતુ જળવાય છે કે નહિ તે દાતાઓએ જોવાની ફરજ છે. શેઠશ્રીએ જે પગલું ભર્યું છે તેના અનુમોદન રૂપે રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશીભાઇના સુપુત્ર શ્રી ચંદ્રકાંતભાઇએ જે પત્ર લખેલ તે પત્ર 'કલ્યાણ' ના વાંચકોની જાણ ખાતર અહિં રજુ કરીએ છીએ.

રા. રા. શ્રીમાન રાજરત્ન શેઠ શ્રી.

**રા. રા. નાનજીભાઈ કાલીદાસ મહેતા.**

શ્રી પોરબંદર

સવિનય જયજીનેદ્ર.

વિ. વિ. પોરબંદરની આપની મહિલા કોલેજ તથા ચોકીમાં સ્થાપેલ ગુરૂકુલ છાત્રાલય હાઇસ્કુલમાં આપે જાતે રસ લઇ તે સંસ્થાના લક્ષને લુંટાતુ નિહાળી આપે જે હિંમતભર્યું પગલું લઇ સમાજની તથા વિદ્યાર્થી વર્ગની આંખો ઉઘાડવા પ્રયાસ કર્યો છે. તે ખરેખર અદ્ભુત અને પ્રશંસનીય છે.

આવા Radical change લાવવા માટે આવા હિંમતભર્યા પ્રયાસ સિવાય તેમાં કોઈ પણ રીતે સુધારો આવવો અગર લાવવો લગભગ અશકય હતો.

કેલવણીના ક્ષેત્રે આપનો રસ, પરિશ્રમ, અને દાનથી સમાજ અને દેશ ખુબ પરિચિત છે. આપનું ધ્યેય અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન સૂઈ ગએલી આર્ય સંસ્કૃતિને સજીવન કરી ફરી વહેવડાવવાનો હતો. તેમાં કિર્તીદાનની કાંઈ અપેક્ષા ન હતી, અને તેથી જ જ્યારે આપે સંસ્કૃતિ અને સંસ્કાર પરત્વે થતી અશાતના અને બેદરકારી જોઈ ત્યારે તે સડતા દર્દને જેમ સરજન ડોકટર કાપી નાખે તેમ કાપી નાખવાની જે હિંમત બતાવી તે દાન કરતાં પણ વધારે પ્રશંસા અને ધન્યવાદને પાત્ર બની રહે છે.

કેલવણીની સંસ્થા ખોલી તેમાં દાન આપી આપ સમાજની સેવા કરી રહ્યા છો. તેનાં કરતા પણ વધારે સારી સેવાનો, આર્યસંસ્કૃતિ અને આર્ય સંસ્કારને બચાવી લેવાની આપે જે નૈતિક હિંમત બતાવી છે, તેમાં આપે પહેલ કરી છે, તેને માટે આપને ધન્યવાદ ઘટે છે.

આપનું drastic પગલું લેતાં અજ્ઞાની અને અસંસ્કારી વાતાવરણ અને સમાજમાં સખ્ત ઢીલ થએ તેવા કોઇપણ ભયની દરકાર કે ડર રાખ્યા સિવાય માત્ર સંસ્કૃતિને અને સમાજને ફરી જાગૃત કરવા જે પ્રબળ પ્રયાસ આપે કર્યો છે તેથી સમાજ ને વિદ્યાર્થી આલમની આંખ જરૂર ખુલશે. અને દરેક ક્ષેત્રે કરેલા દાનના દાતાઓ આપના જેટલી હિંમત કેળવી આપના

પગલે ભંડાર પડશે તો તેઓ પણ પોતાની સંસ્થા, સમાજ અને સંસ્કૃતિની ઉન્નત સેવા કરી શકશે.

દરેક સમાજમાં અનેક દાતાઓએ અનેક સંસ્થાઓની રચના કરી છે અને અનેક દાનો પણ આપ્યા છે. પણ ત્યાર પછીની પરિસ્થિતિનો સતત્ ખ્યાલ કરી ઉદ્દેશ વેડફાઈ જતો જોવાની દરકાર અને તેને અનુલક્ષીને પગલાં લેનારાઓ હજુ જોવા મળેલ નથી.

આપે જે પગલું લીધું છે, તે દાતાઓને દાખલારૂપ બનશે. અને તેથી સમાજની અનન્ય સેવા થશે.

પ્રભુ સૌને સદ્બુદ્ધિ આપે.

તાઃ ૫-૬-૬૧ શ્રી ચંદ્રકાંત જે. દલાલ
જામનગર

હિંમતપૂર્વક પ્રબળ પુરૂષાર્થ કરી અઢળક ધન મેળવવા માટે

ન્યુયોર્ક રૂ બજારનો અદ્દભુત દ્રવ્ય ગ્રંથ

## " મહાલક્ષ્મી ભેટ "

આપને માટે આ પુસ્તક 'મહાલક્ષ્મી' એટલે સાક્ષાત લક્ષ્મીદેવીની કૃપા અને ભાગ્યદેવીની વિજયવંતી વરમાળ પુરવાર થશે. રશીયાએ શોધેલા સ્પુટનીક કે લ્યુનીક અને અમેરીકાના આંતર ખંડીય રોકેટો કરતાં સામાન્ય માનવીના જીવન માટે આ પુસ્તકનું મહત્વ વધુ છે જેમની પાસે મુડી નથી. લાગવગ નથી. કોઇ ડીગ્રી નથી અને આર્થિક વીપદાઓથી જેઓ ઘેરાયેલા છે, છતાં સમાજમાં ઇજ્જતભેર જીવવા ઇચ્છે છે, તેમને માટે આ પુસ્તક એક ઉમદા ઉકેલ છે, ધનનો ખજાનો ખોલવાની ચાવી રૂપ છે. ૧૯૩૩ થી બીલકુલ રાઇટ બાર માસની ડાયરી સાથે ભેટ મેળવવા તુરત લખો.

મહાલક્ષ્મી ફોરકાસ્ટીંગ સરવીસ
ગુંદિઆળી-કચ્છ

## નવા સભ્યો અને સહકાર

રૂા. ૧૧. શ્રી ભૂરમલ મોતીજી પોરવાલ ભારૂદી
રૂા. ૧૧ શ્રી નરસીંગજી ડુંગાજીની કું. મુંબઇ-૪
રૂા. ૧૧, શ્રી અમૃતલાલ નાનચંદ દલાલ સુરેન્દ્રનગર શ્રી ચંપકલાલ ચુનીલાલ શાહની શુભ પ્રેરણાથી.
રૂા. ૧૧, શ્રી શાંતિલાલ ભોગીલાલ મુંબઈ-૨ પૂ. ઉપાધ્યાયજી જયંતવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.
રૂા. ૧૧, શ્રી મણિલાલ પુરસોત્તમ મહેતા શ્રી ખીમજી દેવાની શુભ પ્રેરણાથી.

પૂ. પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી ચંદ્રપ્રભવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી થયેલા સભ્યોનાં શુભ નામો.

રૂા. ૧૧, સંઘવી જીવરાજ હિરાચંદ-જૈન સંઘ ભંગી
રૂા. ૧૧, ખંડોર હરજીભાઇ પરસોતમદાસ વોંઢ
રૂા. ૧૧, ખંડોર મનસુખભાઇ અમુલખ ભચાઉ
રૂા. ૧૧, શ્રી વિજય મેડીકલ સ્ટોર્સ-મુંબઇ શ્રી વેલજીભાઇ મેઘજીની શુભ પ્રેરણાથી.
રૂા. ૧૧, શ્રી મહાલક્ષ્મી રીબન મેન્યુ. ઠુમકુર
રૂા. ૧૧, શ્રી ખીમજીભાઇ વેરશી મુંબઇ
રૂા. ૧૧, શ્રી જૈન યુવક મંડળ ભીમાસર ભુટકીયા
રૂા. ૧૧, શ્રી શામજીભાઇ લખમશી મુંબઇ શ્રી વેલજી મેઘજી ગુઢકાની શુભ પ્રેરણાથી.

## જૈન દહેરાસર માટે જરૂરી

અમો ચક્ષુટીકા, આંગીયા, શ્રીવત્સ, બપૈયા વગેરે બનાવી આપીએ છીએ. તેમજ જુના રીપેર કરીએ છીએ. મળો યા લખો

રમણલાલ નાથાલાલ
(નાથાલાલ કેવળદાસ ચક્ષુટીકાવાળા)
ડોશીવાડાની પોળ—અમદાવાદ

## વાચકોને તથા લેખકોને

'કલ્યાણ' માં દર અંકે પ્રસિદ્ધ થતી બે સળંગ કથાઓ ગતાંકમાં પૂર્ણ થઇ છે. 'કલ્યાણ' પ્રત્યેની મમતાથી તથા આત્મીયતાથી પ્રેરાઇને આલેખાતી 'રામાયણની રત્નપ્રભા' ઐતિહાસિક વાર્તા જે સુપ્રસિદ્ધ લેખક તથા ચિંતક શ્રી 'પ્રિયદર્શન'ની રસમય ઓજસ્વી શૈલીમાં ચાલુ છે. જેના પ્રત્યે 'કલ્યાણ' ના હજારો વાંચકોનું દિલ આકર્ષાયું છે, માટે અમે ગૌરવ લઇએ છીએ.

મહાગુજરાતના સુપ્રસિદ્ધ સાક્ષર તથા ઐતિહાસિક વાર્તા લેખક વૈદરાજ શ્રી મોહનભાઇ ધામીની 'સંસાર ચાલ્યો જાય છે' કથા છેલ્લા લગભગ બે વર્ષથી રસમય શૈલીમાં ચાલુ હતી, જેણે 'કલ્યાણ' ના હજારો વાચકોનાં હૈયાને આકર્ષ્યાં હતાં. તે કથા ગતાંકમાં પૂર્ણ થઈ છે. આગામી અંકથી ભાઈ ધામી પોતાની સિદ્ધહસ્તકલમે નવી ઐતિહાસિક વાર્તા રસભરી શૈલીયે રજુ કરતા રહેશે. જે વાંચતાં તમો અનેરા આનંદમાં ગરકાવ થઇ જશો. જે બોધક, તથા અનેક રીતે પ્રેરક બનશે.

તદુપરાંત: 'કલ્યાણ' માં દર અંકે એક ટુંકી કથા એક જ અંકમાં પૂરી થાય તેવી રસમય, બોધક અને સત્વભરી પ્રસિદ્ધ થશે. અને આ સિવાય 'કલ્યાણ' ના અનેક ઉપયોગી વિભાગો, નવા–નવા વિવિધ વિષયસ્પર્શી લેખો, પ્રવાસ, ચિંતન અને મનનોપયોગી જીવનસાથી બની રહે તેવું સાહિત્ય પીરસાતું રહેશે.

'કલ્યાણ' ના વાચકોને અમારો આગ્રહ છે કે, 'કલ્યાણ' નો વધુ ને વધુ પ્રચાર સમાજમાં થાય તે માટે આપ સર્વ શકય કરશો, 'કલ્યાણ દ્વારા નિઃસ્વાર્થ ભાવે આધ્યાત્મિક સંસ્કૃતિનો અમરસંદેશ ઘેર ઘેર ફેલાતો કરવા સિવાય અમારી કોઇ નેમ નથી. તો આપ અમારા પ્રયત્નમાં અમને જરૂર સહકાર આપશો.

લેખકોને જણાવવાનું કે કલ્યાણ પ્રત્યેના આત્મીય ભાવથી આપ જે કાંઇ લખાણો મોકલો છો તેને સુયોગ્ય રીતે સંપાદિત કરીને જરૂર 'કલ્યાણ' ના ઉદ્દેશને અનુરૂપ તે તે લખાણોને 'કલ્યાણ' માં આપવા અમે શકય બધું કરીશું. 'કલ્યાણ' માં તીર્થયાત્રા, પ્રવાસવર્ણનો, ન્હાની પણ બોધક, પ્રેરક અને મુખ્યત્વે ઐતિહાસિક, જીવનનાં મંગલમય તત્વોની ઉદ્‌બોધક ફુલ્સકેપ પાંચ પેજથી વધારે નહિ તેવી વાર્તા એક બાજુયે સુવાચ્ય-શૈલીમાં લખાયેલી અમારા પર મોકલાવી આપશો. સારી વાર્તા માટે અવસરે 'કલ્યાણ' પારિતોષિક આપવાની વ્યવસ્થા કરશે.

વાચકો તથા લેખકો; શુભેચ્છકો તથા 'કલ્યાણ' ના આપ્તો સર્વ કોઈ 'કલ્યાણ'ના વિકાસમાં અમને સહાયક બનો! અને અમને માર્ગદર્શન આપતા રહો!